RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


Date:- 15-09-2026 | VOL : 12 | Issue : 180 | Page : 8 | Price : 1.00/-


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

પોતાની જાત સાથે સ્પર્ધા કરો. સફળતા ધીમે ધીમે મળે છે, પરંતુ ચોક્કસ મળે છે.

3  વરસતા વરસાદમાં પણ શિક્ષકોનો હુંકાર:સત્યાગ્રહ છાવણી ખાતે HTAT મુખ્ય...

4  અધ્યાય 11માં અહંકાર તૂટ્યો, અધ્યાય 12માં હૃદય જોડાયું – ભક્તિ યોગનો...

6  10 કરોડની એલિમનીની અફવા વચ્ચે આકાંક્ષા ચમોલાએ કર્યો મોટો ખુલાસો

7  રોહિતને કારણે અગરકરનું ટીમ ઇન્ડિયામાં ભવિષ્ય...

## એક નજર...

### સ્ટ્રેપલેસ શોર્ટ ડ્રેસમાં ગ્લેરમસ લાગી માલતી ચહર



માલતી ચહરનો આ સ્ટાઈલિશ લુક સોશિયલ મીડિયા પર ચર્ચામાં છે. પ્રિન્ટેડ ડ્રેસ, સનગ્લાસ અને ખુલ્લા વાળમાં તેમનો ગ્લેમરસ અંદાજ જોવા મળી રહ્યો છે. તેમની સોશિયલ મીડિયા પ્રોફાઈલ પર ફેશન, ફોટોશૂટ અને લાઈફસ્ટાઈલ સાથે જોડાયેલી તસવીરો જોવા મળે છે અને હાલમાં તેમના Instagram પર લગભગ 20 લાખ ફોલોઅર્સ છે.

## NEWS TRACK

### જે AI જીતશે, તે દુનિયા જીતશે: એક્સપર્ટ્સની ભયાનક ચેતવણીઓ વચ્ચે ડોનાલ્ડ ટ્રમ્પનું આક્રમક વલણ

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના અનિયંત્રિત વિકાસ અને તેના સંભવિત વિનાશક જોખમો અંગે ટેક નિષ્ણાતોની ગંભીર ચેતવણીઓ વચ્ચે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ તમામ આશંકાઓને ફગાવી દીધી છે. આયર્લેન્ડની મુલાકાત દરમિયાન ટ્રમ્પે જણાવ્યું હતું કે, કેટલીક 'નકારાત્મક શક્તિઓ' એવા કાલ્પનિક ભય ઊભા કરી રહી છે જે ક્યારેય વાસ્તવિકતા બનવાના નથી. તેમણે ચીન સામે ટેકનોલોજીકલ પ્રભુત્વ જાળવી રાખવા પર ભાર મૂકતાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું: 'અમે AI ક્ષેત્રે ચીન કરતાં આગળ છીએ અને હું તેને એ જ સ્થિતિમાં રાખવા માંગુ છું, કારણ કે આખરે જે દેશ AIની રેસ જીતશે, તે જ સમગ્ર વિશ્વ પર રાજ કરશે.' આ વિવાદ ત્યારે વધુ વકર્યો જ્યારે અગ્રણી AI કંપની એન્થ્રોપિકના 27 વર્ષીય રિસર્ચર જેકબ કોક્સને પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું. અગાઉ OpenAIમાં પણ કામ કરી ચૂકેલા કોક્સને આ વિશે ખુલાસો કરતાં જણાવ્યું કે, AI સિસ્ટમ્સ વિકસાવતા વૈજ્ઞાનિકો માનવજાતના ભવિષ્યને લઈને ગંભીરતાપૂર્વક ભયભીત છે.

### પિકએક્સ માઉન્ટેન પર ઈરાન પરમાણુ હથિયાર બનાવી રહ્યું છે? ટ્રમ્પની હુમલાની ધમકી વચ્ચે ઈરાને કર્યો મોટો ખુલાસો

ઈરાનના પિકએક્સ માઉન્ટેનને લઈને અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી તણાવ વધ્યો છે. અમેરિકાના દાવા મુજબ આ સ્થળ પર ઈરાનના પરમાણુ કાર્યક્રમ સાથે જોડાયેલી ગતિવિધિઓ ચાલી રહી છે. જોકે, ઈરાને આ દાવાને સંપૂર્ણપણે ફગાવી દીધો છે. પિકએક્સ માઉન્ટેન પર પરમાણુ ઠેકાણું હોવાનો ઈરાનનો ઈન્કાર ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘઈએ પિકએક્સ માઉન્ટેનને લઈને અમેરિકાના દાવાઓ પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે સ્પષ્ટતા કરી કે આ સ્થળ પર પરમાણુ સુવિધા હોવાનો દાવો યોગ્ય નથી. બઘઈએ અમેરિકાના આરોપોને મીડિયા અને માનસિક દબાણ ઊભું કરવાની વ્યૂહરચનાનો ભાગ ગણાવ્યા હતા. તેમણે કહ્યું કે જો અમેરિકાની પાસે આ દાવાને સાબિત કરવા માટે કોઈ પુરાવા હોય તો તે તેને જાહેર કરે. પિકએક્સ માઉન્ટેનનું નામ ત્યારે વધુ ચર્ચામાં આવ્યું જ્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના પરમાણુ કાર્યક્રમ સાથે જોડાયેલા સ્થળો સામે કડક કાર્યવાહી કરવાની વાત કરી.

## ઓગસ્ટમાં મોંઘવારી વધી, જુલાઈમાં તે 9.78% હતી

# જથ્થાબંધ મોંઘવારી વધીને 9.92% પર પહોંચી

**ખાધપદાર્થો, ઇંધણ, વીજળી અને મેન્યુફેક્ચર્ડ પ્રોડક્ટ્સ મોંઘા થવાને કારણે આ વધારો નોંધાયો છે. 14 સપ્ટેમ્બરે સરકારે આ આંકડા જાહેર કર્યા છે**

નવી દિલ્હી

ઓગસ્ટમાં જથ્થાબંધ મોંઘવારી વધીને 9.92% થઈ ગઈ છે. જુલાઈમાં તે 9.78% હતી. ખાદ્યપદાર્થો, ઈંધણ, વીજળી અને મેન્યુફેક્ચર્ડ પ્રોડક્ટ્સ મોંઘા થવાને કારણે આ વધારો નોંધાયો છે. આજે 14 સપ્ટેમ્બરે સરકારે આ આંકડા જાહેર કર્યા છે. મોંઘવારી દર 9.92% હોવાનો અર્થ એ છે કે જે સામાન ગયા વર્ષે આ સમયે જથ્થાબંધ બજારમાં 100 માં મળતો હતો, તે આજે લગભગ 109.78 નો છે. જથ્થાબંધ મોંઘવારી લાંબા સમય સુધી વધતી રહેવાથી મોટાભાગના ઉત્પાદક ક્ષેત્રો પર તેની ખરાબ અસર પડે છે. જો જથ્થાબંધ ભાવ લાંબા સમય સુધી ઊંચા સ્તરે રહે છે, તો ઉત્પાદકો તેનો બોજ ગ્રાહકો પર નાખે છે. સરકાર ફક્ત ટેક્સ દ્વારા WPI ને નિયંત્રિત કરી શકે છે. જેમ કે ક્રૂડ ઓઈલમાં તીવ્ર વધારાની સ્થિતિમાં સરકારે ઈંધણ પર એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કર્યો હતો. જોકે, સરકાર ટેક્સ કપાત એક મર્યાદામાં જ ઘટાડી




શકે છે. WPI માં મેટલ, કેમિકલ, પ્લાસ્ટિક, રબર જેવા ફેક્ટરી સંબંધિત સામાનનું વધુ વેઈટેજ હોય છે. મોંઘવારી કેવી રીતે માપવામાં આવે છે? ભારતમાં બે પ્રકારની મોંઘવારી હોય છે. એક રિટેલ એટલે કે છૂટક અને બીજી જથ્થાબંધ મોંઘવારી હોય છે. રિટેલ મોંઘવારી દર સામાન્ય ગ્રાહકો દ્વારા ચૂકવવામાં આવતી કિંમતો પર આધારિત હોય છે. આને કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (CPI) પણ કહેવાય છે. જ્યારે, હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ (WPI) નો અર્થ એવી કિંમતોથી થાય છે, જે જથ્થાબંધ બજારમાં એક વેપારી બીજા વેપારી પાસેથી વસૂલે છે. મોંઘવારી માપવા માટે અલગ-અલગ વસ્તુઓનો સમાવેશ કરવામાં આવે છે. જેમ કે જથ્થાબંધ મોંઘવારીમાં મેન્યુફેક્ચર્ડ પ્રોડક્ટ્સનો હિસ્સો 63.75%, પ્રાઈમરી આર્ટિકલ જેમ કે ફૂડ 22.62% અને ફ્યુઅલ એન્ડ પાવર 13.15% હોય છે. જ્યારે, રિટેલ મોંઘવારીમાં ફૂડ અને પ્રોડક્ટની ભાગીદારી 45.86%, હાઉસિંગની 10.07% અને ફ્યુઅલ સહિત અન્ય વસ્તુઓની પણ ભાગીદારી હોય છે.

## વસુંધરા રાજેના ગઢમાં જ ભાજપની ભૂંડી હાર

### કૉંગ્રેસે વર્ષો બાદ જીતી ઝાલાવાડ નગર પરિષદ

જયપુર

રાજસ્થાનમાં યોજાયેલી કોર્પોરેશનની ચૂંટણી પરિણામો જાહેર થઈ રહ્યા છે. રાજસ્થાનના પૂર્વ મુખ્ય પ્રધાન વસુંધરા રાજેના ગઢ ગણાતા ઝાલાવાડમાં ભાજપને ભૂંડી હારનો સામનો કરવો પડ્યો છે. ઝાલાવાડ નગર પરિષદની ચૂંટણીના જાહેર થયેલા પરિણામોમાં કૉંગ્રેસે 45માંથી 29 વોર્ડમાં શાનદાર જીત મેળવીને સ્પષ્ટ બહુમત હાંસ કરી છે. ઝાલાવાડ જિલ્લાની કુલ 8 કોર્પોરેશનમાંથી



4માં કૉંગ્રેસે પૂર્ણ બહુમત હાંસલ કરી છે. આ રીતે ઝાલાવાડ નગર પરિષદમાં ભાજપનો સૂપડાં સાફ થઈ ગયા છે અને કૉંગ્રેસે ઘણા લાંબા સમય બાદ જીતનો સ્વાદ ચાખ્યો છે. કૉંગ્રેસ ઝાલાવાડ નગર પરિષદ ઉપરાંત ભવાની મંડી, ખાનપુર અને ડગમાં પણ બહુમત હાંસલ કરી છે.

જ્યારે ભાજપ ઝાલરાપાટન, અકલેરા અને મનોહરથાના કોર્પોરેશનમાં જ જીત મેળવી શકી છે.

## સુપ્રીમ કોર્ટના ચુકાદા હવે સાંભળીને પણ સમજી શકાશે

### સામાન્ય માણસને સમજાય તેવી સરળ હિન્દીમાં આદેશનું ઓડિયો-વીડિયો બુલેટિન જાહેર થશે; હિન્દી દિવસ પર જન સૂચના સેવાની જાહેરાત

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે હિન્દી દિવસના અવસરે ટૂંક સમયમાં 'જન સૂચના સેવા' શરૂ કરવાની જાહેરાત કરી છે. આ અંતર્ગત કોર્ટના મોટા ચુકાદા અને આદેશોનો સાર સરળ હિન્દીમાં નાના ઓડિયો અને વીડિયો બુલેટિન દ્વારા લોકો સુધી પહોંચાડવામાં આવશે. એટલે કે, જે લોકોને કાયદાકીય ભાષામાં લખેલા નિર્ણયો વાંચવામાં અને સમજવામાં મુશ્કેલી પડે છે, તેઓ તેમને સાંભળીને અને જોઈને પણ સમજી શકશે. આ પહેલનો હેતુ સુપ્રીમ કોર્ટના નિર્ણયોને સામાન્ય લોકોની સમજમાં લાવવાનો છે. જન સૂચના સેવાની શરૂઆત હિન્દીથી થશે અને પછીથી આ સેવા બીજી ભારતીય ભાષાઓમાં પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. કોર્ટે આ પહેલમાં દિવ્યાંગજનો સુધી ન્યાયિક જાણકારીની સરળ પહોંચને પણ ખાસ મહત્વ આપ્યું છે. સુપ્રીમ કોર્ટના મહત્વના ચુકાદાઓ અને આદેશોનો સાર સરળ હિન્દીમાં જણાવવામાં આવશે.

## દેશભરમાં ગણેશ ઉત્સવ શરૂ: લાલબાગના રાજા મંદિર શિવની થીમ પર સજાવવામાં આવ્યું

મુંબઈ

દેશભરમાં સોમવારથી ગણેશ મહોત્સવ શરૂ થઈ ગયો છે. આ વર્ષે મુંબઈના પ્રસિદ્ધ લાલબાગના રાજાનો પંડાલ અને બાપ્પાનું સ્વરૂપ મહાદેવ (શિવ)ની થીમ પર આધારિત છે, જેના કેન્દ્રમાં એક વિશાળ ત્રિશૂળ પણ શણગારવામાં આવ્યું છે. મંડળ અનુસાર આ તેનો 93મો ગણેશોત્સવ છે. ઈન્દોરના તિલક નગરમાં 3 ટન માટીમાંથી 14 ફૂટ ઊંચી ગણેશ પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. પ્રતિમા અને આખા પંડાલને પ્રકૃતિ-પશુ કલ્યાણનો સંદેશ આપવાના રૂપમાં શણગારવામાં આવ્યો છે. જયપુરના મોતી ડુંગરી ગણેશ મંદિરમાં સિંજારા મહોત્સવ અને જન્મોત્સવ પર વિશેષ દર્શન વ્યવસ્થા કરવામાં આવી છે. અહીં



શ્રદ્ધાળુઓ સવારે 5 વાગ્યાથી રાત્રે 11:40 વાગ્યા સુધી દર્શન કરી શકશે. પટનામાં આ વખતે મદુરાઈના પ્રસિદ્ધ મીનાક્ષી મંદિરની જેમ પંડાલ બનાવવામાં આવ્યો છે.

# 18,500 કરોડનું બજેટ પાણીમાં ગરકાવ: ભારે વરસાદમાં સ્વિમિંગ પૂલ બન્યું અમદાવાદ

## પ્રી-મોન્સૂન કામગીરીના નામે એએમસીમાં અબજો રૂપિયાનો ભ્રષ્ટાચાર!

અમદાવાદ

મેગાસિટી અમદાવાદમાં સામાન્યથી ભારે વરસાદ પડતાં જ સમગ્ર શહેર જળબંબાકાર થઈ ગયું છે. ચોમાસાની શરૂઆતમાં જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના સ્માર્ટ સીટીના તમામ તકલાદી દાવાઓ અને કાગળ પરની પ્રી-મોન્સૂન કામગીરી ધોવાઈને ખાડામાં ચાલી ગઈ છે. શહેરના પૂર્વથી લઈને પશ્ચિમ સુધીના મોટાભાગના વિસ્તારોમાં ગુટણસમા પાણી ભરાઈ જતાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. રસ્તાઓ જળમગ્ન બનતાં ઠેર-ઠેર હજારો વાહનો બંધ પડી ગયા છે અને પ્રજા કલાકો સુધી ટ્રાફિક જામમાં પીસાઈને ભારે હાલાકી ભોગવી રહી છે.

### 18,500 કરોડ રૂપિયાના વાર્ષિક બજેટમાંથી માત્ર અધિકારીઓ-કોર્પોરેટરોને ધનવર્ષા!

ગુજરાતની સૌથી મોટી અને સમૃદ્ધ ગણાતી અમદાવાદ મહાનગરપાલિકાનું વાર્ષિક બજેટ રૂ. ૧૮,૫૦૦ કરોડથી પણ વધુ છે. પરંતુ સવાલ એ થાય છે કે જનતાના લોહી-પસીનાના ટેક્સમાંથી ભેગા થયેલા આ કરોડો-અબજો રૂપિયા જાય છે ક્યાં? અબજોના બજેટ છતાં ડ્રેનેજ સિસ્ટમ અને વરસાદી પાણીના નિકાલની યોગ્ય લાઈનો કેમ નથી? અમદાવાદની જનતા આજે ખુલ્લેઆમ આક્ષેપ કરી રહી છે કે આ ૧૮,૫૦૦ કરોડ રૂપિયા પ્રજાના વિકાસ માટે નહીં, પણ એએમસીના ભ્રષ્ટ અધિકારીઓ, એન્જિનિયરો અને કમિશન-ખોર કોર્પોરેટરો માટે 'ધનવર્ષા' સમાન સાબિત થઈ રહ્યા છે.

### મેયરને માત્ર ફોટો સેશન અને રીલ્સ બનાવવામાં રસ!

જ્યારે આખું શહેર પાણીમાં ડૂબી રહ્યું હોય અને પ્રજા ત્રાહિમામ પોકારી રહી હોય, ત્યારે એએમસીના સત્તાધીશો અને હોદ્દેદારો કેમેરા સામે શાઈનિંગ મારવામાં વ્યસ્ત છે. સ્થાનિક રહીશોનો સીધો અને આકરો આરોપ છે કે મેયર સાહેબને માત્ર જ્યાં પાણી ભરાયા હોય ત્યાં જઈને મીડિયામાં ફોટો પડાવવામાં અને સરકારી ગાડીઓ દોડાવવામાં જ રસ છે. ઘાતક વાસ્તવિકતા એ છે કે અત્યાર સુધી ગ્રાઉન્ડ લેવલ પર કાયમી નિકાલ માટે કોઈ જ ખાસ કામગીરી કરવામાં આવી નથી.





### આખા શહેરમાં મસમોટા ખાડાઓનું સામ્રાજ્ય: જનતાના ટેક્સના પૈસાથી સત્તાધીશોની મોજ!

દર વર્ષે ચોમાસા પહેલાં કરોડો રૂપિયાના ટેન્ડરો બહાર પાડીને પ્રી-મોન્સૂનની કામગીરીના મસમોટા દાવા કરવામાં આવે છે. પરંતુ વરસાદના પહેલા જ રાઉન્ડમાં રસ્તાઓ પર પડેલા કાળમુખા મસમોટા ખાડાઓ અને ઠેર-ઠેર ભરાયેલા કેડસમા પાણીએ કોર્પોરેશનના ભ્રષ્ટાચારની પોલ છતી કરી દીધી છે. પ્રજાના ટેક્સના ટેકાથી સત્તાધારીઓ અને વહીવટી તંત્ર જલસા કરી રહ્યું છે અને આમ આદમી રોડ પર રઝળવા મજબૂર બન્યો છે.

### 'પાક્કો ગુજરાત'ના તીખા અને સીધા સવાલો

1. 18,500 કરોડ રૂપિયાનું બજેટ વાપરવા છતાં વરસાદી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા કેમ શૂન્ય છે?
2. ચોપડે પ્રી-મોન્સૂન કામગીરી બતાવીને કરોડોનું ફંડ ચાંઉ કરીજનારા કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓ સામે ક્યારે કડક તપાસ થશે?
3. ફોટો સેશન કરાવતા નેતાઓ અને અધિકારીઓ પ્રજાની આ નરકાગાર જેવી પરિસ્થિતિનો જવાબ આપશે ખરા?
4. અમદાવાદની જનતા હવે તકલાદી વાયદાઓથી કંટાળી ચૂકી છે. જો એએમસી તંત્ર તાત્કાલિક ધોરણે પાણીના નિકાલ અને બિસ્માર રસ્તાઓના સમારકામનું નક્કર આયોજન નહીં કરે, તો આગામી દિવસોમાં રોષે ભરાયેલી પ્રજા કોર્પોરેશનની કચેરીઓ ઘેરવા મજબૂર બનશે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## માઉન્ટ આબુમાં ખીલ્યું 'કમળ'; મંદાર અને પિંડવાડામાં અપક્ષ બન્યા 'કિંગમેકર'

# સિરોહી સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી પરિણામ: સિરોહીમાં કોંગ્રેસની પ્રચંડ જીત



સિરોહી

સિરોહી જિલ્લાની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીના બહુપ્રતીક્ષિત પરિણામો જાહેર થતાં જિલ્લાના રાજકીય સમીકરણોમાં મોટો બદલાવ જોવા મળ્યો છે. જિલ્લાની છ નગરપાલિકા અને નગર પરિષદમાં ક્યાંક કોંગ્રેસે મજબૂત વાપસી કરી છે તો ક્યાંક ભાજપે પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે. બીજી તરફ પિંડવાડા અને નવનિર્મિત મંદાર નગરપાલિકામાં કોઈ પક્ષને સ્પષ્ટ બહુમતી ન મળતાં અપક્ષ ઉમેદવારોની ભૂમિકા નિર્ણાયક બની ગઈ છે.

જિલ્લા મુખ્યમથક સિરોહી નગર પરિષદમાં કોંગ્રેસે 35માંથી 23 બેઠકો પર જીત મેળવીને સ્પષ્ટ બહુમતી સાથે પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું છે. ભાજપને અહીં માત્ર 10 બેઠકો મળી છે, જ્યારે બે બેઠકો અન્ય ઉમેદવારોના ફાળે ગઈ છે. સ્થાનિક વિકાસના મુદ્દાઓ અને રાજકીય જૂથબંધીનો ફાયદો કોંગ્રેસને મળ્યો હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

પ્રવાસનનગરી માઉન્ટ આબુમાં ભાજપે પોતાનો મજબૂત દબદબો જાળવી રાખ્યો છે. અહીં ભાજપના શાનદાર પ્રદર્શનથી પક્ષની સ્થિતિ વધુ મજબૂત બની છે. શિવગંજ નગરપાલિકામાં પણ ભાજપે 18 બેઠકો મેળવીને સ્પષ્ટ બહુમતી મેળવી છે, જ્યારે કોંગ્રેસને 14 બેઠકો અને અન્ય ઉમેદવારોને ત્રણ બેઠકો મળી છે.

40 વોર્ડ ધરાવતી આબુ રોડ નગરપાલિકામાં ભાજપ 20 બેઠકો સાથે સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવ્યું છે. કોંગ્રેસને 16 અને અન્ય/અપક્ષ ઉમેદવારોને ચાર બેઠકો મળી છે. ભાજપ બહુમતીની નજીક પહોંચ્યું હોવાથી હવે બોર્ડ રચના માટે અપક્ષોના સમર્થન પર નજર રહેશે.

સૌથી રસપ્રદ સ્થિતિ મંદાર નગરપાલિકામાં જોવા મળી છે. અહીં ભાજપને 7, કોંગ્રેસને 6 અને અપક્ષોને 7 બેઠકો મળતાં સત્તાનું રાજકીય ગણિત ગૂંચવાયું છે. કોઈ પણ પક્ષને સ્પષ્ટ બહુમતી ન મળતાં અપક્ષ ઉમેદવારો હવે ચેરમેન પદ અને બોર્ડ રચનાની ચાવી પોતાના હાથમાં રાખીને બેઠા છે.

પિંડવાડામાં કોંગ્રેસ 9 બેઠકો સાથે સૌથી મોટી પાર્ટી બની છે, પરંતુ સ્પષ્ટ બહુમતીથી દૂર છે. ભાજપને 5 અને અપક્ષોને 4 બેઠકો મળતાં અહીં પણ રાજકીય વાટાઘાટો મહત્વપૂર્ણ બનશે.

ચૂંટણી પરિણામો બાદ હવે તમામની નજર ચેરમેન પદની પસંદગી પર ટકેલી છે. જ્યાં સ્પષ્ટ બહુમતી છે ત્યાં બોર્ડ રચનાનો માર્ગ સરળ છે, પરંતુ મંદાર અને પિંડવાડામાં અપક્ષો કોના પક્ષે ઝુકે છે તેના પર સત્તાનું ભવિષ્ય નક્કી થશે. આગામી દિવસોમાં વાડાબંધી, બેઠકો અને રાજકીય દોડધામથી સિરોહી જિલ્લાનું સ્થાનિક રાજકારણ વધુ ગરમાય તેવી શક્યતા છે.

### એક નજરે ચૂંટણી પરિણામ

| નિકાય | કુલ વોર્ડ | ભાજપ (BJP) | કોંગ્રેસ (INC) | અન્ય/અપક્ષ | રાજકીય સ્થિતિ |
|---|---|---|---|---|---|
| સિરોહી નગર પરિષદ | 35 | 10 | 23 | 02 | કોંગ્રેસની સ્પષ્ટ બહુમતી |
| માઉન્ટ આબુ નગરપાલિકા | 15 | 15 | 07 | 02 | ભાજપનો પૂર્ણ દબદબો |
| શિવગંજ નગરપાલિકા | 35 | 18 | 14 | 03 | ભાજપને સ્પષ્ટ બહુમતી |
| આબુ રોડ નગરપાલિકા | 40 | 20 | 16 | 04 | ભાજપ બહુમતીની નજીક |
| પિંડવાડા નગરપાલિકા | 25 | 05 | 09 | 04 | ત્રિશંકુ (કોંગ્રેસ આગળ) |
| મંદાર નગરપાલિકા | 20 | 07 | 06 | 07 | જટિલ સ્થિતિ (અપક્ષ નિર્ણાયક) |

## આવતીકાલ 15મીથી દક્ષિણ એશિયાનું પ્રથમ વર્લ્ડ સર્ક્યુલર ઇકોનોમી ફોરમ

ગાંધીનગર

સમગ્ર દક્ષિણ એશિયામાં પ્રથમવાર ગાંધીનગરના મહાત્મા મંદિરમાં વર્લ્ડ સર્ક્યુલર ઈકોનોમી ફોરમ (WCEF) 2026નું આયોજન કરવામાં આવ્યું છે. 15 અને 16 સપ્ટેમ્બરે યોજાનારા આ વૈશ્વિક ફોરમનું સંયુક્ત ઉદ્ઘાટન કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવ અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કરશે. ફોરમમાં 65થી વધુ દેશોના 2 હજારથી વધુ પ્રતિનિધિઓ ભાગ લેશે. તેમાં ઉદ્યોગપતિઓ, સ્ટાર્ટઅપ્સ, સંશોધકો, નીતિ ઘડવૈયાઓ, શિક્ષણવિદો સહિત વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો હાજર રહેશે.

આ વર્ષે ફોરમની થીમ 'સર્ક્યુલર ઈકોનોમી: ટ્રાન્ઝિશન ફોર પીપલ એન્ડ પ્રોસ્પેરિટી' રાખવામાં આવી છે. જૂની અથવા વપરાયેલી વસ્તુઓ અને સામગ્રીને કચરા તરીકે ફેંકી દેવાને બદલે તેનો પુનઃઉપયોગ, રિફર્બિશિંગ અને રિસાઈકલિંગ કરીને ફરીથી અર્થતંત્રમાં ઉપયોગી બનાવવાની વ્યવસ્થા અંગે અહીં ચર્ચા થશે. સર્ક્યુલર ફાઈનાન્સ, નવી ટેક્નોલોજી અને વિવિધ ક્ષેત્રો વચ્ચે આંતરરાષ્ટ્રીય સહયોગ વધારવા પર પણ ભાર રહેશે.

15-16 સપ્ટેમ્બરના ફોરમમાં 4 પ્લેનરી અને 16 થીમ આધારિત સત્રો યોજાશે. તેમાં AIનો ઉપયોગ, રોજગારની તકો, ઊર્જા ઉત્પાદન, સર્ક્યુલર ફાઈનાન્સ, શાસન, ટકાઉ ઉત્પાદનો અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ જેવા મુદ્દાઓ પર ચર્ચા થશે.

## ગણેશોત્સવના ફાળા બાબતે બે જૂથ વચ્ચે ધીંગાણું : ગણેશ આગમન યાત્રા બાદ નાસ્તો કરવા ગયેલા દુકાનદારનો યુવકો પર હુમલો

વડોદરા

વડોદરામાં ગણેશોત્સવની આગમન યાત્રા પૂર્ણ થયા બાદ રાત્રિના સમયે નાસ્તો કરવા ગયેલા યુવકો સાથે ઉત્સવના ખર્ચ અને ચંદા બાબતે બોલાચાલી થઈ હતી, જે ઉગ્ર બનતા દુકાનદાર અને તેના પરિવારે યુવક પર લાકડીથી હુમલો કરી ઈજા પહોંચાડ્યાની ઘટના સામે આવી છે. આ સમગ્ર ઘટના CCTV કેમેરામાં કેદ થઈ છે. જેના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

શહેરના ચોખંડીવાદી વાડા પોળમાં રહેતા અને ટ્રાન્સપોર્ટનો ધંધો કરતા જતિનભાઈ શંકરભાઈ પટણીએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે, તેઓ છેલ્લા 20 વર્ષથી તેમના મોહલ્લામાં ચોખંડી યુથ ફેડરેશનના નામે ગણપતિજીની મૂર્તિ બેસાડી પૂજા-આરતી કરે છે. ગઈકાલે(13 સપ્ટેમ્બર) ફેડરેશન દ્વારા પ્રતાપનગર બ્રિજ પાસેથી ગણપતિજીની આગમન યાત્રા કાઢવામાં આવી હતી. આ આગમન યાત્રા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયા બાદ આ બનાવ બન્યો હતો. ફરિયાદીએ જણાવ્યું કે, તેમના મિત્રો શૈલેષ પટણી અને મિનેશ ઉર્ફે મોટુ પટણી સાથે ચોખંડીથી નાની શાકમાર્કેટ વચ્ચે આવેલી રાજસ્થાન કુલ્ફીની દુકાન આગળની આર.જે.ચાઈનીઝ ફૂડ નામની લારી પર નાસ્તો કરવા માટે ગયા હતા. તે દરમિયાન આર.જે.ચાઈનીઝ ફૂડના માલિક બિજેન્દ્રસિંહ વાઘેલાનો દીકરો મહેશ વાઘેલા ત્યાં આવીને બોલવા લાગ્યો હતો કે ગણેશ તહેવાર તેઓ ઉજવે છે અને તેનો ફાળો તેમના પર નાખવામાં આવે છે.

## ગાંધીનગર મનપાનો મહત્વનો નિર્ણય : શહેરમાં નવી ઈલેક્ટ્રિક બસો ઉમેરાતા કાફલો વધીને 70 પહોંચ્યો

ગાંધીનગર

ગાંધીનગર શહેરની જાહેર પરિવહન સેવાને વધુ સુદ્રઢ અને આધુનિક બનાવવાના ભાગરૂપે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પીએમ ઈ-બસ સેવા અંતર્ગત નવી 30 ઈલેક્ટ્રિક બસો નાગરિકો માટે શરૂ કરવામાં આવી છે. અગાઉથી કાર્યરત 40 બસો સાથે હવે પાટનગરમાં કુલ 70 પીએમ ઈ-બસો દોડતી થઈ છે. આ વધારા સાથે શહેરીજનોની સુવિધા માટે સમગ્ર બસ સેવાના રૂટ અને સમયપત્રકનું નવેસરથી પુનર્ગઠન કરવામાં આવ્યું છે.

નવી ઈલેક્ટ્રિક બસોના સંચાલન સાથે પરિવહન વ્યવસ્થાને એકસૂત્ર કરવા માટે યોગી સિટી બસ સેવાના રૂટ અને સમયમાં પણ મહત્વના ફેરફારો કરવામાં આવ્યા છે. જૂનું સમયપત્રક રદ કરીને નવું શિડ્યુલ અમલી બનાવી દેવાયું છે. મુસાફરો પોતાની મુસાફરીનું યોગ્ય આયોજન કરી શકે તે માટે પ્રારંભિક અને અંતિમ સ્ટોપ સહિતના સુધારેલા તમામ સમયપત્રકની વિગતો મહાનગરપાલિકાની સત્તાવાર પોર્ટલ પર મૂકવામાં આવી છે.

નાગરિકોને બસસેવા સંબંધિત તમામ રિયલ ટાઈમ માહિતી આંગળીના ટેરવે મળી રહે તે માટે તંત્ર દ્વારા 'GGTSL' નામની મોબાઈલ એપ્લિકેશન કાર્યરત કરવામાં આવી છે. આ એપ્લિકેશન મારફતે મુસાફરો બસનું લાઈવ લોકેશન ટ્રેક કરી શકશે, રૂટ અને સ્ટોપેજની વિગતો મેળવી શકશે.

## સુરતમાં 31 સંસ્થાઓમાં આરોગ્ય વિભાગનું સઘન ચેકિંગ : 38 સેમ્પલ પૃથક્કરણ માટે મોકલ્યા

સુરત

સુરતના પીપી સવાણી ઈન્સટિટ્યૂટ માં ફૂડ પોઈઝનિંગની ઘટના બાદ મહાનગરપાલિકાના ફૂડ વિભાગે વિદ્યાર્થીઓના આરોગ્યને ધ્યાને રાખી શહેરમાં આવેલી સરકારી, અર્ધ-સરકારી અને ખાનગી હોસ્ટેલ તેમજ મેસ-કેન્ટીનમાં સઘન ચેકિંગ હાથ ધર્યું છે. ફૂડ સેફ્ટી ઓફિસરોની અલગ-અલગ ટીમો દ્વારા કુલ 31 હોસ્ટેલ, મેસ અને કેન્ટીન સંસ્થાઓની સ્થળ પર જઈને આકસ્મિક તપાસ કરવામાં આવી હતી.

આ દરોડા દરમિયાન દાળ, શાક, રોટલી, મસાલા, સેન્ડવીચ, સંભાર અને રાંધેલા ખોરાક સહિતના કુલ 38 જેટલા શંકાસ્પદ ખાદ્ય સામગ્રીના નમૂનાઓ કાયદેસર રીતે એકત્ર કરવામાં આવ્યા હતા. આ તમામ 38 નમૂનાઓને વધુ ચકાસણી અને પૃથક્કરણ અર્થે સુરત મહાનગરપાલિકાની પબ્લિક હેલ્થ લેબોરેટરી ખાતે મોકલી આપવામાં આવ્યા છે.

પાલિકાની ટીમે શહેરની નામાંકિત શૈક્ષણિક અને તબીબી સંસ્થાઓને આવરી લીધી હતી. જેમાં SVNIT કેમ્પસની ગજ્જર ભવન, સારાભાઈ ભવન, મધર ટેરેસા ભવન, અટલ બિહારી વાજપેયી ભવન, ભાભા ભવન, ટાગોર ભવન અને નહેરુ ભવન મેસનો સમાવેશ થાય છે.

## ઊંઘતા તંત્રને જગાડતું 'પાક્કો ગુજરાત'

# ડભોઈનું જોખમી નાળું માત્ર 60 કલાકમાં ચકાચક!

ડભોઈ

સ્થાનિક પ્રશાસન જ્યારે પ્રજાના પાયાના પ્રશ્નો પ્રત્યે આંખ આડા કાન કરે અને લોકહિતના કામો કાગળ પર કે વિલંબના ખાડામાં હોમાઈ જાય, ત્યારે મીડિયા પોતાની સાચી જવાબદારી અદા કરે છે. ડભોઈના નાદોદી ભાગોળ વિસ્તારમાં આવું જ કંઈક જોવા મળ્યું, જ્યાં તંત્રની લાપરવાહી સામે 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપરે ઉઠાવેલો અવાજ એટલો ધારદાર સાબિત થયો કે મહિનાઓથી અટકેલું કામ ગણતરીના કલાકોમાં પૂર્ણ કરવાની સરકારી બાબુઓને ફરજ પડી છે.



ડભોઈના નાદોદી ભાગોળ પાસે આવેલા ચોતરિયા પીર નજીકનું નાળું છેલ્લા એક મહિનાથી અત્યંત બિસ્માર અને ડરામણી હાલતમાં ફેરવાઈ ગયું હતું. આ માર્ગ સામાન્ય માર્ગ નથી, પરંતુ વિશ્વપ્રસિદ્ધ સ્ટેચ્યૂ ઓફ યુનિટી તરફ જતો મુખ્ય ધોરીમાર્ગ છે. દરરોજ હજારો સ્થાનિક વાહનો તેમજ દેશ-વિદેશના પ્રવાસીઓ આ રસ્તેથી પસાર થાય છે. છતાં પણ, ચોતરિયા પીર નજીકના નાળામાં પડેલા વિશાળ ખાડા અને તેમાંથી બહાર નીકળેલા લોખંડના તીક્ષ્ણ સળિયાઓ વાહનચાલકો માટે સાક્ષાત કાળ સમાન બની ગયા હતા. દરરોજ અનેક વાહનોના ટાયર પંચર થવા અથવા ફાટી જવાના બનાવો સામાન્ય બની ગયા હતા. વિશેષ કરીને રાત્રિના અંધકારમાં આ ખુલ્લા સળિયા દેખાતા ન હોવાથી અનેક બાઈકચાલકો સ્લિપ થઈને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા હતા. પ્રવાસીઓ અને સ્થાનિક રહીશોમાં તંત્રની આ ઘોર બેદરકારી સામે ભારે રોષ અને આક્રોશ વ્યાપેલો હતો. તેમ છતાં, સંબંધિત વિભાગના અધિકારીઓ જાણે કોઈ મોટા અકસ્માત કે જાનહાનિની રાહ જોઈ રહ્યા હોય તેમ મૌન ધારણ કરીને બેઠા હતા. 'પાક્કો ગુજરાત'નો શંખનાદ અને તંત્રમાં દોડધામ

પ્રજાની આ હાડમારી અને તંત્રની કુંભકર્ણી નિંદ્રાને 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપરે પોતાના તીખા અને વિસ્તારપૂર્વકના અહેવાલ દ્વારા જાહેર જનતા અને ઉચ્ચ અધિકારીઓ સમક્ષ મૂકી.

## પ્રવાસીઓ અને સ્થાનિકો કાળમુખા ખાડાઓમાં હોમાવા મજબૂર!

# સરિતા રેલવે ઓવરબ્રિજ પર ભ્રષ્ટાચારના 'ખાડા': કાગળ પરની પ્રી-મોન્સૂન કામગીરી ધોવાઈ

ડભોઈ

સરકારી તંત્રના દાવા અને વાસ્તવિકતા વચ્ચે કેટલું અંતર હોય છે તેનો તાજો નમૂનો ડભોઈના સરિતા રેલવે ઓવરબ્રિજ પર જોવા મળી રહ્યો છે. ચોમાસું શરૂ થતાં પહેલાં કરોડોના બજેટ સાથે ચોપડે દર્શાવાતી પ્રી-મોન્સૂન કામગીરી માત્ર એક સામાન્ય વરસાદી ઝાપટાંમાં ધોવાઈ ગઈ છે. બ્રિજના નિર્માણ સમયથી જ વિવાદોના વંટોળમાં ઘેરાયેલા આ ઓવરબ્રિજ પર ઠેર-ઠેર પડેલા મસમોટા ખાડાઓએ માર્ગ અને મકાન વિભાગ તેમજ સ્થાનિક વહીવટી તંત્રના ભ્રષ્ટાચારની પોલ છતી કરી દીધી છે. સરિતા રેલવે ઓવરબ્રિજ એ માત્ર ડભોઈ શહેર પૂરતો સીમિત માર્ગ નથી, પરંતુ ગુજરાતના પ્રવાસન અને ધાર્મિક નકશા પર અત્યંત મહત્વપૂર્ણ કડી છે. આ જ રસ્તેથી દરરોજ હજારો નાના-મોટા વાહનો પસાર થાય છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી (એકતાનગર) જતાં



દેશ-વિદેશના વીઆઈપી તથા સામાન્ય પ્રવાસીઓ માટે આ જ મુખ્ય ધોરીમાર્ગ છે. યાત્રાધામોનો માર્ગ: દક્ષિણ પ્રયાગ તરીકે ઓળખાતું ચાંદોદ-કરનાળી, નીલકંઠધામ પોઈચા, રાજપીપળા તેમજ વઢવાણા પક્ષી અભયારણ્ય તરફ જવા માટે વાહનચાલકો આ જ બ્રિજનો ઉપયોગ કરે છે. આવા આંતરરાષ્ટ્રીય અને ધાર્મિક મહત્વ ધરાવતા માર્ગ પર જ મસમોટા ખાડા પડી જતાં રાજ્યના પ્રવાસન વિભાગ અને સ્થાનિક વહીવટી તંત્રની છબી પણ વૈશ્વિક સ્તરે ખરડાઈ રહી છે. બ્રિજ પર પડેલા ઊંડા ખાડાઓને કારણે દ્વિચક્રી અને ચાર પૈડાંવાળા વાહનચાલકોને કમરતોડ હાલાકી ભોગવવી પડી રહી છે.

બ્રિજ પર રાત્રિ દરમિયાન પૂરતા પ્રકાશનો અભાવ હોવાથી આ ખાડાઓ વાહનચાલકોને નજરે પડતા નથી, જેના કારણે અચાનક વાહન સ્લિપ થવા કે અથડાવવાના બનાવો વધી રહ્યા છે. દરરોજ હજારો પ્રવાસીઓ જીવના જોખમે આ બ્રિજ પરથી પસાર થવા મજબૂર બન્યા છે.

## કરોડોની જમીનની લાલચમાં સંબંધોનો બલીદાન

# અમદાવાદના શેલામાં જીવિત પિતાનું બોગસ ડેથ સર્ટિફિકેટ બનાવી પુત્રએ આચર્યું મહાકૌભાંડ!

સાણંદ

સંપત્તિ અને પૈસાની ઘેલછામાં માણસ કઈ હદે નીચે ગબડી શકે છે તેનો એક કાનૂની અને સામાજિક રીતે શરમજનક કિસ્સો અમદાવાદના હાઈફાઈ વિસ્તાર ગણાતા શેલામાંથી પ્રકાશમાં આવ્યો છે. કરોડો રૂપિયાની કિંમતી જમીન પોતાના નામે હડપ કરી લેવા માટે એક સગા પુત્રએ પોતાના જીવિત પિતાને જ કાગળ પર મૃત જાહેર કરી દીધા! 15 એપ્રિલ, 1985ના રોજ પિતાનું અવસાન થયું હોવાનું બોગસ ડેથ સર્ટિફિકેટ ઊભું કરીને આચરેલા આ કરોડોના જમીન કૌભાંડે આખા વિસ્તારમાં ભારે ચકચાર જગાવી છે.



મળેલી વિગતો અનુસાર, આરોપી પુત્રએ પિતાના બોગસ મરણના દાખલાનો ઉપયોગ કરીને સાણંદ સબ-રજિસ્ટ્રાર કચેરીમાં મોટું કાવતરું રચ્યું હતું. કરોડોની જમીન પચાવી પાડવાના ઈરાદે આરોપીએ કચેરીમાં બોગસ ખેડૂતો ઊભા કર્યા હતા અને કાગળો પર જમીનના બોગસ દસ્તાવેજો તૈયાર કરાવી લીધા હતા. સરકારી તંત્રની આંખમાં ધૂળ નાખીને આચરાયેલું આ કૌભાંડ લાંબો સમય છૂપું રહી શક્યું નહીં. જ્યારે આ સમગ્ર મામલો સામે આવ્યો અને ચોંકાવનારો ખુલાસો થયો કે જે પિતાના નામે મરણનો દાખલો રજૂ કરાયો હતો તે પિતા તો જીવિત છે, ત્યારે કાનૂની મોરચે મોટો ભડાકો થયો હતો. આ બાબત ધ્યાન પર આવતાં જ સાણંદ કોર્ટે કેસની ગંભીરતા જોઈને B-સમરી રિપોર્ટ મંજૂર કર્યો હતો. કાગળ પર પિતાને મારી નાખનારા પુત્રની પાપલીલા આખરે કોર્ટ સમક્ષ ખુલ્લી પડી ગઈ હતી.

આ કૌભાંડનો પર્દાફાશ થતાં જ પરિવારમાં પણ મોટો વિસ્ફોટ થયો છે. આરોપી પુત્રની આ કરતૂત સામે આવ્યા બાદ તેના જ સગા ભાઈએ પોતાના જાલસાજ ભાઈ વિરુદ્ધ બોપલ પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાત અને ધોખાધડી (ફ્રોડ)ની ગંભીર હેઠળ ફરિયાદ નોંધાવી છે.

## શિનોર ચોકડી બન્યો 'મૃત્યુનો પોઇન્ટ'

# રખડતા પશુઓના ત્રાસથી અઠવાડિયામાં 4 અકસ્માત

ડભોઈ

ડભોઈના મુખ્ય માર્ગો પરથી પસાર થતા વાહનચાલકો માટે હવે મુસાફરી કરવી એટલે જીવ હથેળીમાં રાખીને નીકળવા સમાન બની ગયું છે. ખાસ કરીને અતિ વ્યસ્ત ગણાતી ડભોઈ-શિનોર ચોકડી પર છેલ્લા કેટલાક સમયથી રખડતા ઢોરનો ત્રાસ એટલી હદે વધી ગયો છે કે સામાન્ય પ્રજા અને વાહનચાલકો ત્રાહિમામ પોકારી ગયા છે. મુખ્ય ચોકડી અને રસ્તાની બિલકુલ વચ્ચે જ અડીંગો જમાવીને બેસતા આખલા અને ગાયોના કારણે ટ્રાફિક વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે અને અકસ્માતોની હારમાળા સર્જાઈ રહી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, શિનોર ચોકડી પર પરિસ્થિતિ દિવસેને દિવસે વણસતી જાય છે. છેલ્લા એક જ સપ્તાહની અંદર આ ચોકડી પર ૪ નાના-મોટા ગંભીર અકસ્માતો સર્જાઈ ચૂક્યા છે. વહેલી સવારે અથવા રાત્રિના અંધકારમાં રસ્તા પર અચાનક આડે આવી જતાં પશુઓને કારણે દ્વિચક્રીય અને ચાર પૈડાંવાળા વાહનચાલકો વાહન પરનો કાબૂ ગુમાવી બેસે છે અને રોડ પર સ્લિપ થઈને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થાય છે. દરરોજ મુસાફરી કરતા લોકો માટે આ વિસ્તાર જાણે 'ડેન્જર ઝોન' બની ગયો છે.

# ગુજરાતમાં હૃદયરોગનો ખૌફનાક વિસ્ફોટ: દર કલાકે 12 અને રોજ 298 લોકોને આવે છે હાર્ટ એટેક

**અગાઉ જે રોગ મોટા ભાગે વૃદ્ધાવસ્થા કે મોટી ઉંમરે જોવા મળતો હતો, તે હૃદયરોગ હવે 40 વર્ષથી ઓછી ઉંમરના નવજુવાનોને પણ પોતાનો શિકાર બનાવી રહ્યો છે. તજજ્ઞો અને તબીબોના મતે, યુવા પેઢીમાં ચિંતાજનક રીતે વધી રહેલા હાર્ટ એટેકના મુખ્ય કારણોમાં નીચે મુજબના પરિબળો જવાબદાર છે**

અમદાવાદ

ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી હૃદયરોગના કેસોમાં થયેલો ભયાનક વધારો હવે માત્ર આરોગ્યનો મુદ્દો નથી રહ્યો, પરંતુ એક મોટી સામાજિક અને ચિંતાજનક આપત્તિ બની રહ્યો છે. '૧૦૮' ઈમરજન્સી સેવાના આંકડાઓએ સમગ્ર રાજ્યમાં ભારે ખળભળાટ મચાવી દીધો છે. ચાલુ વર્ષે જ રાજ્યભરમાંથી હૃદયની ગંભીર ઈમરજન્સી માટે અકલ્પનીય ૭૨,૩૦૭ કોલ્સ નોંધાઈ ચૂક્યા છે. આ આંકડાનો સાદો હિસાબ માંડીએ તો દર કલાકે ૧૨ અને પ્રતિદિન સરેરાશ ૨૯૮ નિર્દોષ નાગરિકોને હાર્ટ એટેક કે હૃદય સંબંધિત તકલીફોના કારણે ઈમરજન્સી સારવાર લેવાની ફરજ પડી રહી છે.

રાજ્યભરમાં હૃદયની ઈમરજન્સીના કિસ્સામાં અમદાવાદ જિલ્લો સૌથી મોખરે અને ભયજનક સ્તરે છે. અમદાવાદમાંથી જ એકલા ૧૮,૭૮૯ ઈમરજન્સી કોલ્સ નોંધાઈ ચૂક્યા છે, જે દર્શાવે છે કે સમગ્ર ગુજરાતના કુલ કેસોમાંથી દર ચારમાંથી એક કેસ (૧/૪ ભાગ) માત્ર અમદાવાદનો જ છે. અમદાવાદમાં દરરોજ સરેરાશ ૭૬ વ્યક્તિઓને હૃદયરોગના હુમલા સામે જીવ બચાવવા માટે '૧૦૮' એમ્બ્યુલન્સની મદદ લેવી પડી રહી છે. કુલ નોંધાયેલા કેસ (ગુજરાત): ૭૨,૩૦૭, દૈનિક સરેરાશ કેસ: ૨૯૮ દર્દીઓ, દર કલાકે ઈમરજન્સી: ૧૨ દર્દીઓ. અમદાવાદના કુલ કેસ: ૧૮,૭૮૯ (દરરોજ સરેરાશ ૭૬ કેસ), અગાઉ જે રોગ મોટા ભાગે વૃદ્ધાવસ્થા કે મોટી ઉંમરે જોવા મળતો હતો, તે હૃદયરોગ હવે 40 વર્ષથી ઓછી ઉંમરના નવજુવાનોને પણ પોતાનો શિકાર બનાવી રહ્યો છે. તજજ્ઞો અને તબીબોના મતે, યુવા પેઢીમાં ચિંતાજનક રીતે વધી રહેલા હાર્ટ એટેકના મુખ્ય કારણોમાં નીચે મુજબના પરિબળો જવાબદાર છે:

અનિયમિત જીવનશૈલી અને માનસિક તણાવ: કામનું અતિશય પ્રેશર, પૂરતી ઊંઘનો અભાવ અને સતત સ્ટ્રેસ. બહારનો અસુરક્ષિત ખોરાક: જંક ફૂડ, ભેળસેળિયું તેલ અને વધારે પડતું પ્રોસેસ્ડ ફૂડ. શારીરિક શ્રમનો અભાવ: સતત બેઠાડુ જીવન અને કસરતનો અભાવ.

પાક્કો ગુજરાત
મંગળવાર | 15 સપ્ટેમ્બર 2026 | અમદાવાદ

### પડતર માંગણીઓનો ઉકેલ નહિ આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી

# વરસતા વરસાદમાં પણ શિક્ષકોનો હુંકાર: સત્યાગ્રહ છાવણી ખાતે HTAT મુખ્ય શિક્ષકોના ધરણાં

## શાળાઓમાં વહીવટી ભારણ હળવું કરવા માટે 300થી વધુ વિદ્યાર્થીઓની સંખ્યા ધરાવતી શાળાઓમાં શાળા સહાયકની તાત્કાલિક નિમણૂક કરવામાં આવે




**ગાંધીનગર**

ગુજરાત રાજ્ય મુખ્ય શિક્ષક (HTAT) સંઘ દ્વારા પોતાની વિવિધ પડતર અને મહત્વપૂર્ણ માંગણીઓના ઉકેલ માટે ગાંધીનગર સ્થિત સત્યાગ્રહ છાવણી ખાતે આજે એક દિવસીય ધરણાં અને વિરોધ પ્રદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આજે વરસતા વરસાદ વચ્ચે પણ રસ્તા પર ઉતરીને શિક્ષકોએ પોતાના હકો માટે ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. જો આગામી દિવસોમાં પડતર માંગો નહિ સ્વીકારાય તો શિક્ષકોએ ઉગ્ર આંદોલનની પણ ચીમકી ઉચ્ચારી છે. રાજ્યભરમાંથી આવેલા HTAT આચાર્યો અને શિક્ષકોએ ગાંધીનગરના પાટનગરમાં એકઠા થઈને સરકાર સામે આંદોલનનું રણશિંગુ ફૂંક્યું છે. ગુજરાત રાજ્ય મુખ્ય શિક્ષક સંઘના બેનર હેઠળ યોજાયેલા આ શાંતિપૂર્ણ પરંતુ આક્રમક મિજાજવાળા આંદોલનમાં શિક્ષણ જગત સાથે જોડાયેલા અનેક સળગતા પડતર પ્રશ્નો ના નિરાકરણ માટે માંગ કરાઈ છે.

આ અંગે ગુજરાત રાજ્ય મુખ્ય શિક્ષક સંઘના પ્રમુખ અપૂર્વ શ્રીમાળીએ જણાવ્યું હતું કે સરકાર સમક્ષ અગાઉ અનેકવાર લેખિત તથા મૌખિક રજૂઆતો કરવા છતાં લાંબા સમયથી પડતર રહેલા પ્રશ્નો અંગે યોગ્ય અને સત્વરે કોઈ નક્કર નિર્ણય લેવામાં આવ્યો નથી. જેના કારણે આખરે શિક્ષકોને નાછૂટકે આંદોલનનું શસ્ત્ર ઉગામવાની ફરજ પડી છે. બદલીની નીતિ, બઢતીના આર્થિક લાભો અને સેવાને સળંગ ગણવાની બાબતોને લઈને HTAT શિક્ષક વર્ગમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. અમે સરકાર સમક્ષ પ્રમુખ માંગણીઓ રજૂ કરવામાં આવી છે. જેમાં તમામ પ્રકારની બદલીઓની પ્રક્રિયા વાર્ષિક ધોરણે નિયમિત અને પારદર્શક રીતે ઘડવામાં આવે તેવી મુખ્ય માંગણી છે. આ ઉપરાંત બઢતીથી નિમણૂક પામેલા HTAT મુખ્ય શિક્ષકોને આર્થિક લાભરૂપે એક ઈજાફો આપવા તેમજ 1 એપ્રિલ 2005 પછી નિમણૂંક પામેલા તમામ કર્મચારીઓને જૂની પેન્શન યોજના (OPS)માં સામેલ કરવામાં આવે.

આ આંદોલનમાં ગ્રાન્ટેડ સંસ્થાના કર્મચારીઓની અગાઉની સેવાને હાલની સેવા સાથે સળંગ ગણવા બાબતે પણ રજૂઆત છે.

# વિદ્યાર્થીઓ ભરેલી સ્કૂલ બસ તળાવમાં ખાબકતા અટકી..!!

## ડ્રાઈવરની તબિયત લથડતા સ્કૂલ બસે બે દુકાનોને ઉડાવી

**ગાંધીનગર**

ગાંધીનગરમાં કાનપુર ગામથી છાલા તરફ જતી 'સ્કૂલ ઓફ એચીવર્સ'ની 3થી 4 વિદ્યાર્થીઓ સાથે બસ તળાવમાં ખાબકતા-ખાબકતા રહી ગઈ હતી. સ્કૂલ બસ ચાલકની અચાનક તબિયત લથડતા તેણે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો અને બસ રોડની સાઈડમાં એક દુકાન અને પાના ગલ્લાને અડફેટે લઈ સળસળાટ તળાવ તરફ ધસી ગઈ હતી. જોકે, અવરોધોને કારણે બસ તળાવના જ કિનારે અટકી જતાં મોટી જાનહાનિ ટળી હતી.

શિહોલી સ્થિત 'સ્કૂલ ઓફ એચીવર્સ'ની બસ સવારે કાનપુર ગામેથી 3 થી 4 માસૂમ બાળકોને લઈને છાલા તરફ અન્ય વિદ્યાર્થીઓને લેવા જઈ રહી હતી. ત્યારે રસ્તામાં અચાનક જ બસ ડ્રાઈવરની તબિયત બગડી હતી અને તેને ચક્કર આવતા બસ પરનું નિયંત્રણ ગુમાવ્યું હતું. જેના લીધે બસે રોડની સાઇડમાં આવેલી એક દુકાન અને પાનના ગલ્લાને જોરદાર ટક્કર મારીને આગળ વધી હતી.

આ ટક્કર એટલી ખતરનાક હતી કે, પાનનો ગલ્લો ફંગોળાઈને સીધો નજીકના પાણી ભરેલા તળાવમાં જઈ પડ્યો હતો. બસમાં સવાર બાળકોએ બૂમાબૂમ કરી મૂકી હતી અને બસ પણ સીધી તળાવ તરફ સળસળાટ આગળ વધવા લાગી હતી.

જોકે, કિનારે આવેલા અવરોધોને કારણે બસ પાણીમાં પડતા-પડતા છેલ્લી ક્ષણે અટકી ગઈ હતી. તો બીજ તરફ બસની નીચે કચડાઈ જતાં એક કૂતરું મોતને ભેટ્યું હતું.

# જીતનગરમાં માનવ વસ્તી નજીક દીપડો દેખાતાં ભયનો માહોલ, પાંજરું મૂકવા ગ્રામજનોની માંગ



**નસવાડી,ઇમરાન મિર્ઝા**

નસવાડી તાલુકાના જીતનગર (ગોયાવાટ) ગામે રાત્રિના આશરે ૧૨:૩૫ કલાકે માનવ વસ્તી નજીક એક દીપડો શિકારની શોધમાં લટાર મારતો નજરે પડ્યો હતો, જે સમગ્ર ઘટના સીસીટીવી (CCTV) કેમેરામાં કેદ થઈ હતી

સ્થાનિક ગ્રામજનના જણાવ્યા અ નુસાર, દીપડાએ તેમના ફા ર્મહાઉસની અંદર કૂદવાનો પણ ઘણો પ્રયાસ કર્યો હતો.

જો દીપડો ફાર્મહાઉસમાં ઘૂસી ગ યો હોત તો જાનમાલને ભારે નુકસાન પહોંચાડી શકત.

દરમિયાન ઘરના પાળેલા કૂતરાઓએ ભસવાનું શરૂ કરી દેતાં પ રિ વારજનોએ તાત્કાલિક કૂત રાઓને ઘરની અંદર સુરક્ષિત કરી દીધા હતા.

દીપ ડાની હાજરીની જાણ થતાં જ આસપાસના ગ્રામજનો એકત્રિત થઈ ગયા હતા અને લોકોમાં ભારે ગભરાટ ફેલાયો હતો ગ્રામજનોએ વ ન વિભાગ સમક્ષ તા ત્કાલિક અરજ કરી છે કે ગામમાં વહેલી તકે પાં જ રું ગોઠવવામાં આવે અને આ દીપડાને ઝડપી લઈ અન્યત્ર સુરક્ષિત સ્થ ળે મુક્ત કરવામાં આવે જેથી લોકો નિર્ભય બની શકે.

### લાખો થાપણદારોના વિશ્વાસનો સવાલ

# સહકારી ક્ષેત્રમાં નૈતિકતાનો સવાલ: જ્યોતિન્દ્ર મહેતા સામે તપાસની માંગ

**ગાંધીનગર**

સહકારી ક્ષેત્ર માત્ર નાણાકીય વ્યવહારોનું માધ્યમ નથી, પરંતુ લાખો નાના થાપણદારો, ખેડૂતો અને સામાન્ય નાગરિકોના વિશ્વાસ પર ઊભેલી વ્યવસ્થા છે. સામાન્ય માણસ પોતાની જીવનભરની બચત સહકારી બેંકોમાં સુરક્ષિત રહેશે તેવા વિશ્વાસ સાથે જમા કરાવે છે. ત્યારે સહકારી ક્ષેત્રના અગ્રણી નેતાઓના પરિવારજનો સામે નાણાકીય ગેરરીતિ અને કૌભાંડના ગંભીર આરોપો ઊભા થાય તો સમગ્ર વ્યવસ્થા સામે સવાલો ઊભા થવું સ્વાભાવિક છે. સહકારી ક્ષેત્રના અગ્રણી નેતા જ્યોતિન્દ્ર મહેતા અને તેમના પરિવારજનોને લઈને ઊભી થયેલી નૈતિકતા તથા નાણાકીય ગેરરીતિઓની ચર્ચાએ હવે સહકારી આલમમાં ભારે ચર્ચા જગાવી છે. સૌથી મોટો સવાલ એ છે કે પારદર્શિતા અને વિશ્વાસની વાતો કરનારા આગેવાનો પોતાના પરિવારજનો સામે ઊભા થયેલા ગંભીર મુદ્દાઓ પર સ્પષ્ટતા કેમ નથી કરતા?

સહકારી બેંકોમાં સામાન્ય લોકો પોતાની પરસેવાની કમાણી જમા કરાવે છે. આવી સંસ્થાઓમાં જો વગ, હોદ્દો કે પ્રભાવનો દુરુપયોગ કરીને ગેરરીતિઓ થવાના આરોપો સામે આવે તો તેની સીધી અસર સામાન્ય થાપણદારોના વિશ્વાસ પર પડે છે.


'પાક્કો ગુજરાત' જનહિતમાં કેટલાક સીધા સવાલો ઉઠાવે છે– શું જ્યોતિન્દ્ર મહેતા આ સમગ્ર મામલે પોતાની નૈતિક જવાબદારી સ્વીકારીને સ્પષ્ટતા કરશે? શું પરિવારજનો સામે ઊભા થયેલા આરોપોની તટસ્થ અને ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવશે? અને સૌથી મહત્વનો પ્રશ્ન, શું સહકારી ક્ષેત્રમાં જવાબદારી માત્ર નાના કર્મચારીઓ પૂરતી જ મર્યાદિત છે કે પછી ઉચ્ચ હોદ્દા પર બેઠેલા લોકો માટે પણ સમાન નિયમો લાગુ પડશે?

સહકારી ચળવળનો પાયો વિશ્વાસ, પારદર્શિતા અને જવાબદારી પર ટકેલો છે. જો આ પાયાને મજબૂત રાખવો હોય તો ગંભીર આરોપો સામે માત્ર મૌન નહીં, પરંતુ પારદર્શક તપાસ જરૂરી છે. સહકારી ક્ષેત્રમાં જનતાનો વિશ્વાસ જળવાઈ રહે તે માટે સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે અને તપાસમાં જે કોઈ દોષિત ઠરે તેની સામે કડક કાયદાકીય કાર્યવાહી થાય તેવી માંગ ઉઠી રહી છે.

હવે સવાલ માત્ર એક વ્યક્તિ કે પરિવારનો નથી, પરંતુ લાખો થાપણદારોના વિશ્વાસ અને સમગ્ર સહકારી ક્ષેત્રની વિશ્વસનીયતાનો છે. સત્ય શું છે તે તટસ્થ તપાસથી જ બહાર આવી શકે છે.

# સચિવાલયને બોમ્બથી ઉડાવવાની ધમકી આપનારા બિહાર-ઝારખંડથી ઝડપાયા

## ગુલશન કુમારે 5 લાખથી વધુ ઈ-મેલ ID-પાસવર્ડ બનાવ્યા, બાંગ્લાદેશના એન્ટી-નેશનલ તત્વો સાથે સંડોવણી ખુલી!!



**ગાંધીનગર**

ગાંધીનગરમાં મુખ્યમંત્રી કાર્યાલય, વિધાનસભા અને અન્ય સરકારી ભવનોને બોમ્બથી ઉડાવી દેવાના ધમકીભર્યા ઈ-મેઈલ મોકલનાર બે આરોપીઓને બિહાર અને ઝારખંડથી દબોચી લેવાયા.10 સપ્ટેમ્બરે સચિવાલયને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો ઈ-મેલ મળ્યા બાદ સાયબર ટીમે ટેકનિકલ એનાલિસિસ હાથ ધરી. તપાસમાં ઈ-મેલનો ઉપયોગ કરનારનું લોકેશન બિહારના ભાગલપુરમાં મળતાં ત્યાંથી રોશન કુમારની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ તેની કડી ઝારખંડના દેવઘર સુધી પહોંચતાં મુખ્ય આરોપી ગુલશન કુમાર સિંહને પણ ઝડપી લેવામાં આવ્યો હતો. આરોપીઓ પાસેથી 5,13,847 યુનિક ઈ-મેઈલ આઈડી તથા પાસવર્ડનું લિસ્ટ મળી આવ્યું. જેનો ઉપયોગ ધમકી માટે કરવામાં આવતો. જેના બદલામાં આરોપીઓને બાંગ્લાદેશમાં રહેતા સહ આરોપીઓ તરફથી નાણાકીય સહાય પઠણ કરવામાં આવતી હોવાનો ખુલાસો થયો છે. સાયબર સેલ ઓફ એક્સલન્સના એસપી વિવેક ભેડાએ જણાવ્યું કે,ગુલશન કુમાર સિંહે અત્યાર સુધીમાં 5 લાખથી વધુ યુનિક Gmail ઈ-મેલ ID અને પાસવર્ડ બનાવ્યા હોવાનું સામે આવ્યું. તે માત્ર ઈ-મેલ ID અને પાસવર્ડ જ નહીં, પરંતુ ઓથેન્ટિકેટર અને સીડ કોડ પણ તૈયાર કરતો હતો.

### ટ્રકની બોડીની બહાર સુધી મેન્ટલ ભરાતાં અકસ્માતનો ભય

# નસવાડી-બોડેલી રોડ પર ઓવરલોડ મેન્ટલ ભરેલી ટ્રકો બેફામ દોડતી હોવાના આક્ષેપ

**છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા**

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી-બોડેલી માર્ગ ઉપર કોરીમાંથી મેન્ટલ ભરીને પસાર થતી કેટલીક ટ્રકો બેફામ દોડતી હોવાના આક્ષેપો સામે આવ્યા છે. ટ્રકોમાં નિયમ વિરુદ્ધ ઓવરલોડ મેન્ટલ ભરવામાં આવતું હોવાની તેમજ ટ્રકની બોડીની બહાર સુધી મેન્ટલ દેખાય તે રીતે માલસામાન ભરવામાં આવતો હોવાની ફરિયાદો ઉઠી છે.

સરકારી નિયમો મુજબ કોરી મટીરીયલ સહિત બાંધકામ સામગ્રીનું પરિવહન કરતા વાહનોમાં માલસામાનને યોગ્ય રીતે તાડપત્રીથી ઢાંકીને લઈ જવાનો નિયમ છે. તેનો હેતુ રસ્તા પર મટીરીયલ ન પડે અને પાછળથી આવતા વાહનચાલકો માટે જોખમ ઊભું ન થાય તે છે.

જોકે, નસવાડી-બોડેલી રોડ ઉપર કેટલીક મેન્ટલ ભરેલી ટ્રકોમાં નિયમોનું પાલન થતું ન હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. ટ્રકની ક્ષમતા કરતાં વધુ મેન્ટલ ભરવામાં આવતું હોવાની સાથે ટ્રકની બોડીની બહાર સુધી પથ્થરો દેખાતા હોવાના કારણે માર્ગ સલામતી અંગે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.



ઓવરલોડ મેન્ટલ ભરેલી ટ્રકો માર્ગ પરથી પસાર થાય ત્યારે મેન્ટલના નાના-મોટા પથ્થરો રસ્તા પર પડવાની શક્યતા રહે છે. આવી સ્થિતિમાં ટ્રકની પાછળથી પસાર થતા દ્વિચક્રી વાહનચાલકો તેમજ અન્ય વાહનચાલકો માટે અકસ્માતનું જોખમ ઊભું થઈ શકે છે.

નિયમોનું પાલન કરાવવાની જવાબદારી ખાણ-ખનીજ વિભાગ સહિત સંબંધિત તંત્રની હોવા છતાં આવી ટ્રકોનું નિયમિત ચેકિંગ અને નિયમભંગ કરનાર વાહનો સામે કાર્યવાહી કરવામાં આવે છે કે કેમ તે અંગે પણ સવાલો ઉઠી રહ્યા છે.

# ગાંધીનગર સચિવાલયના નકલી શ્રમ ઓફિસર બની તોડ કરનાર રીઢો ગુનેગાર જેતપુર પોલીસના સકંજામાં

**જેતપુર**

ગાંધીનગર સચિવાલયના શ્રમ ઓફિસર તરીકેની ખોટી ઓળખ આપી, કારખાનાના માલિકને ધાક-ધમકી આપી બળજબરીપૂર્વક પૈસા પડાવી લેનાર એક શાતિર આરોપીને જેતપુર ઉદ્યોગનગર પોલીસે ગણતરીના દિવસોમાં ઝડપી પાડ્યો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ પકડાયેલ આરોપી અગાઉ પણ નકલી ફૂડ સેફ્ટી ઓફિસર, નકલી પોલીસ અને નકલી ઈન્કમટેક્સ ઓફિસર બનીને લોકો સાથે છેતરપિંડી આચરી ચૂક્યો છે.

આ કેસની વિગત મુજબ, જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક કારખાનાના માલિકને ગત તારીખ ૨૬/૦૫/૨૦૨૬ ના રોજ બપોરે ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ ગાંધીનગર સચિવાલયમાંથી શ્રમ ઓફિસર ડી.કે. પટેલ તરીકે આપી હતી. તેણે કારખાનાના માલિકને ધમકાવતા કહ્યું કે, 'તમારા કારખાનાનો રાજકોટથી રિપોર્ટ આવેલ છે અને ત્યાં બાળ મજૂરો પકડાયેલ છે, જેથી મારે ક્લોઝર નોટીસનો રિપોર્ટ બનાવવાનો છે. જો હળવો રિપોર્ટ બનાવવો હોય તો રૂ. ૪૦,૦૦૦/- આપવા પડશે.'

### અકશા મોટર્સનું મહાકૌભાંડ

# ગાડીઓ ભાડે રાખી કરોડોની છેતરપિંડી! ભોગ બનનારાઓ પહોંચ્યા SP કચેરી

**સુરત**

વાહનો ભાડે રાખી દર મહિને મોટી આવકની લાલચ આપીને નિર્દોષ વાહનમાલિકો સાથે વિશ્વાસઘાત આચરતી ઠગ ટોળકીઓ સામે વધુ એક મોટો પર્દાફાશ થયો છે. 'અકશા મોટર્સ' નામના બેનર હેઠળ વાહનો ભાડે મેળવીને આચરવામાં આવેલા કરોડોના છેતરપિંડી કૌભાંડમાં ભોગ બનેલા અનેક માલિકોએ ભેગા મળીને જિલ્લા પોલીસ વડા (SP) સમક્ષ ન્યાય માટે ધા નાખી છે. મામલાની ગંભીરતા અને કૌભાંડના ઊંડા મૂળિયાં જોઈને જિલ્લા પોલીસ વડાએ તાત્કાલિક ધોરણે આ સમગ્ર કેસની તપાસ સ્થાનિક ક્રાઈમ બ્રાંચ (LCB)ને સોંપી દેતાં ઠગબાજોમાં ફફડાટ વ્યાપી ગયો છે. મળેલી વિગતો અનુસાર, અકશા મોટર્સ દ્વારા વાહનમાલિકોને આકર્ષક ભાડું આપવાના વાયદાઓ કરીને ફોર-વ્હીલર અને લક્ઝરિયસ વાહનો ભાડે લેવાનો ખેલ શરૂ કરવામાં આવ્યો હતો. શરૂઆતમાં સમયસર ભાડું ચૂકવીને વિશ્વાસ કેળવ્યા બાદ, અકશા મોટર્સના સંચાલકોએ મૂળ વાહનમાલિકોના વાહનોના કાગળો અને જીપીએસ લોકેશન સાથે છેડછાડ કરીને વાહનો પચાવી પાડવાનું કે અન્યત્ર ગીરવે મૂકી દેવાનું કૌભાંડ આચર્યું હોવાના ગંભીર આક્ષેપો ઊઠ્યા છે. મહિનાઓ સુધી ભાડું ન મળતાં અને વાહનો પણ પરત ન મળતાં માલિકોને પોતાની સાથે થયેલી ઠગાઈનો અહેસાસ થયો હતો.

અકશા મોટર્સના સંચાલકો તરફથી કોઈ યોગ્ય જવાબ ન મળતાં આખરે રોષે ભરાયેલા વાહનમાલિકો એકઠા થઈને જિલ્લા પોલીસ વડાની કચેરીએ પહોંચ્યા હતા. તેમણે જિલ્લા પોલીસ વડા સમક્ષ પોતાની હૃદયદ્રાવક વ્યથા રજૂ કરી હતી અને પોતાની રોજીરોટી સમાન ગાડીઓ પરત અપાવવા તથા અકશા મોટર્સના કૌભાંડીઓ સામે ગુનો નોંધી જેલના સળિયા પાછળ ધકેલવાની તાકીદની માંગ કરી હતી.

વાહનમાલિકોની રજૂઆતને ગંભીરતાથી લઈને જિલ્લા પોલીસ વડાએ સમય બગાડ્યા વિના કેસની તપાસ એલસીબી (Local Crime Branch)ને સોંપવાનો હુકમ કર્યો છે. એલસીબીની ટીમે ચાર્જ સંભાળતાં જ અકશા મોટર્સના હિસાબી ચોપડા, વાહનોના કરાર અને સંચાલકોના લોકેશન ટ્રેસ કરવાની દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે.

### માસ ફૂડ પોઈઝનિંગ કૌભાંડ

# સુરતની P.P. સવાણી હોસ્ટેલમાં 85 વિદ્યાર્થીઓ બીમાર પડતાં જાગેલું તંત્ર હવે આખા રાજ્યની હોસ્ટેલો ખૂંદશે!!

**સુરત**

સુરતની ચર્ચિત પી.પી. સવાણી હોસ્ટેલમાં પીરસાયેલા ઝેરી કે ભેળસેળિયા ખોરાકના કારણે એકસાથે ૮૫ જેટલા માસૂમ વિદ્યાર્થીઓ ગંભીર રીતે બીમાર પડતાં સમગ્ર રાજ્યમાં ભારે અરેરાટી સાથે ચકચાર મચી ગઈ છે. વિદ્યાના ધામ ગણાતા છાત્રાલયોમાં વિદ્યાર્થીઓના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ખિલવાડ થતો હોવાની આ ઘટના સામે આવતાં જ વાલીઓમાં રોષનો જ્વાળામુખી ફાટી નીકળ્યો છે. આ ગંભીર ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો પડતાં આખરે સંવેદનહીન તંત્ર અને શિક્ષણ વિભાગ એક્શન મોડમાં આવવા મજબૂર બન્યું છે. સુરતમાં પી.પી. સવાણી હોસ્ટેલના મેસમાં તૈયાર



થયેલું ભોજન આરોગ્યા બાદ એક પછી એક વિદ્યાર્થીઓને ઉલટી, ઉબકા અને પેટમાં અસહ્ય દુખાવાની ફરિયાદો શરૂ થઈ હતી. જોતજોતામાં ૮૫ જેટલા વિદ્યાર્થીઓની તબિયત લથડતાં હોસ્ટેલ પરિસરમાં અફરાતફરી અને નાસભાગનો માહોલ સર્જાયો હતો. આટલી મોટી સંખ્યામાં બાળકો બીમાર પડતાં જ તાત્કાલિક ધોરણે એમ્બ્યુલન્સો મારફતે તેઓને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. શિક્ષણના નામે લાખો રૂપિયાની ફી ઉઘરાવતી સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને કેવું ભોજન આપવામાં આવે છે તેનો આ જીવંત અને ખૌફનાક પુરાવો છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને રાજ્યના શિક્ષણ મંત્રી પ્રફુલ પાનસેરિયાએ તાત્કાલિક ધોરણે મોટો નિર્ણય લીધો છે. સુરતની ઘટના બાદ હવે માત્ર એક જ હોસ્ટેલ પૂરતી તપાસ સીમિત નહીં રહે, પરંતુ સમગ્ર ગુજરાત રાજ્યની તમામ ખાનગી અને સરકારી હોસ્ટેલોમાં ફૂડ સેફ્ટી અને આરોગ્ય વિભાગ દ્વારા સઘન તપાસ ઝુંબેશ (ઈન્સ્પેક્શન) ચલાવવાનો આદેશ આપવામાં આવ્યો છે.

### ઠગાઈનો ભોગ બનનાર પીડિતોનો આંકડો 29 પર પહોંચ્યો!

# આણંદમાં વિદેશ મોકલવાના નામે કરોડોનું મહાકૌભાંડ : કથિત વિઝા ફ્રોડમાં લાલચુ દંપતીની ધરપકડ કરાઈ

**આણંદ**

વિદેશ જવાની ઘેલછા અને 'ડોલર ડ્રીમ્સ'નો ગેરફાયદો ઉઠાવીને નિર્દોષ લોકોને પોતાના જાળમાં ફસાવતા વિઝા માફિયાઓ સામે આણંદ પોલીસે મોટો શિકંજો કસ્યો છે. કથિત વિઝા ફ્રોડ રેકેટમાં શંકાસ્પદ સંડોવણીના આક્ષેપ સાથે એક લાલચુ દંપતીની ધરપકડ કરવામાં આવી છે. આ ધરપકડ બાદ દંપતીના કાળો કારોબારનો પર્દાફાશ થતાં જ એકપછી એક પીડિતો સામે આવી રહ્યા છે, જેના કારણે ઠગાઈનો



ભોગ બનનાર પીડિતોની સંખ્યા વધીને ૨૯ પર પહોંચી ગઈ છે.

મળેલી વિગતો અનુસાર, આરોપી દંપતીએ આણંદ અને આસપાસના વિસ્તારના લોકોને ગેરંટી સાથે વિઝા એરેન્જ કરી આપવાની અને વિદેશ પ્રવાસની તમામ પ્રક્રિયા સરળતાથી પૂર્ણ કરી દેવાની મોટી મોટી ગુલબાંગો ફેંકી હતી. વિદેશમાં સ્થાયી થવાનું કે નોકરી મેળવવાનું સપ્નું જોતા નિર્દોષ નાગરિકો આ દંપતીની ચીકણીચોપડી વાતોમાં આવી ગયા હતા. આરોપીઓએ પીડિતો પાસેથી લાખો-કરોડો રૂપિયા પડાવી લીધા બાદ ન તો વિઝા અપાવ્યા કે ન તો નાણાં પરત કર્યા.

ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને પોલીસે આ કેસમાં દંપતીની ધરપકડ કરી ઊંડાણપૂર્વકની પૂછપરછ હાથ ધરી છે. પોલીસ અત્યારે આ આખા રેકેટના વિશાળ નેટવર્ક, બોગસ દસ્તાવેજોના ખેલ અને આ કૌભાંડમાં સંકળાયેલા અન્ય સાગરીતો સુધી પહોંચવા માટે તપાસનો ધમધમાટ ચલાવી રહી છે. આ સાથે જ ૨૯ જેટલા પીડિતો પાસેથી આરોપીઓએ કુલ કેટલા કરોડ રૂપિયાની ઠગાઈ આચરી છે તેનું ચોક્કસ નાણાકીય આંકડાશાસ્ત્ર તૈયાર કરવામાં આવી રહ્યું છે.

## તંત્રી લેખ...

# વંશ ચલાવવાના 'તકલાદી' સંસ્કાર: સોસાયટીના નાકે જ્ઞાન વહેંચતા 'સંસ્કાર સંગ્રહાલયો' આજના યુવાનોને ઉપદેશ આપતા પહેલા પોતાના જમાનાના અરીસામાં જુએ!

સોસાયટીના નાકે કે ઓટલે ખુરશી નાખીને બેસી ગયેલા પોતાના જમાનાના સ્વયંભૂ 'સંસ્કારના ઠેકેદારો' જ્યારે આજની આધુનિક પેઢીને નૈતિકતા અને સંસ્કારનું જ્ઞાન પીરસવા લાગે, ત્યારે તેમની વાતો સાંભળીને હસવું કે દયા ખાવી તે સમજવું મુશ્કેલ બની જાય છે. તેમની વાતો સાંભળીને તો એવું લાગે કે જાણે તેમના જમાનામાં બાળકનો જન્મ કોઈ શારીરિક પ્રક્રિયા વગર જ થઈ જતો હશે! અથવા તો તે પેઢી વસ્તી વધારવાની કોઈ સરકારી યોજના હેઠળ ખાસ રેકોર્ડ બનાવવા માટે કામ કરતી હશે!

દરેક વાતમાં આજની પેઢીને વાંકી ગણાવતા અને વાત-વાતમાં કોસતા આ ચાલતા-ફરતા 'સંસ્કાર સંગ્રહાલયો'ને આજે એક તીખો સવાલ પૂછવો જરૂરી બની ગયો છે. તમારા જમાનામાં 'સંસ્કાર'નો સાચો અર્થ ખરેખર શું હતો?


દીકરો ન થાય ત્યાં સુધી સતત સંતાનો પેદા કરતા રહેવું?

પાંચ, આઠ કે દસ બાળકો થઈ ગયા પછી પણ 'વંશ તો ચાલવો જ જોઈએ'નું અંધ રટણ કરવું?

પોતાના બાળકોને પણ મોટા કરીને એ જ 'વંશવૃદ્ધિના કારખાના'માં ભરતી કરી દેવા?

**જનસંખ્યા વિસ્ફોટના અસલી 'ખેલાડીઓ' હવે કોચ બન્યા!**

આજે સમગ્ર દેશ અને દુનિયા જે ભયાનક જનસંખ્યા વિસ્ફોટ,




સંસાધનોની અછત અને મોંઘવારી સામે ઝઝૂમી રહી છે, તેના મૂળમાં આ 'વંશવૃક્ષ' અને 'વારસદાર'ના નામે સંતાનની ગણતરીને સિદ્ધિ માનનારી પેઢીનો જ સૌથી મોટો ફાળો છે. પહેલો દીકરો જોઈએ, પછી એ દીકરાને રમાડવા ભાઈ જોઈએ, પછી 'કુળનો દીવો' જોઈએ–આ ચક્કરમાં પરિવાર નહીં પણ માનવ ઉત્પાદન કેન્દ્રો ઊભાં કરવામાં આવતાં હતાં.

અને સૌથી મોટી રમુજ તો એ છે કે એ જ પેઢી આજે આજના સુશિક્ષિત યુવાનોને સંસ્કારના પાઠ શીખવવા નીકળી છે! આ તો બિલકુલ એના જેવી વાત થઈ કે વસ્તી વધારવામાં રેકોર્ડ બનાવનાર નિવૃત્ત ખેલાડી હવે પરિવાર નિયોજનનો માર્ગદર્શક બનીને સ્ટેજ પર ભાષણ આપવા ઊભો રહી ગયો હોય!

**જૂના ફિતુરો સામે આજની પેઢીનો સણસણતો પ્રહાર**

પરંતુ સમય બદલાયો છે. આજની યુવા પેઢી આ જૂની માનસિકતા અને વંશના ફિતુરોને ઘણી હદે ફગાવી રહી છે:

સમાનતાનો સ્વીકાર: દીકરો હોય કે દીકરી, બંનેને સમાન માનીને ઉછેરવાની સમજ અને પરિપક્વતા આજની પેઢીમાં વધી છે.

જવાબદારીનો એહસાસ: ભૂતકાળમાં બાળક માત્ર 'વંશની લાકડી' કે બુઢાપાનો સહારો માનવામાં આવતું હતું, જ્યારે આજની પેઢી માટે બાળક એક મોટી જવાબદારી અને સ્વતંત્ર વ્યક્તિ છે.

કુરીવાજો સામે બંડ: ભ્રૂણહત્યાના વિરોધથી લઈને દીકરીના ઉચ્ચ શિક્ષણ અને કારકિર્દી સુધી, આજની પેઢી જૂની સંકુચિત માન્યતાઓને ખુલ્લેઆમ પડકારી રહી છે.

**'પાક્કો ગુજરાત'નો રોકડિયો અને સીધો સંદેશ**

અત્યારના યુવાનોને સંસ્કાર અને પરંપરાના પાઠ શીખવતા પહેલાં આ વંશવૃદ્ધિના નિવૃત્ત સિપાહીઓએ એક વાર ભૂતકાળના અરીસામાં પોતાના ચહેરા જોઈ લેવા જોઈએ. સંસ્કારનો અર્થ માત્ર કેટલા બાળકો પેદા કર્યા તે સંખ્યા બતાવવાનો નથી, પરંતુ તેમને કેવું ગુણવત્તાસભર શિક્ષણ, સંસ્કાર અને જીવન આપ્યું તે છે.

હવે સમય બદલાઈ ચૂક્યો છે. આ યુગ માત્ર આંખ બંધ કરીને 'વંશ આગળ ધપાવવાનો' નથી, પરંતુ વિવેક, સમાનતા અને બુદ્ધિ આગળ ધપાવવાનો છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

શ્રીમદ્ ભગવદ્ ગીતા શ્રેણી: અધ્યાય – 12 (ભક્તિ યોગ)

# અધ્યાય 11માં અહંકાર તૂટ્યો, અધ્યાય 12માં હૃદય જોડાયું – ભક્તિ યોગનો અમૃત સાર

અધ્યાય ૧૧માં અર્જુને કૃષ્ણનું એવું વિરાટ વિશ્વરૂપ જોયું કે તેની આંખો સામે સમગ્ર બ્રહ્માંડ નાનું લાગવા માંડ્યું. જે કૃષ્ણને તે પોતાનો સખા અને સારથિ માનતો હતો, તે જ પ્રભુમાં તેણે સર્જન, પાલન અને કાળરૂપી સંહાર ત્રણેયનું પ્રત્યક્ષ દર્શન કર્યું. વિશ્વરૂપે અર્જુનનો અહંકાર ઓગાળી નાખ્યો. પરંતુ એ અતિશય તેજ અને ઉગ્ર સ્વરૂપથી સ્તબ્ધ થયેલા અર્જુને પ્રાર્થના કરી.. 'હે પ્રભુ! આપનું આ રૌદ્ર રૂપ સંકેલીને ફરીથી આપનું એ જ સૌમ્ય, ચતુર્ભુજ અને સ્નેહાળ સ્વરૂપ પ્રગટ કરો.'

અહંકાર તૂટ્યા પછી હવે અર્જુનના હૃદયમાંથી એક અત્યંત સહજ પ્રશ્ન જન્મે છે.

"હે કૃષ્ણ! જો આપ સમગ્ર સૃષ્ટિનું પરમ સત્ય છો, તો આપને પામવાનો સૌથી સરળ અને શ્રેષ્ઠ માર્ગ કયો? અદ્રશ્ય-નિરાકાર બ્રહ્મને ભજવો કે પ્રેમથી આપના સાકાર રૂપની ભક્તિ કરવી?"

અહીંથી શરૂ થાય છે ગીતાનો સૌથી ટૂંકો, મધુર અને હૃદયસ્પર્શી અધ્યાય ભક્તિ યોગ. જ્યાં જ્ઞાન અને કર્મનો માર્ગ તીક્ષ્ણ બુદ્ધિ તથા કઠોર પુરુષાર્થ માંગે છે, ત્યાં ભક્તિનો માર્ગ સીધો હૃદય અને નિર્દોષ સમર્પણ સાથે જોડાયેલો છે.

સાકાર કે નિરાકાર કયો માર્ગ શ્રેષ્ઠ?

અર્જુનનો આ સવાલ માત્ર કુરુક્ષેત્ર પૂરતો સીમિત નથી; એ આપણા સૌના મનનો પ્રશ્ન છે. ઈશ્વરને પામવા જંગલમાં જઈને કઠિન તપ કરવું, માત્ર શાસ્ત્રો ઉકેલવા, પૂજા-અર્ચના કરવી કે રોજિંદા જીવનમાં સત્કર્મ કરવા?

ભગવાન શ્રીકૃષ્ણ અતિ સુંદર ઉત્તર આપે છે. 'નિરાકાર, અદ્રશ્ય અને અવ્યક્ત બ્રહ્મની સાધના પણ અંતે મને જ પહોંચે છે, પરંતુ જ્યાં સુધી મનુષ્ય દેહધારી છે, ત્યાં સુધી રૂપ અને આકાર વગરના પરમતત્ત્વમાં મન સ્થિર કરવું અત્યંત કઠિન અને પીડાદાયક છે. જે ભક્ત પોતાના મન-બુદ્ધિને મારા સગુણ-સાકાર સ્વરૂપમાં પરોવી, પૂર્ણ શ્રદ્ધાથી મને સમર્પિત થઈને કર્મ કરે છે, તે મને સહજ રીતે પ્રાપ્ત કરે છે.'

બાળકને ભાષા શીખવતી વખતે સીધા વ્યાકરણના અમૂર્ત નિયમો સમજાવવા જઈએ તો તે મૂંઝાઈ જાય; પણ 'ક' કમળના ચિત્ર સાથે બતાવીએ તો તે ઝડપથી શીખી જાય છે. સાકાર ભક્તિ એ પરમાત્મા સાથે સ્નેહનો જીવંત સંબંધ બાંધવાનું સરળ માધ્યમ છે.

'જ્યાં બુદ્ધિ અને તર્ક થાકીને અટકી જાય છે, ત્યાંથી જ હૃદયની સાચી ભક્તિ શરૂ થાય છે.'

ભક્તિ એટલે માત્ર પૂજા નહીં ભક્તિ એટલે ઈશ્વર સાથેનો સંબંધ .આપણે ઘણીવાર માની લઈએ છીએ કે ભક્તિ એટલે માત્ર મંદિરમાં જવું, દીવો પ્રગટાવવો કે માળા ફેરવવી. પરંતુ ગીતા ભક્તિને ઘણું વિશાળ અને વ્યાવહારિક સ્વરૂપ આપે છે ઈશ્વરને સાક્ષી માનીને. કર્તવ્ય પૂરું કરવું. વિપરીત પરિસ્થિતિઓમાં પણ ઈશ્વર પર અતૂટ ભરોસો રાખવો. સફળતા મળે ત્યારે અહંકાર ન કરવો અને નિષ્ફળતામાં ઈશ્વરને દોષ ન દેવો.માતા પોતાના બાળકને કોઈ સ્વાર્થ કે ગણતરીથી પ્રેમ કરતી નથી; સાચો પ્રેમ ક્યારેય કારણ શોધતો નથી. આ જ નિઃસ્વાર્થ ભાવ ભક્તિનું સાચું સૌંદર્ય છે.શ્રીકૃષ્ણ જાણે છે કે દરેક મનુષ્યની ક્ષમતા અને મનની સ્થિતિ એકસરખી હોતી નથી. તેથી તેઓ કોઈ કઠોર બંધન લાદવાને બદલે ચાર સરળ વિકલ્પો આપે છે.



૧ મન અને બુદ્ધિનું પૂર્ણ સમર્પણ: જો શક્ય હોય તો તારા તમામ વિચારો, લાગણીઓ અને સંકલ્પો સંપૂર્ણપણે મારામાં સ્થિર કર.

૨. અભ્યાસ યોગ (સતત પ્રયત્ન): જો મન ચંચળ થઈને વારંવાર ભટકતું હોય, તો અભ્યાસ દ્વારા તેને ફરી-ફરી ઈશ્વર તરફ વાળવાનો પ્રયાસ કર.

૩. ઈશ્વર માટે કર્મ (સેવા ભાવ): જો ધ્યાન કે સાધના ન થઈ શકે, તો તું તારા દૈનિક કર્તવ્યોને જ ઈશ્વરની સેવા માનીને કર. શિક્ષક નિષ્ઠાથી ભણાવે, ખેડૂત ખેતી કરે, માતા પરિવારની સેવા કરે કે ખેલાડી રમે દરેક કાર્ય ઈશ્વરને અર્પણ કરી દેવું. કામ એ જ રહે છે, માત્ર દ્રષ્ટિકોણ બદલાય છે.

૪. કર્મના ફળનો ત્યાગ: જો ઉપરનું કંઈ પણ ન થઈ શકે, તો માત્ર પરિણામની આસક્તિ અને ચિંતા છોડી દે. પરિણામને પ્રસાદ સમજી સ્વીકારવાની માનસિકતા કેળવ.

મેદાન પર ઊતરેલો ખેલાડી જ્યારે સ્કોરબોર્ડ કે મેડલના દબાણમાં રમવાને બદલે પ્રક્રિયા (Process) અને પોતાની રમત પર ૧૦૦% ધ્યાન આપે છે, ત્યારે તેનું શ્રેષ્ઠ પ્રદર્શન આપોઆપ બહાર આવે છે. પરિણામનો ભાર છોડીને પ્રક્રિયામાં સમર્પિત થવું એ જ સાચો ભક્તિ યોગ છે.

'ભક્તિ એટલે સંસાર છોડીને જંગલમાં ભાગી જવું નહીં, પણ સંસારમાં રહીને બધું ઈશ્વરનું માનીને જીવવું.'

શ્રીકૃષ્ણને કેવો ભક્ત સૌથી વધુ પ્રિય છે?

અધ્યાય ૧૨નું હૃદય એ છે કે કૃષ્ણ મંદિરમાં ચડતી સામગ્રીની વાત નથી કરતા, પણ ભક્તના આંતરિક ગુણો દર્શાવે છે.

અદ્વેષ્ટા સર્વભૂતાનાં: જે કોઈ પણ જીવ પ્રત્યે વેર, ઈર્ષ્યા કે દ્વેષ રાખતો નથી.

મૈત્રઃ કરુણ એવ ચ: જે સૌ પ્રત્યે મિત્રતા અને કરુણાભાવથી વર્તે છે.

નિર્મમો નિરહંકારઃ: જેના અંતરમાંથી 'મારું' અને 'હું'નો અહંકાર ઓગળી ગયો છે.

સમદુઃખસુખઃ ક્ષમી: જે સુખ અને દુઃખ બંનેમાં સ્થિર રહે છે અને ક્ષમાવાન છે.

હર્ષામર્ષભયોદ્વેગૈર્મુક્તો યઃ સ ચ મે પ્રિયઃ: જે અતિશય હર્ષ, ક્રોધ, ભય કે માનસિક ઉદ્વેગથી પર છે તેવો ભક્ત મને અત્યંત પ્રિય છે.

સમઃ શત્રૌ ચ મિત્રે ચ તથા માનાપમાનયોઃ: જે શત્રુ અને મિત્ર પ્રત્યે, તેમજ માન અને અપમાનમાં સમાન ભાવ રાખે છે.

એક શિષ્યે કહ્યું: 'હું રોજ ભગવાનનું નામ લઉં છું.' ગુરુએ પૂછ્યું 'જ્યારે કોઈ તારું અપમાન કરે, તારાથી આગળ નીકળી જાય કે ધારેલું પરિણામ ન મળે ત્યારે તારી સ્થિતિ શું હોય છે?' શિષ્ય મૌન રહ્યો. ગુરુએ હસીને કહ્યું: 'મંદિરમાં તું ભગવાનને કેટલો યાદ કરે છે તેના કરતાં મુશ્કેલીમાં તું ભગવાનના આ ગુણોને કેટલા જીવે છે, તેના પરથી તારી સાચી ભક્તિ મપાય છે.'

'મંદિરમાં જઈને ઈશ્વર પાસે સુખ માંગવા કરતાં, ઈશ્વરને ગમે તેવા સજ્જન માણસ બનવું એ જ સાચી પૂજા છે.'

સફળતા મળે ત્યારે કહો: 'આ મારી મહેનત સાથે ઈશ્વરની કૃપા છે.'

નિષ્ફળતા મળે ત્યારે કહો: 'આ મારા માટે કોઈ નવો બોધપાઠ છે.'

કોઈ આગળ નીકળે તો ઈર્ષ્યા નહીં અને કોઈ પાછળ રહી જાય તો ઉપહાસ નહીં.

સાચી ભક્તિ એ ઈશ્વર પાસે માંગણીઓની યાદી રજૂ કરવી નથી, પણ પરિસ્થિતિ ગમે તેવી હોય તેનો હિંમતપૂર્વક સામનો કરી યોગ્ય કર્મ કરવાની શક્તિ માંગવી છે. અધ્યાય ૧૧ના વિશ્વરૂપે અહંકાર તોડ્યો, જ્યારે અધ્યાય ૧૨ના ભક્તિ યોગે હૃદયને ઈશ્વર સાથે જોડ્યું.

જે દિવસે પ્રાર્થના માત્ર ભગવાન પાસે માંગવાનું સાધન મટીને પોતાને અંદરથી બદલવાનું માધ્યમ બની જાય, તે દિવસથી સાચી ભક્તિની શરૂઆત થાય છે.

સમાપન

જીવનની અંતિમ યાત્રામાં આપણે કેટલા મંત્રો બોલ્યા તેનો હિસાબ નથી થતો; પરંતુ આપણે કેટલા હૃદયોમાં પ્રેમ, કરુણા, વિનમ્રતા અને શાંતિ વહેંચી એ જ આપણી સાધનાની સાચી ઓળખ બને છે. ઈશ્વર અનંત અને વિરાટ છે, પણ તેમને પામવાનો માર્ગ આપણા શુદ્ધ અને સમર્પિત હૃદય જેટલો જ સહજ છે.

ક્રમશઃ...

આગામી અધ્યાય ૧૩ – ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ વિભાગ યોગ માં આપણે જાણીશું–

'આ શરીર ખરેખર કોનું ક્ષેત્ર છે? શરીર, મન અને આત્મા વચ્ચેનો સાચો સંબંધ શું છે? 'હું કોણ છું?' અને આ દેહને જાણનારો 'ક્ષેત્રજ્ઞ' કોણ છે?'

**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

# જરૂર છે આ મુદ્દે જાગૃત થવાની! ગુજરાતમાં પોલીસ પણ હવે 'ઓન પેમેન્ટ' ભાડે મળી શકે છે? સુરક્ષાનો આ વેપાર કઈ દિશામાં લઈ જશે? જનતાની સુરક્ષા કે માત્ર ધનિકોની સુવિધા?

ગાંધીના ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા એ દરેક સામાન્ય નાગરિકનો બંધારણીય હક છે, પરંતુ વાસ્તવિકતા એ બની રહી છે કે ખાખી વર્દી પણ હવે 'ઓન પેમેન્ટ' ભાડે ઉપલબ્ધ છે! પૈસા ફેંકો અને પોલીસ મેળવો–આ નીતિએ આજે આખા રાજ્યની કાનૂની વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા કરી દીધા છે. જે પોલીસ સામાન્ય જનતાના ટેક્સના પૈસાથી પગાર મેળવે છે, તે જ વર્દી જ્યારે ચોક્કસ રકમ ચૂકવનારા ધનિકો, બિલ્ડરો, વ્યાજખોરો કે વગદારોના પર્સનલ બોડીગાર્ડ કે સિક્યુરિટી ગાર્ડ તરીકે સેવા આપવા લાગે, ત્યારે મોટો પ્રશ્ન થાય છે કે આ સુરક્ષાનો વેપાર કઈ દિશામાં જઈ રહ્યો છે?

૧. જનતાની સેવક કે ધનિકોની 'પ્રાઈવેટ લિમિટેડ'?

ગુજરાતના કોઈ ખૂણામાં જ્યારે સામાન્ય નાગરિક કે ગરીબ માણસ ચોરી, લૂંટ કે ધમકીની ફરિયાદ નોંધાવવા પોલીસ સ્ટેશનના ધક્કા ખાય છે, ત્યારે તેને સ્ટાફની અછત કે 'કાલે આવજો' જેવા જવાબો મળે છે. પરંતુ બીજી તરફ, તગડી ફી ચૂકવવાની ક્ષમતા ધરાવતા ધનાઢ્યો કે પહોંચતા લોકો માટે પોલીસ બંદોબસ્ત તાત્કાલિક ધોરણે હાજર થઈ જાય છે. સ્ટાફની અછતનું બહાનું: પોલીસ બેડામાં દર વર્ષે કર્મચારીઓની ઘટ હોવાની બૂમો પડે છે, છતાં ઓન પેમેન્ટ બંદોબસ્તમાં જવાનોને ફાળવી દેવામાં આવે છે. સુરક્ષાનો અસમાન અધિકાર: પૈસાવાળા વ્યક્તિ માટે સરકારી ખાખી સિક્યુરિટી, અને સામાન્ય પ્રજા કૂતરા-બિલાડાની જેમ રસ્તા પર રઝળવા મજબૂર? આ કેવા પ્રકારનું શાસન છે?

# ભચાઉના ગણેશ ટીંબી મંદિરે ગણેશ ચોથ નિમિત્તે શ્રદ્ધાળુઓ ઉમટ્યા

## ભાવપૂર્વક દર્શન સાથે યજ્ઞવિધિનો લાભ લીધો; મહાપ્રસાદ, ફરાળ અને લોકમેળાનું સુંદર આયોજન



ભચાઉ શહેરના કરગરીયા રોડ વિસ્તારમાં આવેલા પ્રસિદ્ધ ગણેશ ટીંબી મંદિરે ગણેશ ચોથના પાવન પર્વ નિમિત્તે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. વહેલી સવારથી જ ભક્તોએ ગણપતિ બાપાના ભાવપૂર્વક દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે મંદિર પરિસરમાં ધાર્મિક વાતાવરણ વચ્ચે યજ્ઞવિધિનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રદ્ધાળુઓએ ઉપસ્થિત રહી ધાર્મિક વિધિનો લાભ લીધો હતો.

ગણેશ ચોથના પાવન પર્વને લઈને મંદિર પરિસરને સુંદર રીતે શણગારવામાં આવ્યું હતું. ભક્તો માટે મહાપ્રસાદ તેમજ ફરાળની અતિ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. સાથે સાથે મંદિરના પ્રાંગણમાં લોકમેળાનું પણ આયોજન કરવામાં આવ્યું હોવાથી સમગ્ર પરિસરમાં ઉત્સવનો માહોલ છવાયો હતો. મોટી સંખ્યામાં ભક્તો પરિવાર સાથે ઉપસ્થિત રહી ધાર્મિક દર્શન ઉપરાંત મેળાનો પણ આનંદ માણ્યો હતો.

આ પ્રસંગે ફરાળ તેમજ મહાપ્રસાદના દાતા તરીકે શ્રી લેવા પાટીદાર બોર્ડિંગ સંચાલિત ભચાઉની વાણી વિનાયક આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, શ્રી લેવા પાટીદાર બોર્ડિંગ સંચાલિત સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા તથા શ્રી સરસ્વતી વિદ્યાલય, ભચાઉ–આ ત્રણેય સંસ્થાઓના મેનેજિંગ ટ્રસ્ટી, ભચાઉ શહેરના પ્રતિષ્ઠિત વ્યક્તિ તેમજ ભારતીય જનતા પાર્ટીના સનિષ્ઠ કાર્યકર શ્રી ભરતભાઈ કાવત્રા સાહેબના સહયોગથી ફરાળ તથા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર આયોજનમાં ધાર્મિક ભાવના સાથે સેવાભાવનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો. ભક્તોએ મહાપ્રસાદનો લાભ લઈ આયોજકો તથા સહયોગી દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ અંગે શ્રી લેવા પાટીદાર બોર્ડિંગ સંચાલિત સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, ભચાઉના સિનિયર શિક્ષક તેમજ અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ગ્રાન્ટેડ માધ્યમિક વિભાગના વરિષ્ઠ ઉપાધ્યક્ષ શ્રી રૂપેશભાઈ સોલંકીએ એક સત્તાવાર યાદીમાં જણાવ્યું હતું.

**- ભચાઉ, રૂપેશ સોલંકી**

# પહાજ ગામમાં વસીમ દિવાનની સનસનીખેજ હત્યા:

## હત્યારા આરીફ પટેલને ઝડપી પોલીસે કડક બંદોબસ્ત વચ્ચે કરાવ્યું રિકન્સ્ટ્રક્શન!

ભરૂચ જિલ્લાના પહાજ ગામમાં અંગત અદાવતમાં ખેલાયેલા ખૂની ખેલથી સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. ગામના જ વસીમ દિવાન નામના યુવકની અંગત વૈમનસ્યના કારણે કરપીણ હત્યા કરી દેવામાં આવી હતી. આ સનસનીખેજ ઘટનાને અંજામ આપનાર ગામના જ શખ્સ આરીફ પટેલને પોલીસે ઝડપી પાડ્યા બાદ ગુનાનું સ્થળ પર રિકન્સ્ટ્રક્શન કરાવી કાનૂની શિકંજો વધુ મજબૂત કર્યો છે.

### અંગત અદાવતમાં લોહિયાળ ખેલ: વસીમ દિવાનનું મોત

પહાજ ગામમાં આરીફ પટેલ અને વસીમ દિવાન વચ્ચે છેલ્લા કેટલાક સમયથી જૂની અંગત અદાવત ચાલી રહી હતી. આ જ બોલાચાલી અને તકરારનું પરિણામ એ આવ્યું કે આરીફ પટેલે આવેશમાં આવીને વસીમ દિવાન પર ઘાતક હુમલો કરી તેને મોતને ઘાટ ઉતારી દીધો હતો. ઘટનાને પગલે શાંત ગણાતા પહાજ ગામમાં સન્નાટો છવાઈ ગયો હતો અને પરિવારજનો સહિત ગ્રામજનોમાં ભારે શોક અને આક્રોશનો માહોલ સર્જાયો હતો.

### પોલીસે આરોપી આરીફ પટેલને દબોચ્યો

ઘટનાની જાણ થતાં જ પોલીસનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. હત્યાનો ગુનો નોંધીને પોલીસે તાત્કાલિક ધોરણે અલગ-અલગ ટીમો બનાવી ફરાર આરોપી આરીફ પટેલને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. ટૂંક જ સમયમાં પોલીસે ચોક્કસ બાતમીના આધારે મુખ્ય આરોપી આરીફ પટેલને દબોચી લીધો હતો અને તેની ઊંડાણપૂર્વક પૂછપરછ હાથ ધરી હતી.

### ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે પહાજ ખાતે રિકન્સ્ટ્રક્શન

હત્યા કેસમાં પુરાવા મજબૂત કરવા અને ઘટનાનું સત્ય સામે લાવવા માટે પોલીસ તંત્ર દ્વારા પહાજ ગામ ખાતે રીકન્સ્ટ્રક્શન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે સમગ્ર પહાજ ગામમાં અને ઘટનાસ્થળે ભારે પોલીસ બંદોબસ્ત તૈનાત કરી દેવાયો હતો. પોલીસ ટીમ આરોપી આરીફ પટેલને સ્થળ પર લઈ આવી હતી અને તેણે કઈ રીતે હુમલો કર્યો, કયા હથિયારનો ઉપયોગ કર્યો અને કઈ દિશામાં ભાગ્યો તે તમામ દ્રશ્યોનું તાદ્રશ્ય પુનરાવર્તન (રિકન્સ્ટ્રક્શન) કરાવ્યું હતું.

### 'પાક્કો ગુજરાત'નો સીધો સવાલ

ગામમાં જ આ રીતે નજીવી અદાવતમાં હત્યાઓ થઈ જવી તે કાયદો અને વ્યવસ્થા સામે ગંભીર સવાલ ઊભો કરે છે. 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર માંગ કરે છે કે વસીમ દિવાનના પરિવારને ન્યાય અપાવવા માટે આરોપી આરીફ પટેલ સામે ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચલાવીને કડકમાં કડક સજા ફટકારવામાં આવે જેથી ભવિષ્યમાં કોઈ આવું દુષ્કૃત્ય કરવાની હિંમત ન કરે.

# "કોઈને 10 લાખ, કોઈને 20 લાખના હપ્તા?"

## મહાત્મા ગાંધીના ગુજરાતમાં 'હપ્તારાજ'નો ભયાનક ખેલ, બૂટલેગરોના કાળા નાણાં સીધા નેતાઓના ખિસ્સામાં! સત્તાના સિંહાસનમાં ભૂકંપ!

ગુજરાતમાં કાગળ પર ચાલતી દારૂબંધી એ સામાન્ય નાગરિકો માટે માત્ર કાયદાનું નાટક છે કે પછી સત્તાધીશો અને બૂટલેગરો માટે કરોડો રૂપિયા લૂંટવાની 'સોનાની ખાણ'? આ સવાલ આજે રાજ્યના સાડા છ કરોડ નાગરિકોના દિલમાં આક્રોશ બનીને સળગી રહ્યો છે. દારૂના કાળાદંધામાંથી ઉઘરાવાતા લાખો અને કરોડો રૂપિયાના હપ્તા સીધા ધારાસભ્યો અને ઉચ્ચ સરકારી બાબુઓ સુધી પહોંચતા હોવાના સનસનાટીપૂર્ણ ખુલાસાએ સમગ્ર રાજ્યના રાજકારણ, ગૃહ વિભાગ અને વહીવટી તંત્રના પાયા હચમચાવી દીધા છે.

"કોઈને ૧૦ લાખ તો કોઈને ૨૦ લાખ"ની દર મહિને પાકી રકમ ચૂકવાતી હોવાનો જે ગંભીર આક્ષેપ થયો છે, તેણે સરકારના દાવાઓની ધજાગરા ઉડાવી દીધી છે. દારૂબંધીના નામે કાયદો અને વ્યવસ્થાની કેવી રીતે હરાજી થઈ રહી છે તેનો આ અત્યાર સુધીનો સૌથી ખૌફનાક પુરાવો છે.

૧. દારૂબંધી કે 'સંગઠિત કમાણીનું નેટવર્ક'?

ગાંધી અને સરદારની પવિત્ર ભૂમિ પર દારૂબંધીનો કાયદો લાવવા પાછળનો હેતુ સામાજિક સુરક્ષાનો હતો. પરંતુ આજે વાસ્તવિકતા એ છે કે આ કાયદો બૂટલેગરો, કટકીખોર પોલીસ અને લાલચુ નેતાઓની સિન્ડિકેટ માટે 'કાયમી આવકનું સાધન' બની ગયો છે.

ગાડીઓ સરહદ પાર કેવી રીતે થાય છે?: ગુજરાતની સીમાઓ પર ચેકપોસ્ટ, પોલીસ બંદોબસ્ત અને સીસીટીવી કેમેરા હોવા છતાં દરરોજ હજારો લીટર વિદેશી દારૂ રાજ્યમાં પ્રવેશ કરે છે. શું આ દારૂ હવામાં ઊડીને આવે છે? ના, આ બધું જ મહિને ચૂકવાતા લાખો રૂપિયાના 'વહીવટ'ના જોરે સરકારી છત્રછાયા હેઠળ થાય છે.

મહિનાના બાંધી હપ્તા: ૧૦ લાખ અને ૨૦ લાખના હપ્તા કયા કયા વિસ્તારમાંથી અને કયા આકાઓને મોકલવામાં આવે છે તે હવે કાગળ પર સાબિત કરવાની જરૂર નથી, કારણ કે પ્રજા પોતાની આંખે રોડ પર આ કાળો કારોબાર જોઈ રહી છે.

૨. ગાંધીનગરનું મૌન અને તંત્રની કુંભકર્ણી નિંદ્રા

આટલા ભયાનક અને સનસનાટીપૂર્ણ આક્ષેપો સામે આવ્યા બાદ પણ જો રાજ્યનું ગૃહ વિભાગ, ઉચ્ચ સત્તાધીશો કે સ્ટેટ મોનિટરિંગ સેલ મૌન ધારણ કરીને બેસી રહે, તો તેનો અર્થ એ જ થાય કે દાળમાં કાળું નથી, પરંતુ આખી દાળ જ કાળી છે!

### જો આ આક્ષેપો ખોટા છે, તો સરકાર આગળ આવીને પોતાની પવિત્રતા સાબિત કેમ નથી કરતી?

શું આ કાળી કમાણીનો હિસ્સો છેક ઉપર સુધી પહોંચે છે એટલે જ કોઈ બૂટલેગર કે હપ્તાખોર નેતા સામે કડક કાર્યવાહી કરવાની હિંમત તંત્રમાં નથી?

૩. પાક્કો ગુજરાતના ધાતક અને રોકડિયા સવાલો - સરકાર જવાબ આપે:

સવાલ ૧: બૂટલેગરો પાસેથી મહિને ૧૦ લાખથી ૨૦ લાખના હપ્તા લેનારા ધારાસભ્યો અને અધિકારીઓના નામો જાહેર કરવા માટે સિટીંગ જજની અધ્યક્ષતામાં સ્પેશિયલ તપાસ ટીમ (SIT)ની રચના ક્યારે થશે?

સવાલ ૨: સામાન્ય નાગરિક એક બોટલ સાથે પકડાય તો જેલમાં ધકેલાય છે, પરંતુ કરોડોનો વહીવટ કરનારા બૂટલેગરો અને નેતાઓ સામે ઈડી (ED) કે આઈટી (Income Tax)ની રેડ કેમ પડતી નથી?

સવાલ ૩: શું ગુજરાતમાં દારૂબંધીનો કાયદો માત્ર પ્રજાને હેરાન કરવા અને વહીવટદારોના ખિસ્સા ભરવા માટે જ જીવંત રાખવામાં આવ્યો છે?

### પ્રજાનો આક્રોશ અને જાગૃતિ:

હવે પાણી માથા પરથી પસાર થઈ ચૂક્યું છે. જનતાના વોટ મેળવીને સત્તા પર બેઠેલા પ્રતિનિધિઓ જો બૂટલેગરોના કાળા નાણાં પર પલતા હોય તો તે લોકશાહીનો સૌથી મોટો પરાજય છે. જો સરકારે પોતાનું અસ્તિત્વ અને નૈતિકતા સાબિત કરવી હોય તો આ હપ્તાખોરીની દુકાનો બંધ કરાવવી પડશે અને કૌભાંડી નેતાઓને જેલના સળિયા પાછળ ધકેલવા પડશે.

તમારો મત શું છે? શું ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર જ છે? આ હપ્તા રાજ સામે તમારો આક્રોશ કોમેન્ટ બોક્સમાં વ્યક્ત કરો અને આ સચ્ચાઈને સમગ્ર ગુજરાત સુધી પહોંચાડવા માટે પોસ્ટને વધુમાં વધુ શેર કરો!



# રાણાવાવ પોલીસ સ્ટે.ના આદિત્યાણાના કાદા વિસ્તારમાંથી દેશી દારૂની ભઠ્ઠી ઉપર LCBનો દરોડો

## દેશી દારૂ બનાવવાનો આથો લીટર 800,દારૂ બનાવવાના સાધનો મળી કુલ રૂા.23,525/- નો મુદ્દામાલ કબ્જે. આરોપીની શોધખોળ




ગોસા(ઘેડ), વિરમભાઈ કે.આગઠ

પોરબંદર એલ સી બી એ રાણાવાવ પોલીસ સ્ટેશન વિસ્તારના આદિત્યાણા ગામ કાદા વિસ્તારમાં કબ્જા હવાલા વાળા વાડામાં દેશી દારૂના અડ્ડા ઉપર દરોડો પાડી દેશી દારૂ બનાવવાનો આથો લીટર ૮૦૦ તેમજ દારૂ બનાવવા અને તેના ઉપયોગમાં લેવાતા સાધનો મળી કુલ રૂા. ૨૫,૫૨૫/- નો મુદામાલ ઝડપી પાડ્યો છે જેકે દારૂ બનાવનાર આરોપ ફરાર હોય તેની શોધખોળ ચાલી રહી છે. જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસ મા તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજા નાઓ દ્વારા પોરબંદર જીલ્લામાં દારૂ/જુગારની ગે.કા. પ્રવૃત્તિ નેસ્ત નાબુદ કરવા અને વધુમા વધુ કેસો શોધી કાઢવા કરેલ સુચના કરેલ

જેના અનુસંધાને એલ.સી.બી. ઈન્ચાર્જ પો.ઈન્સ. આર.કે. કાંબરીયા ના માર્ગદર્શન મુજબ એલ.સી.બી. સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન હેડ કોન્સ્ટેબલ હિમાંશુભાઈ મકકા તથા પોલીસ કોન્સ્ટેબલ નટવરભાઈ ઓડેદરા ને મળેલ હકીકત આધારે, આદિત્યાણા ગામ કાદા વિસ્તારમાં આરોપી અમરા પોલાભાઈ ગુરગુટીયાના કબ્જા હવાલાવાળા વાડા માંથી દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી શોધી કાઢી જેમાં દેશી પીવાનો દારૂ બનાવવાનો આથો લીટર ૮૦૦ કી.રૂા.૨૦,૦૦૦/-તથા આથાની વાસવાળા ૨૦૦-૨૦૦ લીટરના પ્લાસ્ટીકના બેરલ નંગ-૪ કી.રૂા. ૧૬૦૦/- તથા ખાલી ૨૦૦ લીટરના પતરાના બોઈલર બેરલ નંગ-૧ કી.રૂા. ૪૦૦/- તથા ખાલી ૨૦૦ લીટરના પતરાના ફીલ્ટર બેરલ નંગ-૧ કી.રૂા. ૪૦૦/- તથા પતરાના ૧૫-૧૫ લીટરના ખાલી ડબ્બા નંગ-૫ ની કી.રૂા.૨૫/- તથા ૫૦ લીટરનો ખાલી પ્લાસ્ટીકનો કેરબો નંગ-૧ની કી.રૂા. ૧૦૦/- તથા તાંબાની ગુંચળા આકારની નળી નંગ-૧ કી.રૂા. ૧૦૦૦/- મળી કુલ રૂા. ૨૩,૫૨૫/- નો મુદામાલ મળી આવતા હાજર નહી મળી આવેલ આરોપી અમરા પોલા ભાઈ ગુરગુટીયા વિરૂધ્ધ રાણાવાવ પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં.C-૧૧૨૧૮૦૧ ૫૨૬૦ ૭૦૨ /૨૦૨૬ પ્રોહી. ૬૫એફ મુજબનો ગુન્હા રજી. કરાવેલ છે. આ કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓમાં એલ.સી.બી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર. કે.કાંબરીયા તથા એ એસ આઈ બટુકભાઈ વિંઝુડા, રાજેન્દ્ર ભાઈ જોષી, ઉદયભાઈ વરૂ, રણજીતસિંહ દયાતર, ગોવિંદ ભાઈ મકવાણા, મુકેશભાઈ માવદીયા, કુલદીપસિંહ જાડેજા તથા હેડ કોન્સ્ટેબલ સલીમભાઈ પઠાણ,હિમાંશુ ભાઈ મકકા, ઉપેન્દ્રસિંહ જાડેજા, લક્ષ્મણ ભાઈ ઓડેદરા, જીતુ ભાઈ દાસા,વિરેન્દ્રસિંહ પરમાર તથા પોલીસ કોન્સ્ટેબલ નટવરભાઈ ઓડેદરા, અજયભાઈ ચૌહાણ તથા ડ્રા. પોલીસ કોન્સ્ટેબલ રોહિતભાઈ વસાવા વિગેરે રોકાયેલ હતા.

ગણેશ ચતુર્થીના પાવન પર્વે ભવ્ય 'બર્ડ રેસિડન્સ અને ચબૂતરા'નું શાનદાર લોકાર્પણ સંપન્ન

# દેવગઢ બારિયાના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાતો દિવસ




દેવગઢ બારિયા, જાબીર શુક્લા

દેવગઢ બારિયા નગરમાં આજે જીવદયા, પર્યાવરણ સંરક્ષણ અને મૂંગા પક્ષીઓ પ્રત્યેના અખૂટ પ્રેમનું એક અનોખું અને ઐતિહાસિક ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. નગરના ઈતિહાસમાં પહેલીવાર, આજે ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૬ અને સોમવારના રોજ, વિઘ્નહર્તા શ્રી ગણેશજીના પ્રાગટ્ય દિન એટલે કે ગણેશ ચતુર્થીના પવિત્ર પર્વે પાતાળેશ્વર મહાદેવ તળાવ પાસે નવનિર્મિત અદભુત અને ભવ્ય બર્ડ રેસિડન્સ અને ચબૂતરાનું ખૂબ જ હર્ષોલ્લાસ સાથે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. અનેક અડચણો પાર કર્યા બાદ આખરે ગજાનન ગણપતિની કૃપાથી આ જીવદયાનો મહાસંકલ્પ આજે સાકાર થયો છે. આ આકર્ષક અને વિશાળ ચબૂતરાનું નિર્માણ સ્વર્ગસ્થ પરેશભાઈ મજમુદાર (યુ.એસ.એ.) ની પાવન સ્મૃતિને ચિરંજીવ રાખવા અને તેમના ૮૦મા જન્મદિવસ નિમિત્તે કરવામાં આવ્યું છે. પક્ષીઓને કાયમી અને સુરક્ષિત આશ્રય મળી રહે તેમજ નિયમિત દાણા અને આહારની વ્યવસ્થા થાય તેવા ઉમદા હેતુથી તેમના પરિવારજનો પુત્રી નીપા મજમુદાર, આકાશ રાણાવત તેમજ દોહિત્રીઓ લીયા અને નાયા દ્વારા આ ભગીરથ કાર્યમાં ઉદાર આર્થિક સહયોગ અર્પણ કરવામાં આવ્યો છે. આ પવિત્ર સેવાકાર્યનું લોકાર્પણ દેવગઢ બારિયાના રાજમાતા ઉર્વશીદેવી બાપુરાજના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. આ સમગ્ર ઐતિહાસિક કાર્યક્રમના પ્રેરણાસ્ત્રોત અને સફળ આયોજક તરીકે નગરપાલિકાના પૂર્વ પ્રમુખો શ્રી નીલ સોની (પત્રકાર) અને ડો. ચાર્મી સોની રહ્યા હતા.

# શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સાધલીનું શોપિંગ સેન્ટર ઇંગ્લિશ દારૂ પીવા માટે કેન્દ્ર બન્યું

## સાધલી સબ યાર્ડના શોપિંગ સેન્ટરની મુતરડીની ગંદકી અને દુર્ગંધથી દુકાનદારો ત્રાહિમામ થયા



સાધલી, હસમુખ પટેલ

શિનોર તાલુકાના સાધલી મુકામે આવેલ બજાર સમિતિના શોપિંગ સેન્ટરના શૌચાલય તથા મુતરડી માં પારાવાર ગંદકી તથા દેશી વિદેશી દારૂની બોટલો મળી આવતાં જાણે કે દારૂના વેપલા નું આ સેન્ટર બનેલ છે. અને શિનોર પોલીસ ની રહેમ નજર આ દારૂ ના વેપલા તથા પીવા માટે માટે લાગી રહી છે. તારીખ 13 સપ્ટેમ્બર 2026 ના રોજ બજાર સમિતિના શોપિંગ સેન્ટરના મેળા ઉપર ગુજરાત પત્રકાર એકતા પરિષદના પ્રદેશ મહામંત્રી તથા જિલ્લાના પ્રમુખ, શિનોર તાલુકાના પત્રકારોને રૂપિયા દસ લાખની વીમા પોલિસી અને ઓળખ પત્ર આપવા આવ્યા હતા, તે સમયે મુતરડી ની પારાવાર દુર્ગંધ થી ત્રાસી ગયા હતા અને ધાબા પર ચઢવાના પગથિયા ઉપર પાન-પડીકીની પિચકારી ના લાલ ડાઘા સાથે સાથે ઈંગ્લીશ દારૂની મોટી બોટલો ખાલી મળી આવી હતી, જે સાબિત કરતી હતી કે આ સ્થળે વિદેશી દારૂની પાર્ટી થાય છે ,અને ગંદકી પણ થાય છે ,એકી સાથે વિદેશી દારૂના દશ-પંદર મોટા બંબુ દેખાતાં શિનોર પોલીસની કામગીરી પણ શંકા ના ડાયરામાં આવેલ છે, તથા તાજેતરમાં જ બજાર સમિતિના નવા વરાયેલા ચેરમેન મુકેશભાઈ પટેલ બિરલા જેવો નિયમિત સાધલી સબ યાર્ડ ની ઓફિસમાં આવે છે ,તેઓ આનાથી અજાણ હોય તેમ બની શકે નહીં,, અને છતાં પણ આવો દેશી વિદેશી દારૂનો વેપલો અને પીવાની પાર્ટીઓ ચાલુ હોય તો એ શિનોરની પોલીસની સાથે સાથે બજાર સમિતિ માટે પણ કલંકરૂપ છે.

# વાગરામાં લોખંડના સળિયાથી મિત્રની હત્યા કરનારને સજા:ભરૂચ કોર્ટે 2023ના કેસમાં આરોપીને આજીવન કેદ અને 50 હજારનો દંડ ફટકાર્યો

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચની સેશન્સ કોર્ટે વાગરાના દહેજમાં થયેલી એક હત્યાના કેસમાં આરોપીને આજીવન કેદની સજા ફટકારી છે.

આ કેસમાં કોર્ટે 50 હજાર રૂપિયાનો દંડ પણ કર્યો છે. આ હત્યા રૂચી પેટ્રોકાસ્ટ કંપનીની લેબર કોલોનીમાં પગારના ઝઘડાને કારણે થઈ હતી.

આ ઘટના 10 મે, 2023ના રોજ બની હતી. દહેજમાં આવેલી રૂચી પેટ્રોકાસ્ટ કંપનીની લેબર કોલોનીમાં મજૂરો વચ્ચે પગારને લઈને બોલાચાલી થઈ હતી. આ ઝઘડામાં આરોપી લાલબહાદુર કાદીર ગૌતમએ મજૂર અવધેશ દોબાલ ગૌતમના માથામાં લોખંડના સળિયા વડે છ ઘા માર્યા હતા. જેના કારણે અવધેશનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

આ બનાવ અંગે દહેજ પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ IPCની કલમ 302, 504 અને ગુજરાત પોલીસ એક્ટની કલમ 135 હેઠળ ગુનો નોંધાયો હતો. તપાસ પૂરી થયા પછી આરોપી સામે કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરાઈ હતી.

કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ મનોહરસિંહ જી. રાઠોડ દ્વારા 21 સાક્ષીઓની તપાસ કરવામાં આવી હતી. તેમણે 17 મહત્વના દસ્તાવેજી પુરાવા અને મજબૂત દલીલો કોર્ટમાં રજૂ કરી હતી. કોર્ટે આ પુરાવા અને દલીલોને ધ્યાનમાં રાખીને આરોપીને દોષિત ઠેરવ્યો હતો.

સેશન્સ જજ ઈ.એમ.શેખની કોર્ટે 11 સપ્ટેમ્બર, 2026ના રોજ આ કેસનો ચુકાદો આપ્યો હતો.

જે દુકાનેથી 6 વર્ષથી માલ ખરીદતો, ત્યાં જ ₹17 લાખની ચોરી!

# રાજપારડીની પીયૂષ જનરલ સ્ટોર્સમાં શટર ખોલી રોકડ ભરેલી બેગ ચોરી : ભરૂચ LCBએ ગણતરીના દિવસોમાં આરોપીને ઝડપી લીધો



ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના રાજપારડી નગરમાં આવેલી પીયૂષ જનરલ સ્ટોર્સમાંથી 17 લાખની રોકડ ચોરી થઈ હતી. ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ ગણતરીના દિવસોમાં આ ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે.

રાજપારડી ચાર રસ્તા પાસે આવેલી પીયૂષ જનરલ સ્ટોર્સ બીડી, સિગારેટ અને પાન પડીકીની જથ્થાબંધ દુકાન છે. 9 સપ્ટેમ્બરની વહેલી સવારે એક અજાણ્યો વ્યક્તિ શટર ખોલીને 17 લાખ રોકડ ભરેલી બેગ લઈને ભાગી ગયો હતો. આ ઘટના અંગે રાજપારડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી. બાતમીના આધારે પોલીસે છટકું ગોઠવી શંકાસ્પદ વ્યક્તિને પકડી પાડ્યો. પોલીસે જણાવ્યું કે પૂછપરછમાં આરોપીએ ચોરીની કબૂલાત કરી લીધી છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું કે આરોપી વેલુગામમાં 'એકતા પ્રોવિઝન સ્ટોર' નામની દુકાન ચલાવે છે. તેનો ધંધો બરાબર ચાલતો ન હોવાથી તેના પર દેવું થઈ ગયું હતું. તેની ઈકો ગાડીના હપ્તા પણ બાકી હતા. દેવામાંથી બહાર આવવા માટે તેણે ચોરીનું કાવતરું રચ્યું હતું. મહત્વની વાત એ છે કે આરોપી છેલ્લા છ વર્ષથી પીયૂષ જનરલ સ્ટોરમાંથી પોતાની દુકાન માટે સામાન ખરીદતો હતો. આ કારણે તેને દુકાન વિશે અને સવારના સમયે ત્યાં રોકડ રકમ હોવા વિશે જાણકારી હતી.પોલીસે જણાવ્યું કે, પોતાની ઓળખ છુપાવવા માટે આરોપીએ વહેલી સવારે રેઈનકોટ પહેર્યો હતો. તેણે હાથમાં મોજા અને મોં પર રૂમાલ બાંધીને ચોરી કરી હતી.

ચોરી કર્યા પછી આરોપી વાલિયા, ઝઘડિયા અને રાજપારડી વિસ્તારમાં ફરતો રહ્યો. પછી તેણે વાલિયાથી એક નવી બેગ ખરીદી. ચોરી કરેલી રકમ જૂની બેગમાંથી નવી બેગમાં ખસેડી. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે તેણે જૂની બેગ, રેઈનકોટ અને મોજા ધારોલી-પડવાણીયા રોડ પર બાવળની ઝાડીઓમાં ફેંકીને પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કર્યો હતો.

# દહેજ GIDCમાં Anugrah કંપનીની દિવાલ પાસે કેમિકલ જેવું પ્રવાહી!



ભરૂચ, રંગુની જાકીર

મીડિયામાં અહેવાલ પ્રકાશિત થયા બાદ પણ GPCBની કામગીરી સામે સવાલો; સ્થળ તપાસ અને સેમ્પલિંગ કરવામાં તંત્ર નિષ્ફળ?

દહેજ GIDCના સાંભેટી નજીક આવેલી Anugrah કંપનીની દિવાલ પાસે મેન રોડની બાજુમાં કેમિકલ જેવું પ્રવાહી જોવા મળવાના મુદ્દે મીડિયામાં અહેવાલ પ્રકાશિત થયા બાદ પણ GPCBની કામગીરી સામે સવાલો ઊભા થયા છે.

પ્રવાહીનો સ્ત્રોત શું છે? શું GPCB દ્વારા સ્થળ પર જઈ તપાસ કરવામાં આવી? પ્રવાહીના સેમ્પલ લેવામાં આવ્યા કે નહીં? સેમ્પલ લેવાયા હોય તો લેબોરેટરી રિપોર્ટમાં શું સામે આવ્યું?

ઔદ્યોગિક વિસ્તારમાં રસ્તાની બાજુએ શંકાસ્પદ પ્રવાહી દેખાય અને અહેવાલો પ્રસિદ્ધ થયા બાદ પણ તંત્ર દ્વારા તાત્કાલિક તપાસ ન થાય તો પર્યાવરણની દેખરેખ સામે ગંભીર પ્રશ્નો ઊભા થાય છે.

GPCB સ્થળ તપાસ કરી હકીકત બહાર લાવશે કે પછી મીડિયામાં અહેવાલો પ્રકાશિત થયા બાદ પણ કાર્યવાહી માત્ર કાગળ પર જ રહેશે?

હળવદના માથક ગામે કરૂણાંતિકા

# વીજળી પડતાં છોટાઉદેપુરના ઝોઝના ખેતશ્રમિક માતા અને 4 વર્ષના બાળકના સ્થળ પર જ મોત!!

## પોલીસે બંને મૃતદેહોનો કબજો મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા



છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

ચોમાસાની ઋતુ વચ્ચે મોરબી જિલ્લાના હળવદ તાલુકામાંથી એક ખૂબ જ કાળજું કંપાવી દેતી ઘટના સામે આવી છે. હળવદના માથક ગામની સીમમાં વીજળી પડવાના કારણે મગફળીના ખેતરમાં કામ કરી રહેલા છોટાઉદેપુર જિલ્લાના ઝોઝ ગામમાં શ્રમિક માતા અને તેમના ચાર વર્ષના માસૂમ પુત્રનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું છે. આ બનાવથી સમગ્ર વિસ્તારમાં ભારે શોકની કાલિમા છવાઈ ગઈ છે.

મળતી વિગતો મુજબ, હળવદ તાલુકાના માથક ગામની સીમમાં સાંજના સમયે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને કડાકા-ભડાકા સાથે વરસાદી ઝાપટૂં શરૂ થયું હતું.

આ દરમિયાન ખેતરમાં મગફળીનું કામ કરી રહેહળવદના માથક ગામે કરૂણાંતિકા: વીજળી પડતાં ખેતશ્રમિક માતા અને ૪ વર્ષના બાળકના સ્થળ પર જ મોત નીપજ્યું છે ચોમાસાની ઋતુ વચ્ચે મોરબી જિલ્લાના હળવદ તાલુકામાંથી એક ખૂબ જ કાળજું કંપાવી દેતી ઘટના સામે આવી છે. હળવદના માથક ગામની સીમમાં વીજળી પડવાના કારણે મગફળીના ખેતરમાં કામ કરી રહેલા શ્રમિક માતા અને તેમના ચાર વર્ષના માસૂમ પુત્રનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું છે. આ બનાવથી સમગ્ર વિસ્તારમાં ભારે શોકની કાલિમા છવાઈ ગઈ છે. મળતી વિગતો મુજબ, હળવદ તાલુકાના માથક ગામની સીમમાં સાંજના સમયે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને કડાકા-ભડાકા સાથે વરસાદી ઝાપટૂં શરૂ થયું હતું.આ દરમિયાન ખેતરમાં મગફળીનું કામ કરી રહેલા શ્રમિક મનકુબેન નાયકા અને તેમના ચાર વર્ષીય દીકરા શ્યામ નાયકા પર અચાનક આકાશી વીજળી ત્રાટકી હતી. વીજળીનો ઝાટકો એટલો શક્તિશાળી હતો કે માતા અને ચાર વર્ષના માસૂમ પુત્ર બંનેના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. અચાનક બનેલી આ કાળજું કંપાવી દેતી ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો સ્થળ પર દોડી આવ્યા હતા.

# કસકમાં કાંસનું ધોવાણ થતાં પાર્કિંગ ધસી પડ્યું, 8 કાર કાંસમાં ખાબકી

ભરૂચ

ભરૂચ શહેરમાં છેલ્લા બે દિવસથી પડી રહેલા ભારે વરસાદ વચ્ચે કસક વિસ્તારમાં મોટી દુર્ઘટના સર્જાઈ હતી. વરસાદી કાંસ નજીક આવેલા આંગણ એપાર્ટમેન્ટના પાર્કિંગની દીવાલ અને જમીનનો મોટો હિસ્સો અચાનક ધસી પડતાં પાર્ક કરેલી 7થી 8 જેટલી કાર કાંસમાં ખાબકી હતી. ઘટનામાં વાહનોને લાખો રૂપિયાનું નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે.

ભારે વરસાદના કારણે વરસાદી કાંસમાં પાણીનો પ્રવાહ વધ્યો હતો. તેજ પ્રવાહને કારણે કાંસના કિનારે ધોવાણ થતાં એપાર્ટમેન્ટના પાર્કિંગનો મોટો ભાગ નબળો પડી ગયો હતો. દરમિયાન અચાનક જમીન અને દીવાલ ધસી પડતાં પાર્કિંગનો ભાગ તેમજ શેડ પણ ધરાશાયી થયો હતો અને ત્યાં પાર્ક કરેલી અનેક કાર કાટમાળ સાથે કાંસમાં ખાબકી હતી.

ઘટનાને પગલે એપાર્ટમેન્ટના રહીશોમાં દોડધામ મચી ગઈ હતી.

સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, સોસાયટી પાછળથી પસાર થતી વરસાદી કાંસમાં પાણીના વધેલા પ્રવાહને કારણે ધોવાણની સ્થિતિ ગંભીર બની હતી.


રહીશોએ વરસાદી કાંસને કાયમી ધોરણે મજબૂત કરવા અને જરૂરી રિપેરિંગ કરવાની માંગ કરી છે. સાથે જ નુકસાનગ્રસ્ત વાહનોના માલિકોને થયેલા નુકસાન અંગે યોગ્ય વળતર આપવા પણ માંગ ઉઠી છે.

3 લાખનો મુદ્દામાલ જપ્ત, સુરતથી ઝઘડિયા લઈ જવાતો હતો જથ્થો

# અંકલેશ્વરમાં SOGએ NH-48 પરથી ગાંજાના જથ્થા સાથે 3 આરોપીની ધરપકડ

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) એ અંકલેશ્વર નેશનલ હાઈવે પરથી ગાંજાના જથ્થા સાથે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે ઓટોરિક્ષામાં લઈ જવાતો 3.09 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.




SOG ની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. તે દરમિયાન તેમને બાતમી મળી હતી કે સુરતનો અસફાક શેખ તેના સાથીદારો સાથે રિક્ષામાં ગાંજાનો જથ્થો લઈને સુરતથી અંકલેશ્વર તરફ આવવાનો છે. આ બાતમીના આધારે, ભરૂચ SOG એ અંકલેશ્વર હાઈવે પર હોટલ પરિવાર પાસે વોચ ગોઠવી હતી. બાતમીવાળી રિક્ષા આવતા પોલીસે તેને રોકી હતી. રિક્ષાની ડિક્કીમાં તપાસ કરતા સેલોટેપથી વીંટાળેલા ગાંજાના બે પેકેટ મળી આવ્યા હતા.

પોલીસે 94 હજાર રૂપિયાનો 1.890 કિલોગ્રામ ગાંજો, 1.50 લાખ રૂપિયાની રિક્ષા અને 50 હજાર રૂપિયા રોકડા મળી કુલ 3.09 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઝડપાયેલા આરોપીઓમાં સુરતના રૂસ્તમપુરા, અકબર શહીદ ટેકરા મહોલ્લા, પઠાણવાડ ડી.કે. હોસ્પિટલ પાસે રહેતો અસફાક મુસ્તાક શેખ, મહમંદ નવાબ મહમંદ હાસીમ અન્સારી અને શરીફશા ગનીશા દીવાનનો સમાવેશ થાય છે.

ગાંજાના જથ્થા અંગે પૂછપરછ કરતા, અસફાક શેખે કબૂલ્યું હતું કે તે આ જથ્થો સુરતના અશ્વિનીકુમાર રેલવે પટરી ઉપરથી મહમદ શકીલ મુસ્તાક બંગલાવાલા પાસેથી લાવ્યો હતો. આરોપીઓએ સુરતથી ઝઘડિયાના બાવાગોર દરગાહ ખાતે જઈ રહ્યા હોવાની પણ કબૂલાત કરી હતી.



### આકાંક્ષાએ સોશિયલ મીડિયા પર થતી ટ્રોલિંગ અંગે પણ પોતાની વાત રાખી

# 10 કરોડની એલિમનીની અફવા વચ્ચે આકાંક્ષા ચમોલાએ કર્યો મોટો ખુલાસો

મુંબઈ

અનુપમા' ફેમ અભિનેતા ગૌરવ ખન્ના (Gaurav Khanna) અને તેમની પત્ની આકાંક્ષા ચમોલા (Akanksha Chamola) પોતાના અલગાવને લઈને છેલ્લા કેટલાક સમયથી ચર્ચામાં છે. હવે આકાંક્ષાએ પોતાના ડિવોર્સ (Divorce) વચ્ચે સામે આવેલી 10 કરોડ રૂપિયાની એલિમની (Alimony) અંગેની અફવાઓ પર ખુલાસો કર્યો છે. અભિનેત્રીએ સ્પષ્ટ કર્યું છે કે તેમણે ગૌરવ ખન્ના પાસેથી 10 કરોડ રૂપિયાના ગુજરાન ભથ્થાની માંગ કરી નથી. 10 કરોડની એલિમની અંગે આકાંક્ષાએ શું કહ્યું? તાજેતરમાં Mashable India સાથેની વાતચીત દરમિયાન આકાંક્ષાને પૂછવામાં આવ્યું હતું કે શું તેઓ ડિવોર્સ બાદ 10 કરોડ રૂપિયાની એલિમની માંગી રહી છે. તેના જવાબમાં તેમણે આ દાવાને સીધો ફગાવી દીધો. આકાંક્ષાએ મજાકિયા અંદાજમાં કહ્યું કે જો તેમણે આટલી મોટી રકમ માંગી હોત અને તેમને મળી પણ ગઈ હોત, તો તેઓ ત્યાં બેસીને ઈન્ટરવ્યૂ ન આપી રહી હોત. તેમણે એમ પણ કહ્યું કે જો ખરેખર તેમની પાસે આટલા પૈસા હોત તો તેઓ અત્યાર સુધીમાં દેશ છોડીને ચાલી ગઈ હોત. આ રીતે આકાંક્ષાએ 10 કરોડ રૂપિયાની એલિમની અંગે ચાલી રહેલી અફવાઓને સ્પષ્ટ રીતે નકારી દીધી. ટ્રોલર્સને પણ આપ્યો જવાબ આકાંક્ષાએ સોશિયલ મીડિયા પર થતી ટ્રોલિંગ અંગે પણ પોતાની વાત રાખી. કેટલાક લોકો તેમને 'શુગર ડેડી સીકર' કહીને ટ્રોલ કરી રહ્યા હતા. તેનું કારણ એ હતું કે તેમણે 24 વર્ષની ઉંમરે ગૌરવ ખન્ના સાથે લગ્ન કર્યા હતા અને ગૌરવ તેમનાથી 10 વર્ષ મોટા છે. આ અંગે જવાબ આપતા આકાંક્ષાએ કહ્યું કે 30, 40 કે 50 વર્ષની ઉંમરના પુરુષોને 'શુગર ડેડી' કહેવામાં આવે છે. ગૌરવ તેમનાથી માત્ર 10 વર્ષ મોટા હોવાથી તેમને 'શુગર ડેડી' કહી શકાય નહીં. Instagram Username કેમ બદલ્યું નથી? આકાંક્ષાએ પોતાના Instagram Username અંગે પણ વાત કરી. હાલમાં તેમના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટનું નામ હજુ પણ 'આકાંક્ષા ગૌરવ ખન્ના' છે. ડિવોર્સની ચર્ચા વચ્ચે ઘણા લોકોનું ધ્યાન આ બાબત તરફ ગયું હતું. આ અંગે તેમણે જણાવ્યું કે તેઓ પોતાનું યુઝરનેમ બદલવા માંગે છે, પરંતુ Meta તરફથી આવી રહેલી સમસ્યાને કારણે તે બદલી શકી રહી નથી.

**આકાંક્ષા ચમોલા અને ગૌરવ ખન્નાના લગ્ન 24 નવેમ્બર 2016ના રોજ કાનપુરમાં થયા હતા**

# આમના શરીફના અવતારે મચાવી ધમાલ

### ટ્રેડિશનલ હોય કે વેસ્ટર્ન લુક, અભિનેત્રી આમના શરીફ હંમેશા ગ્લેમરસ લાગે છે



મુંબઈ

અભિનેત્રી આમના શરીફ તેના સ્ટાઈલિશ અંદાજને કારણે ચર્ચામાં છે. નાના પડદા પર 'કશિશ' નું પાત્ર ભજવનાર અભિનેત્રીના લાખો લોકો દિવાના છે. આમના શરીફ સોશિયલ મીડિયા પર તેના અલગ-અલગ ફોટા શેર કરે છે. તેના દ્વારા તે ફેન્સને તમામ અપડેટ્સ આપતી રહે છે. આ તસવીરમાં આમના શરીફ બ્લેક કલરની સાડી, એમ્બ્રોયડરી વાળા ડિઝાઈનર બ્લાઉઝ અને હેવી ઈયરરિંગ્સ સાથે રોયલ અને ક્લાસી લુકમાં અતિ સુંદર નજરે પડી રહી છે. આમનાને ફરવાનો ખૂબ શોખ છે, તે તેના ઈન્સ્ટાગ્રામ પરથી જોઈ શકાય છે. ટ્રેડિશનલ હોય કે વેસ્ટર્ન લુક, અભિનેત્રી આમના શરીફ હંમેશા ગ્લેમરસ લાગે છે. આમના શરીફે ટીવી, બોલિવૂડથી લઈને OTT પ્લેટફોર્મ સુધીની સફર કરી છે. આમનાએ 2003માં સિરિયલ કહી તો હોગાથી અભિનયની શરૂઆત કરી હતી. કશિશની ભૂમિકાએ આમનાને એક અલગ ઓળખ આપી. આમના પોતાના અભિનય અને સુંદરતાથી દર્શકો પર ઉંડી છાપ છોડી ચૂકી છે. ચાહકો તેની એક ઝલક માટે આતુર રહે છે. આવી સ્થિતિમાં તેના ફોટોશૂટ પણ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થાય છે. અભિનેત્રી આમના શરીફ તેના સ્ટાઈલિશ અંદાજને કારણે ચર્ચામાં છે. નાના પડદા પર 'કશિશ' નું પાત્ર ભજવનાર અભિનેત્રીના લાખો લોકો દિવાના છે. આમના શરીફ સોશિયલ મીડિયા પર તેના અલગ-અલગ ફોટા શેર કરે છે. તેના દ્વારા તે ફેન્સને તમામ અપડેટ્સ આપતી રહે છે. આ તસવીરમાં આમના શરીફ બ્લેક કલરની સાડી, એમ્બ્રોયડરી વાળા ડિઝાઈનર બ્લાઉઝ અને હેવી ઈયરરિંગ્સ સાથે રોયલ અને ક્લાસી લુકમાં અતિ સુંદર નજરે પડી રહી છે. આમનાને ફરવાનો ખૂબ શોખ છે, તે તેના ઈન્સ્ટાગ્રામ પરથી જોઈ શકાય છે.


# 'હનુમાન અંશ'એ 38મા દિવસે રચ્યો નવો ઈતિહાસ, 268 કરોડની કમાણી

### ભારતીય બોક્સ ઓફિસ પર 38 દિવસમાં રૂપિયા 214.63 કરોડનો વેપાર કર્યો છે. જ્યારે વર્લ્ડવાઈડ કુલ કલેક્શન રૂપિયા 268.05 કરોડ થઇ ગયું

મુંબઈ

આધ્યાત્મિક ગુરુ નીમ કરોલી બાબાના જીવન અને તેમના સંદેશાઓ પર આધારિત ફિલ્મ 'હનુમાન અંશ' થિયેટરોમાં કમાણીના તમામ જૂના રેકોર્ડ તોડી રહી છે. રિલીઝ થયાના 38મા દિવસે એટલે કે છઠ્ઠા રવિવારે આ ફિલ્મે એવો અદ્ભુત ધમાકો કર્યો છે જે મોટા બજેટ ફિલ્મો જેવી કે 'પુષ્પા 2' અને 'ધુરંધર 2' પણ પોતાના 38મા દિવસે કરી શકી નહોતી. શરૂઆતમાં ધીમી ગતિએ ચાલ્યા બાદ અચાનક બોક્સ ઓફિસ પર વાવાઝોડું લાવવાની બાબતમાં 'હનુમાન અંશ'નો કોઈ જવાબ નથી. હાલમાં આ ફિલ્મે અક્ષય કુમારની 'હૈવાન' અને પંકજ ત્રિપાઠી સ્ટારર 'મિર્ઝાપુર' જેવી મોટી ફિલ્મોને કમાણીની રેસમાં પાછળ છોડી દીધી છે. વિશાલ ચતુર્વેદીના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મ માત્ર રૂપિયા 2 કરોડના મામૂલી બજેટમાં તૈયાર થઈ હતી. 7 ઓગસ્ટે થિયેટરોમાં રિલીઝ થયેલી આ ફિલ્મને શરૂઆતના બે સપ્તાહમાં ખૂબ જ ઠંડો પ્રતિસાદ મળ્યો હતો. 8મા દિવસે તો ઘણા ટ્રેડ એનાલિસ્ટ્સે આ ફિલ્મને ફ્લોપ જાહેર કરી દીધી હતી. પરંતુ પ્રેક્ષકોની પબ્લિસિટી અને ચમત્કારિક રિવ્યૂના કારણે આ ફિલ્મે એવી રફતાર પકડી કે દરેક લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. 11 ઓગસ્ટથી આ ફિલ્મ વિદેશોમાં પણ રિલીઝ કરવામાં આવી છે. આ ફિલ્મની કહાણી માતાના અવસાન બાદ ઊંડા શોકમાં ગરકાવ થયેલા એક યુવક લક્ષ્મીનારાયણની છે, જે ઈશ્વરની શોધમાં ઘર છોડીને આધ્યાત્મિક યાત્રા પર નીકળે છે. આ ફિલ્મમાં શોભિનવ સત્યાએ ફિલ્મમાં નીમ કરોલી બાબાની મુખ્ય ભૂમિકા ભજવી છે. તેમની સાથે વિહાન શેડગે, ચંદન કે. આનંદ, પૂર્ણિમા તિવારી, અનિલ રસ્તોગી, ગુલશન પાંડે અને ભગવાનદાસ પટેલ જેવા સક્ષમ કલાકારોએ મહત્વના પાત્રો ભજવ્યા છે. રૂપિયા 500 કરોડની 'ટોક્સિક' રેસમાંથી બહાર કમાણીની વાત કરવામાં આવે તો, 38 દિવસનું બોક્સ ઓફિસ કલેક્શન રેકોર્ડબ્રેક રહ્યું છે.





# બિગ બોસ 20 ની કાસ્ટિંગ પર ઉઠ્યા સવાલો, ટ્રોલિંગ પર સલમાન ખાને તોડ્યું મૌન!


### કાસ્ટિંગ પ્રક્રિયા વિશે જણાવતા કહ્યું કે શોની ટીમ હજારો લોકોના ઈન્ટરવ્યુ લે છે, આશરે 8 મહિનાની મહેનત પછી 16 સભ્યોને પસંદ કરવામાં આવે છે

મુંબઈ

સુપરસ્ટાર સલમાન ખાને તાજેતરના 'વિકેન્ડ કા વાર' એપિસોડમાં બિગ બોસ 20 ને લઈને થઈ રહેલી ભારે ટીકાઓ પર ખુલીને વાત કરી છે. તેમણે સ્વીકાર્યું કે, શોની કાસ્ટિંગને લઈને મેકર્સથી કેટલીક ભૂલો થઈ છે. આ સાથે જ સલમાને ઘરના એવા સભ્યોનો ક્લાસ લીધો હતો, જેમણે પ્રથમ અઠવાડિયે શોમાં કોઈ ખાસ મનોરંજન પૂરું પાડ્યું ન હતું. બિગ બોસ એક એવો શો રહ્યો છે જેમાં કન્ટેસ્ટન્ટ્સ વચ્ચેની ટક્કર લાઈમલાઈટમાં રહે છે. જોકે, આ સીઝનમાં સ્પર્ધકો વચ્ચેની લડાઈ પ્રેક્ષકોને 'ક્રિન્જ' અને માત્ર શોરબકોર જેવી લાગી રહી છે. સોશિયલ મીડિયા પર શોના મેકર્સને ખરાબ કાસ્ટિંગ માટે ટ્રોલ કરવામાં આવી રહ્યા છે. કાસ્ટિંગ પર સલમાન ખાને આપી સ્પષ્ટતા આ ટીકાઓ પર ગંભીરતા દર્શાવતા સલમાન ખાને ઘરના સભ્યો સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો હતો.

તેમણે કહ્યું, "અમે વિચાર્યું હતું કે કન્ટેસ્ટન્ટ્સને સમજી-વિચારીને પસંદ કરાયા છે, પરંતુ ક્યારેક પસંદગીમાં ભૂલ થઈ જાય છે. જે કન્ટેસ્ટન્ટ્સ શોમાં ખાસ દેખાતા નથી, તેઓ ઓછો સ્ક્રીન ટાઈમ મળ્યાનો બચાવ કરે છે, પરંતુ અસલ વાત એ છે કે તેમનું કામ એટલું પ્રભાવશાળી નથી કે તેને શોમાં બતાવી શકાય." આ પણ વાંચો:છોડ થઈ જાય છે જંતુઓ, તો આ કુદરતી ઘટકોનો કરો છંટકાવ, એક અઠવાડિયામાં દેખાશે પરિણામ આ દરમિયાન સલમાને અમન ગાંધીને સમજાવતા કહ્યું કે જો તે મુખ્ય પાત્ર તરીકે દેખાવા માંગતો હોય તો તેણે તે મુજબ રમવું પડશે. જ્યારે ઉદિતિ સિંહને સણસણતો જવાબ આપતા કહ્યું કે તેને માત્ર સુંદરતાના આધારે નહીં પરંતુ તેની પર્સનાલિટીના કારણે શોમાં લાવવામાં આવી છે. સલમાન ખાને નેશનલ ટીવી પર કાસ્ટિંગ પ્રક્રિયા વિશે જણાવતા કહ્યું કે શોની ટીમ હજારો લોકોના ઈન્ટરવ્યુ લે છે. આશરે 8 મહિનાની મહેનત પછી અલગ-અલગ ક્ષેત્રોમાંથી 16 સભ્યોને પસંદ કરવામાં આવે છે.

# ગણેશ ચતુર્થીએ 'રામાયણ'નું 'સિયા રામ' પોસ્ટર રિલીઝ, પહેલી ઝલકથી ચાહકો થયા મંત્રમુગ્ધ



મુંબઈ

નિતેશ તિવારીના નિર્દેશનમાં બની રહેલી મોસ્ટ અવેટેડ ફિલ્મ 'રામાયણ' ફરી એકવાર ચર્ચામાં આવી છે. રણબીર કપૂર, સાઈ પલ્લવી અને યશ સ્ટારર આ પૌરાણિક ફિલ્મને લઈને દર્શકોમાં પહેલેથી જ ભારે ઉત્સુકતા છે. હવે ગણેશ ચતુર્થીના પાવન અવસર પર મેકર્સે ફિલ્મનું 'સિયા રામ' મોશન પોસ્ટર રિલીઝ કર્યું છે. ગણેશ ચતુર્થીએ થઈ શુભ શરૂઆત 14 સપ્ટેમ્બરે ગણેશ ચતુર્થીના દિવસે સવારે 7:30 વાગ્યે 'સિયા રામ'નું મોશન પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું હતું. આ સાથે ફિલ્મના મ્યુઝિકલ કેમ્પેઈનની પણ શરૂઆત થઈ છે.

મેકર્સનું માનવું છે કે ભગવાન ગણેશના આશીર્વાદ સાથે ફિલ્મની સંગીત સફરની શરૂઆત કરવી એક શુભ શરૂઆત છે. પોસ્ટરમાં જોવા મળેલી 'સિયા રામ'ની ઝલક સાથે બેકગ્રાઉન્ડ મ્યુઝિક પણ દર્શકોનું ધ્યાન ખેંચી રહ્યું છે. 'રામાયણ'નું પહેલું ગીત 'જય જય રામ' (Jai Jai Ram) ટૂંક સમયમાં રિલીઝ થવાનું છે. આ ગીતને એઆર રહેમાન (AR Rahman)એ કમ્પોઝ કર્યું છે, જ્યારે તેના શબ્દો ડૉ. કુમાર વિશ્વાસે લખ્યા છે. ગીતને અરિજીત સિંહ (Arijit Singh) અને શ્રેયા ઘોષાલ (Shreya Ghoshal)એ પોતાનો અવાજ આપ્યો છે.

મેકર્સ માટે આ ગીત ફિલ્મના મ્યુઝિકલ પ્રમોશનની શરૂઆતનું મહત્વનું પગથિયું છે. મેકર્સે સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને 'સિયા રામ' પોસ્ટર અને 'જય જય રામ'ના લોન્ચની જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે દરેક શુભ શરૂઆત પ્રાર્થનાથી થાય છે અને ગણેશ ચતુર્થીના દિવસે 'સિયા રામ' સાથે 'રામાયણ'ની સંગીત સફર શરૂ કરવામાં આવી રહી છે.

## શ્રીલંકાને 72 રને હરાવી ટાઇટલ જીત્યું. ભારતે 183 રન બનાવ્યા, જેમાં સ્મૃતિ મંધાનાના 59 અને શેફાલી વર્માના 68 રન મુખ્ય હતા

# મહિલા એશિયા કપની ફાઈનલમાં ભારતનો શાનદાર વિજય

**દુબઇ**

દુબઈમાં રમાયેલી મહિલા એશિયા કપની ફાઈનલમાં ભારતીય મહિલા ટીમે શ્રીલંકા સામે શાનદાર પ્રદર્શન કરતાં 72 રને વિજય મેળવ્યો હતો. ભારતે પ્રથમ બેટિંગ કરતાં 20 ઓવરમાં 5 વિકેટે 183 રન બનાવ્યા હતા. જવાબમાં શ્રીલંકાની ટીમ ભારતીય બોલરો સામે માત્ર 111 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી સ્મૃતિ મંધાના અને શેફાલી વર્માએ બેટિંગમાં તોફાન મચાવ્યું, જ્યારે બોલિંગમાં શ્રી ચરણી અને દીપ્તિ શર્માએ શ્રીલંકાની કમર તોડી નાખી હતી. ભારતીય મહિલા ટીમ તરફથી સ્મૃતિ મંધાનાએ 39 બોલમાં 59 રનની શાનદાર ઈનિંગ રમી હતી. તેની ઈનિંગમાં 5 ફોર અને 3 સિક્સ




સામેલ હતી. શેફાલી વર્માએ પણ તોફાની બેટિંગ કરતાં 39 બોલમાં 68 રન બનાવ્યા હતા, જેમાં 9 ફોર અને 2 સિક્સ ફટકારી હતી. હરમનપ્રીત કૌરે 14 બોલમાં 14 રન બનાવ્યા હતા, જ્યારે રિચા ઘોષે 13 બોલમાં 17 રન સાથે 1 ફોર અને 1 સિક્સ ફટકારી હતી. દીપ્તિ શર્માએ 7 બોલમાં 5 રન બનાવ્યા હતા. ભારતી ફુલમાલીએ 3 બોલમાં 2 રન બનાવ્યા હતા, જ્યારે ગુનાલન કમાલિનીએ માત્ર 5 બોલમાં અણનમ 15 રન બનાવ્યા હતા, જેમાં 1 ફોર અને 1 સિક્સ સામેલ હતી. ભારતે 20 ઓવરમાં 5 વિકેટે 183 રનનો મજબૂત સ્કોર નોંધાવ્યો હતો. ભારતીય બેટ્સમેનો સામે શ્રીલંકન બોલરો ખાસ અસર પાડી શક્યા નહોતા. મિથાલી અયોધ્યાએ 4 ઓવરમાં 33 રન આપી 1 વિકેટ ઝડપી હતી. કવિશા દિલહરીએ 3 ઓવરમાં 29 રન અને સુગંધિકા કુમારીએ 4 ઓવરમાં 31 રન આપ્યા હતા, પરંતુ બંનેને એકપણ વિકેટ મળી નહોતી. ચમારી અથાપથ્થુએ 4 ઓવરમાં 34 રન આપી 1 વિકેટ ઝડપી હતી, જ્યારે ચામુડી પ્રબોધાએ 4 ઓવરમાં 40 રન આપી 1 વિકેટ લીધી હતી. નિલાક્ષી સિલ્વાએ 1 ઓવરમાં 15 રન આપ્યા હતા, પરંતુ તેઓ પણ વિકેટ મેળવી શક્યા નહોતા. 184 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી શ્રીલંકન ટીમની શરૂઆત સારી રહી નહોતી અને ભારતીય બોલરો સામે એક પછી એક વિકેટ ગુમાવતી ગઈ હતી.

## ભારતીય ટીમે મોહસિન નકવી પાસેથી ટ્રોફી ના સ્વીકારી

**દુબઇ**

ભારતીય મહિલા ટીમે એશિયા કપ ખિતાબ જીત્યા બાદ મોહસિન નકવીના હાથથી ટ્રોફી લેવાનો ઈનકાર કરી દીધો છે.



ગયા વર્ષે સપ્ટેમ્બરમાં યોજાયેલા પુરુષ એશિયા કપમાં પણ ભારતે નકવીના હાથથી ટ્રોફી લેવાનો ઈનકાર કરી દીધો હતો. રવિવારે ભારતે દુબઈમાં યોજાયેલા ફાઈનલ મુકાબલામાં શ્રીલંકાને 72 રનથી હરાવીને 8મી વાર એશિયા કપ જીત્યો. ત્યારબાદ યોજાયેલી પ્રેઝન્ટેશન સેરેમનીમાં શ્રીલંકન ટીમની કેપ્ટને નકવી પાસેથી ઉપવિજેતા ટ્રોફી અને ચેક લીધો. પરંતુ, ભારતીય ટીમ સ્ટેજ પર ન આવી. અહીં જ પ્રેઝન્ટેશન સેરેમની પૂરી કરી દેવામાં આવી. એશિયન ક્રિકેટ કાઉન્સિલના પ્રેસિડેન્ટ મોહસિન નકવી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના ચેરમેન અને પાકિસ્તાન સરકારમાં ગૃહ મંત્રી પણ છે. તેમણે ઓપરેશન સિંદૂર સમયે ભારત વિરોધી નિવેદનો આપ્યા હતા. આ જ કારણથી 2025માં ભારતીય પુરુષ ટીમે તેમના હાથથી ટ્રોફી લીધી ન હતી. ભારતીય મહિલા ટીમે પણ તે જ સ્ટેન્ડ પર કાયમ રહેતા નકવી પાસેથી ટ્રોફી લેવાનો ઈનકાર કરી દીધો.

### અભિષેકે 32 બોલમાં 82 રન ફટકાર્યા

## ભારતે અફઘાનિસ્તાનને 7 વિકેટે હરાવ્યું: 157 રનનો ટાર્ગેટ 13.4 ઓવરમાં ચેઝ કર્યો

**નવી દિલ્હી**

ભારતે પહેલી T20માં અફઘાનિસ્તાનને 7 વિકેટે હરાવ્યું. ટીમે 157 રનનો ટાર્ગેટ 13.4 ઓવરમાં ચેઝ કરી લીધો. અભિષેક શર્માએ 32 બોલમાં 82 રનની ઈનિંગ્સ રમી. તેણે 7 ચોગ્ગા અને 7 છગ્ગા ફટકાર્યા. અભિષેકે ઈશાન કિશન સાથે 121 રનની ભાગીદારી કરી. ઈશાન 42 રન બનાવીને આઉટ થયો. આ પહેલા અફઘાનિસ્તાને 20 ઓવરમાં 8 વિકેટે 156 રન બનાવ્યા હતા. અઝમતુલ્લાહ ઓમરઝાઈએ અણનમ 64 રન બનાવ્યા. ભારત માટે અર્શદીપ સિંહે 3 વિકેટ લીધી. ભારતે પહેલી T20માં અફઘાનિસ્તાનને 7 વિકેટે હરાવ્યું. 13.4 ઓવરમાં તિલક વર્માએ બેકવર્ડ પોઈન્ટ તરફ શોટ રમીને એક રન લેવાનો પ્રયાસ



કર્યો, પરંતુ ફિલ્ડરનો થ્રો સ્ટમ્પ સુધી ન પહોંચ્યો. ભારતના બેટર્સે ઓવરથ્રોનો ફાયદો ઉઠાવીને બીજો રન પૂરો કર્યો અને મેચ જીતી લીધી.

ભારતની જીતમાં અભિષેક શર્માની 82 રનની ઈનિંગ્સ મહત્વપૂર્ણ રહી. તેના સિવાય ઈશાન કિશને 42 રન બનાવ્યા. 12.4 ઓવરમાં મોહમ્મદ નબીના બોલ પર ઈશાન કિશને લોંગ-ઓન તરફ ઝડપી શોટ રમી લીધો, પરંતુ ત્યાં રાશિદ ખાને માથાની ઉપરથી શાનદાર કેચ પકડી લીધો. ઈશાન 33 બોલમાં 42 રન બનાવીને આઉટ થયો, જેમાં 5 ચોગ્ગા અને 1 છગ્ગો સામેલ રહ્યો. ભારતને 10.6 ઓવરમાં બીજો ઝટકો લાગ્યો. મોહમ્મદ નબીના ફૂલટોસ બોલ પર અભિષેક શર્માએ સ્લોગ રમવાનો પ્રયાસ કર્યો, પરંતુ શોટ યોગ્ય રીતે ટાઈમ ન કરી શક્યો. બોલ વાઈડ લોંગ-ઓન તરફ ગયો, જ્યાં રાશિદ ખાને ડાબી બાજુ દોડતા શાનદાર રિવર્સ-કપ કેચ પકડ્યો.

## રોહિતને કારણે અગરકરનું ટીમ ઇન્ડિયામાં ભવિષ્ય અધ્ધરતાલ

### BCCI તેમનો કોન્ટ્રેક્ટ લંબાવવા માંગે છે, પરંતુ રોહિત શર્માના મુદ્દે અગરકર નારાજ હોવાથી તેમણે પદ છોડવાના સંકેત આપ્યા

**નવી દિલ્હી**

ટીમ ઈન્ડિયાના ચીફ સિલેક્ટર અજીત અગરકર હાલમાં મોટા ધર્મસંકટમાં મુકાયા છે. સપ્ટેમ્બરમાં તેમનો સત્તાવાર કાર્યકાળ પૂર્ણ થઈ ચૂક્યો છે, પરંતુ તેમનો કોન્ટ્રેક્ટ આગળ વધારવામાં આવશે કે નહીં તે અંગે મોટો સસ્પેન્સ સર્જાયો છે. હાલના સંજોગોમાં એક તરફ અગરકરનું આત્મસન્માન અને વલણ છે, તો બીજી તરફ બીસીસીઆઈ (BCCI)ની જિદ્દ જોવા મળી રહી છે. આગામી વર્ષે ત્રણ દેશોમાં યોજાનારા 50-50 ઓવરના વર્લ્ડ કપની તૈયારીઓની ઉલટી ગણતરી શરૂ થઈ ગઈ છે, ત્યારે આ વિવાદથી ટીમ ઈન્ડિયાને સંભવિત નુકસાન થવાની ભીતિ છે. બીસીસીઆઈ




આજે અગરકર સાથે તેમના કોન્ટ્રેક્ટ અંગે વિગતવાર ચર્ચા કરશે, જેનાથી આગામી 48 કલાકમાં સ્થિતિ સ્પષ્ટ થઈ જશે કે તેઓ પોતાના પદ પર જળવાઈ રહેશે કે નહીં. જોકે બોર્ડ તેમના કાર્યકાળના વિસ્તરણ પક્ષમાં છે, પણ અગરકર તરફથી સકારાત્મક સંકેત મળી રહ્યા નથી. આગામી વર્લ્ડ કપની પ્લાનિંગ જ્યારે ઝડપથી આગળ વધી રહી છે, ત્યારે ટીમ ઈન્ડિયા માટે અજીત અગરકરનું રહેવું ખૂબ જ જરૂરી માનવામાં આવે છે. જો આ સમયે કોઈ નવો ચીફ સિલેક્ટર આવે છે, તો તેના માટે કપ્તાન, ટીમ, હેડ કોચ અને બીસીસીઆઈ સાથે તાલમેલ બેસાડવો અત્યંત મુશ્કેલ બની જશે. આ ઉપરાંત, નવી વ્યક્તિ માટે તાત્કાલિક ધોરણે આખી સિસ્ટમમાં ફિટ થઈને વર્લ્ડ કપની તૈયારીઓ સંભાળવી પણ મોટો પડકાર રહેશે. તેથી નવા સિલેક્ટરના આગમનથી ટીમ ઈન્ડિયાની તૈયારીઓ પર સીધી અસર પડી શકે છે. આ સમગ્ર વિવાદનું મુખ્ય કેન્દ્રબિંદુ પૂર્વ કેપ્ટન રોહિત શર્મા છે. સિલેક્શન કમિટી અને હેડ કોચ ગૌતમ ગંભીરની વર્લ્ડ કપની પ્લાનિંગમાં રોહિત શર્મા ફિટ બેસતો નથી. આ બંને ઈચ્છે છે કે બાકી રહેલી વન-ડે મેચોમાં રોહિતની જગ્યાએ અન્ય કોઈ યુવા ઓપનરને તક આપવામાં આવે, જેથી તેને યોગ્ય અનુભવ મળી શકે. પરંતુ જ્યારે રોહિત શર્માને આ અંગે જાણ કરવામાં આવી, ત્યારે વિવાદ ઊભો થયો હતો. રોહિતે આ મામલે બીસીસીઆઈના અધિકારીઓ સાથે વાત કરી હતી, જેના પછી બોર્ડ સચિવે રોહિતનો ખુલ્લેઆમ ટેકો આપતા સ્પષ્ટ કર્યું હતું કે રોહિત સારું રમી રહ્યો છે અને જ્યાં સુધી તે સારું પ્રદર્શન કરશે ત્યાં સુધી રમતો રહેશે.' બીસીસીઆઈનું રોહિત શર્મા પ્રત્યેનું વલણ અજીત અગરકર સુધી પહોંચી ગયું હતું.



### જીડીપી ચમકી પણ ગૃહિણીઓનું રસોડું 'સળગ્યું'

## ઓગસ્ટમાં રિટેલ મોંઘવારી વધીને 4.82% પર પહોંચી

**મુંબઇ**

દેશમાં મોંઘવારી ફરી ચિંતાજનક સ્તરે પહોંચી છે. ઓગસ્ટમાં રિટેલ મોંઘવારી 4.82% થઈ, જે જુલાઈમાં 4.45% હતી. ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ વધતા, ખાદ્ય મોંઘવારી 5.95% પર પહોંચી. ખાસ કરીને ડુંગળી 48.27% અને લસણ 43.60% મોંઘા થયા. જોકે, ટામેટા 31.09% સસ્તા થયા. RBIએ FY27 માટે મોંઘવારીનો અંદાજ 5% કર્યો છે. દેશમાં મોંઘવારીના મોરચે ફરી ચિંતા વધારી દેતા આંકડા સામે આવ્યા છે. સરકાર દ્વારા સોમવારે જાહેર કરાયેલા આંકડા અનુસાર, ઓગસ્ટ



મહિનામાં દેશની રિટેલ મોંઘવારી વધીને 4.82% થઈ છે. જુલાઈમાં રિટેલ મોંઘવારી દર 4.45% હતો. ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં વધારાને કારણે મોંઘવારી પર દબાણ વધ્યું છે. ઓગસ્ટમાં ખાદ્ય મોંઘવારી દર જુલાઈના 5.52%થી વધીને 5.95% થયો છે. ગ્રામ્ય વિસ્તારમાં ખાદ્ય મોંઘવારી 5.64%, જ્યારે શહેરી વિસ્તારમાં 6.13% નોંધાઈ છે. ઓગસ્ટમાં ડુંગળીના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. ડુંગળીની મોંઘવારી દર જુલાઈના 22.54%થી વધીને ઓગસ્ટમાં 48.27% થઈ ગયો છે. જ્યારે લસણની મોંઘવારી દર 35.36%થી વધીને 43.60% પર પહોંચી છે. બીજી તરફ, આદુના ભાવમાં થોડી રાહત જોવા મળી છે. આદુની મોંઘવારી દર જુલાઈના 83.57%થી ઘટીને ઓગસ્ટમાં 73.82% થયો છે. ડુંગળી અને લસણના ભાવ વધ્યા હોવા છતાં કેટલીક શાકભાજીના ભાવમાં ઘટાડો નોંધાયો છે. ઓગસ્ટમાં ટામેટાના ભાવમાં 31.09%નો ઘટાડો થયો છે.

### ફેડરલ રિઝર્વની 15-16ની મીટિંગમાં વ્યાજદર વધે છે કે કેમ તેના પર સૌની નજર રહેશે

## યુદ્ધ અને ઓઈલ, ફેડની મીટિંગ, ફુગાવાના ડેટા એફઆઈઆઈ માર્કેટને દિશા આપશે

### સંજોગોમાં જો ફેડ વ્યાજદર વધારશે તો આરબીઆઈ તેની આગામી પોલિસી મીટિંગમાં વ્યાજદર વધારે તેવી શક્યતા પ્રબળ બનશે

**નવી દિલ્હી**

ઈરાન યુદ્ધ, ક્રૂડ ઓઈલમાં ભડકો, ભારતથી લઈને અમેરિકા સુધી વધતી મોંઘવારી, બોન્ડ યીલ્ડમાં વધારો, વગેરે અનેક નેગેટિવ પરિબળો હાવિ છે ત્યારે માર્કેટમાં સ્વાભાવિક રીતે જ નેગેટિવ સેન્ટિમેન્ટ છે. સેન્સેક્સ-નિફ્ટીએ ગત સપ્તાહે અનેક મહત્વના સપોર્ટ તોડી નાખ્યા છે. આ તમામ વચ્ચે બ્રિક્સ સમિટ મહત્વનું પોઝિટિવ ફેક્ટર છે. ભારત-રશિયા-ચીનની ત્રિપુટી એક સાથે આવતા ટ્રમ્પના ટાંટીયા ધ્રુજવા માંડ્યા હશે. આમ પણ અમેરિકામાં મિડ ટર્મ ચૂંટણી નવેમ્બરમાં આવી રહી છે અને ટ્રમ્પે 'રેવડી'ની જાહેરાત પણ કરવા માંડી છે જે દર્શાવે છે કે તેમને તકલીફ તો ચોક્કસ પડી ગઈ છે.





હવે હાર્યો જુગારી બમણું રમે છે કે કેમ તે જોવાનું છે. આગામી સપ્તાહ ચાર સેશનનું રહેશે. સોમવારથી ગણેશોત્સવ શરૂ થઈ રહ્યો છે, જે નિમિત્તે ગણેશ ચતુર્થીને સોમવારે માર્કેટ બંધ રહેશે. આથી આગામી સપ્તાહે ગણેશજીની કૃપા રહે છે કે તેમની ઈચ્છા તે પણ જોવાનું રહેશે. અમેરિકન ફેડરલ રિઝર્વની ઓપન માર્કેટ કમિટી (FOMC) ની મીટિંગ 15-16 સપ્ટેમ્બરે યોજાશે જેના પર સમગ્ર વિશ્વના બજારોની નજર રહેશે. અમેરિકામાં ફુગાવાનો દર વધ્યો છે અને યુદ્ધના ખર્ચનો બોજ પણ વધ્યો છે. વળી, ટ્રમ્પે ચૂંટણીલક્ષી 'રેવડી'ની જાહેરાત કરી છે તે જોતા ફુગાવો હજી વધશે. એટલે જ ફેડરલ રિઝર્વના ચેરમેન કેવિન વાર્શે વ્યાજદર વધારાનો સંકેત આપ્યો છે. બોન્ડ માર્કેટ પણ આવા જ સંકેતો આપી રહ્યું છે. અમેરિકા અને વિશ્વના દેશોના બજારો આ નિર્ણયને આધારે રિએક્ટ કરશે. ઘરઆંગણે આગામી સપ્તાહે ઘરઆંગણે ઓગસ્ટ મહિનાના રિટેલ ફુગાવાના ડેટા 14મીને સોમવારે જાહેર થશે જેના પર ખાસ નજર રહેશે. મોટાભાગના અર્થશાસ્ત્રીઓના મતે ફુગાવાનો દર વધશે અને 5 ટકા આસપાસ આવશે. આવા સંજોગોમાં જો ફેડ વ્યાજદર વધારશે તો આરબીઆઈ તેની આગામી પોલિસી મીટિંગમાં વ્યાજદર વધારે તેવી શક્યતા પ્રબળ બનશે. ઈરાન યુદ્ધ અને હોર્મુઝની સમસ્યા ફરી વણસી ગઈ છે. સામ-સામા હુમલા વધી ગયા છે. હોર્મુઝની ખાડીની નજીક આવેલા ક્વેશમ ટાપુ પર શનિવારે હુમલો થયો હોવાનું ઈરાનના મીડિયાએ કહ્યું હતું.

### ટ્રમ્પે કહ્યું- અમે ચીનથી આગળ, જે AIની રેસ જીતશે, તે જ દુનિયા પર રાજ કરશે

## ચીને AI ડેવલપમેન્ટ ધીમું કરવાને અમેરિકાની ખતરનાક ચાલ ગણાવી

**મુંબઇ**

એન્થ્રોપિકના સીઈઓ ડારિયો અમોદેઈના AI ડેવલપમેન્ટની ગતિ ધીમી કરવાના પ્રસ્તાવને ચીને 'કોલ્ડ વોર પ્લેબુક' ગણાવ્યો છે. ચીની અખબારે કહ્યું કે સુરક્ષાના નામે AIની ગતિ રોકવાની માંગ અમેરિકાના ટેકનિકલ એકાધિકારને જાળવી રાખવાનું એક ષડયંત્ર છે. ટ્રમ્પ બોલ્યા- કેટલાક લોકો કારણ વગરનો ડર પેદા કરી રહ્યા છે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે કેટલાક લોકો કારણ વગરનો ડર પેદા કરી રહ્યા છે. ટ્રમ્પે કહ્યું, "અમે AI ના મામલે ચીનથી આગળ છીએ. અમે દુનિયામાં સૌથી આગળ છીએ અને હું તેને આમ જ રાખવા માંગુ છું, કારણ કે જે AIની રેસ જીતશે, તે જ દુનિયા પર રાજ



કરશે." ડારિયો અમોદેઈએ એક લેખમાં AI બનાવવાની ગતિ થોડી ધીમી કરવાની સલાહ આપી છે. તેમનું કહેવું છે કે તેનાથી AI સાથે સંકળાયેલા જોખમોને સમજવા અને તેનો સામનો કરવાનો સમય મળી જશે. OpenAIના CEO સેમ ઓલ્ટમેન અને ઈલોન મસ્કે પણ આ વાતને સમર્થન આપ્યું છે. ડારિયોએ અમેરિકી સરકાર પાસે માંગ કરી હતી કે ચીનને મોકલવામાં આવતી કમ્પ્યુટર ચિપ્સ પર વધુ સખ્તાઈ કરવામાં આવે. મોડેલ ડિસ્ટિલેશન પર પણ રોક લગાવવામાં આવે. મોડેલ ડિસ્ટિલેશનનો અર્થ છે કે અમેરિકાના મોંઘા અને એડવાન્સ્ડ AI મોડેલમાંથી પ્રશ્ન-જવાબનો ડેટા લઈને ઓછા ખર્ચે અને ઓછા સમયમાં પોતાનું નવું AI તૈયાર કરી લેવું. ચીનની ઘણી લેબ્સ આવું કરી રહી છે. ડારિયોએ એક ઈન્ટરવ્યુમાં સ્વીકાર્યું કે જો અમેરિકા ગતિ ધીમી કરે છે અને ચીન આવું કરતું નથી, તો આ સૌથી મોટો પડકાર હશે. ચીનના સરકારી અખબાર 'ગ્લોબલ ટાઈમ્સ'એ લખ્યું કે ડારિયો અમોદેઈનો અસલી હેતુ AI નિયમોનું બહાનું બનાવીને ચીનના ટેક ડેવલપમેન્ટને રોકવાનો છે.

## આ અઠવાડિયે 5 IPOમાં રોકાણની તક

- **SS રિટેલ અને જિંદાલ સુપ્રીમમાં 30% લિસ્ટિંગ ગેઇનનો અંદાજ, NSE પર પણ ઇન્વેસ્ટરોની નજર**

**મુંબઇ**

આ અઠવાડિયે પ્રાઈમરી માર્કેટમાં 5 મોટી કંપનીઓ IPO લઈને આવી રહી છે. તેમાં NSE, હીરો મોટર્સ, SS રિટેલ, જિંદાલ સુપ્રીમ અને સોનાસિલેક્શનનો સમાવેશ થાય છે. આ IPOs દ્વારા બજારમાંથી કુલ 24,000 કરોડ રૂપિયાથી વધુ ભંડોળ એકત્ર કરવામાં આવશે.




NSEનો ઈશ્યૂ સૌથી મોટો છે. NSE એટલે કે નેશનલ સ્ટોક એક્સચેન્જનો IPO 17 સપ્ટેમ્બરના રોજ ખુલશે અને 21 સપ્ટેમ્બરના રોજ બંધ થશે. કંપનીએ તેના IPOનો પ્રાઈસ બેન્ડ 1,700 થી 1,785 પ્રતિ શેર નક્કી કર્યો છે. અપર પ્રાઈસ બેન્ડ મુજબ રોકાણકારોએ એક લોટ માટે 14280નું રોકાણ કરવું પડશે. આ ઈશ્યૂ સંપૂર્ણપણે ઓફર ફોર સેલ (OFS) છે. તેમાંથી મળેલા તમામ પૈસા શેર વેચનારા હાલના શેરધારકોને મળશે, કંપનીને કોઈ ભંડોળ મળશે નહીં. અગાઉ DRHPમાં 14.9 કરોડ શેર વેચવાનો પ્રસ્તાવ હતો.

ગણપતિ બાપ્પાના આશીર્વાદથી સત્ય અને જન-સેવાના માર્ગે 'પાક્કો ગુજરાત'નો બુલંદ અવાજ

# ધાની મીડિયા પરિવારે નિવાસસ્થાને વિધિ-વિધાન સાથે વિઘ્નહર્તા શ્રી ગણેશજીની કરી સ્થાપના



અમદાવાદ

બુદ્ધિ, સિદ્ધિ અને સમૃદ્ધિના દાતા, વિઘ્નહર્તા ભગવાન શ્રી ગણેશજીના આગમનથી ચારેય તરફ ભક્તિ અને ઉલ્લાસનો માહોલ છે. આ પાવન પ્રસંગે ધાની મીડિયા ગ્રુપના ગ્રુપ એડિટર શ્રી પવન માકનજી તથા મહાનગર મેટ્રો ન્યૂઝના એડિટર શ્રીમતી સરબજીત માકનજીએ પોતાના પરિવાર સાથે નિવાસસ્થાને પૂર્ણ વિધિ-વિધાન, મંત્રોચ્ચાર અને અપાર શ્રદ્ધા સાથે ગણપતિ બાપ્પાની મૂર્તિની સ્થાપના કરી હતી.

ગણેશ ચતુર્થીના શુભ પ્રસંગે માકન પરિવારે પ્રથમ પૂજ્ય શ્રી ગણેશજીનું આહ્વાન કરી તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. આ દરમિયાન માકન પરિવારની મોટી દીકરીઓ ધાની માકન, સાચી માકન, આંશી માકન અને નાના દીકરા કુંવરજીત માકનએ બાપ્પાના ચરણોમાં શીશ નમાવી આશીર્વાદ મેળવ્યા હતા અને પોતાની મનોકામનાઓ પૂર્ણ કરવા પ્રાર્થના કરી હતી. ગ્રુપ એડિટર પવન માકનજી અને એડિટર સરબજીત માકનજીએ વિઘ્નહર્તા બાપ્પા સમક્ષ દેશવાસીઓ અને સમગ્ર ગુજરાતના લોકો માટે ઉત્તમ સ્વાસ્થ્ય, સુખ, સમૃદ્ધિ અને શાંતિની કામના કરી હતી.

**દેશ-રાજ્યની સુખ-સમૃદ્ધિ, નિષ્પક્ષ પત્રકારત્વ અને ખેડૂતોનો અવાજ બુલંદ કરવાનો લીધો સંકલ્પ**

આ આયોજન માત્ર એક ધાર્મિક અનુષ્ઠાન ન બની રહેતા ધાની મીડિયા પરિવાર માટે પોતાની સામાજિક અને નૈતિક જવાબદારીઓને પુનઃ દોહરાવવાનો અવસર બન્યો હતો. ભગવાન શ્રી ગણેશજીના સાનિધ્યમાં 'પાક્કો ગુજરાત' અખબાર અને ધાની મીડિયા પરિવારે સંપૂર્ણ નિષ્ઠાથી પત્રકારત્વ ધર્મ નિભાવવાનો સંકલ્પ લીધો હતો.

વાચકો સુધી હંમેશા સાચા, સચોટ અને નિષ્પક્ષ સમાચાર પહોંચાડવા. કોઈપણ ભય કે દબાણ વગર સત્યને ઉજાગર કરવું એ જ 'પાક્કો ગુજરાત'ની પ્રથમ ફરજ રહેશે.

ખેડૂતો અને જગતના તાતનો બુલંદ અવાજ: દેશ અને ગુજરાતની શાન એવા ખેડૂતોની સમસ્યાઓ, પ્રશ્નો અને સંઘર્ષોને વાચા આપવી. ખેડૂતોનો અવાજ શાસન અને વહીવટીતંત્ર સુધી પહોંચાડવા માટે એક મજબૂત મંચ બનવું.

જન-સરોકાર અને નિર્ભીક કલમ: પત્રકારત્વના ઉચ્ચ માપદંડો જાળવી રાખીને સમાજના છેવાડાના માનવીનો અવાજ બનવું. જનહિતના મુદ્દાઓ પર નિડરતાથી કલમ ચલાવવી.

ધાની મીડિયા પરિવારમાં આ પ્રસંગે અત્યંત ઉત્સાહ અને મંગલમય વાતાવરણ જોવા મળ્યું હતું. સમગ્ર ટીમે બાપ્પાના આશીર્વાદ સાથે 'પાક્કો ગુજરાત' અખબારને સત્ય અને ન્યાયના માર્ગે આગળ ધપાવવાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

'પત્રકારત્વ એ માત્ર વ્યવસાય નથી, પરંતુ સમાજ પ્રત્યેની નિષ્ઠા અને સત્યની સ્થાપના કરવાનો પાવન ધર્મ છે. વિઘ્નહર્તા બાપ્પા આપણને સૌને સદાય સત્ય અને ન્યાયના માર્ગે ચાલવાની શક્તિ આપે.'

**— પવન માકન (ગ્રુપ એડિટર, ધાની મીડિયા)**

## સંક્ષીપ્ત સમાચાર

### સરખેજમાં 17 વર્ષીય વિદ્યાર્થિનીનો ગળેફાંસો ખાઈ આપઘાત : CCTV આધારે ગુનો દાખલ

અમદાવાદ શહેરના સરખેજ વિસ્તારમાં ધોરણ-12 કોમર્સમાં અભ્યાસ કરતી 17 વર્ષીય સગીરાએ ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવી લેતાં ભારે ચકચાર મચી ગઈ છે. સગીરાને તેની સાથે જ ભણતા સગીર વયના સહાધ્યાયી સાથે પ્રેમસંબંધ બંધાયો હતો. આ પ્રેમસંબંધથી નારાજ સગીરની માતાએ સગીરાના ઘરે પહોંચી ભારે હોબાળો મચાવી 'જો સાચો પ્રેમ કરતી હોય તો લટકી જા' કહી માનસિક ત્રાસ ગુજાર્યો હતો. આ સમગ્ર ઘટનાક્રમના ઓડિયો અને સીસીટીવી ફૂટેજ સામે આવ્યા બાદ સરખેજ પોલીસે સગીરની માતા વિરુદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે. મૃતક સગીરા ધોરણ-12 કોમર્સની વિદ્યાર્થિની હતી અને તેની સાથે અભ્યાસ કરતા સગીર સાથે તેનો પ્રેમસંબંધ હતો.

### સાણંદ પોલીસે ફ્લેટમાંથી છૂટક વેચાણ કરતા એક આરોપીને પકડયો અને એક વોન્ટેડ જાહેર કરાયો

અમદાવાદ જિલ્લાના સાણંદ ટાઉન પોલીસે સુંદરમ ફ્લેટમાં દરોડો પાડીને દારૂનો મોટો જથ્થો ઝડપ્યો છે. પોલીસે મીટર રૂમમાં સંતાડેલો ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બીયરનો જથ્થો જપ્ત કર્યો હતો. આ દરોડામાં કુલ 1.43 લાખ રૂપિયાનો મુદ્દામાલ મળ્યો છે. પોલીસે ફ્લેટમાં જ વિદેશી દારૂનું છૂટક વેચાણ કરતા ભરતસિંહ ઉર્ફે મામા ભીખુભા વાઘેલાની ધરપકડ કરી છે. તે સુંદરમ એપાર્ટમેન્ટના સી/૬૦૭ નંબરના ફ્લેટમાં રહે છે.આ કેસમાં દિગ્વિજયસિંહ ઉર્ફે ડીગો વિક્રમસિંહ ચાવડા નામનો અન્ય એક આરોપી વોન્ટેડ જાહેર કરાયો છે. તે પણ સુંદરમ ફ્લેટમાં રહે છે. આરોપીઓ પોતાના ફ્લેટની બોરની ઓરડીમાં આવેલા મીટર રૂમમાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખતા હતા. ત્યાંથી તેઓ દારૂનું છૂટક વેચાણ કરતા હતા.

### વસ્ત્રાલમાં તોડબાજી કરતી ગેંગનો ચોંકાવનારો કિસ્સો, દેહ વેપારના ખોટા કેસનો ડર બતાવી યુવકને લૂંટ્યો

અમદાવાદમાં નકલી પોલીસ બની પૈસા પડાવતી ગેંગનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. વસ્ત્રાલમાં રહેતા મહેશભાઈ યાદવ 7 સપ્ટેમ્બરે લાંભાના બળિયાદેવ મંદિરે દર્શન કરી બહાર નીકળતા હતા. ત્યારે રિક્ષામાં આવેલા 2 શખ્સોએ તેમને ક્રાઈમ બ્રાન્ચના અધિકારી તરીકે ઓળખ આપી. દેહવેપારનો આરોપ મૂકી, બદનામ કરવાની ધમકી આપી, પાકીટમાંથી ઓળખપત્ર લઈ લીધું. ત્યારબાદ નારોલ વિસ્તારની દુકાનો પર 62,620 ઓનલાઈન ટ્રાન્સફર કરાવી રોકડા પડાવી લીધા. પત્નીની હિંમત બાદ નારોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. અમદાવાદ શહેરમાં નકલી પોલીસ બનીને નિર્દોષ લોકોને ડરાવી-ધમકાવીને નાણાં પડાવતી ગેંગનો વધુ એક સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે.

### ઇસનપુરમાં શેરબજાર અને IPOમાં રોકાણના નામે વૃદ્ધા સાથે રૂ.3.68 લાખનું ઓનલાઇન ફ્રોડ

અમદાવાદના ઈસનપુર વિસ્તારમાં રહેતા 74 વર્ષીય વૃદ્ધા શેરબજાર અને IPOમાં ઊંચા વળતરની લાલચમાં આવી અજાણ્યા શખ્સોનો શિકાર બન્યા હતા. ઠગ ટોળકીએ આ વૃદ્ધા પાસેથી કુલ 3.68 લાખ પડાવી લઈ છેતરપિંડી આચરી હતી. ફેસબુક લિંક દ્વારા સંપર્ક સ્થાપી, ફેક એપ્લિકેશનમાં નફો બતાવી અને ત્યારબાદ પ્રોફિટ વિડ્રોઅલ કરવા માટે બ્રોકર ફી તથા ટેક્સ પેટે નાણાં પડાવી આ છેતરપિંડી કરવામાં આવી હતી. આ મામલે ઈસનપુર પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. ઈસનપુરમાં સરદાર પટેલ સ્કૂલ પાસે આવેલા જેસીંગભાઈ પાર્કમાં રહેતા 74 વર્ષીય વિદ્યાબહેન દામોદર સાઠે ગત 7 જુલાઈ, 2026ના રોજ ફેસબુક પર શેરબજાર ઈન્વેસ્ટમેન્ટ સંબંધિત એક લિંક જોઈ રહ્યા હતા. આ લિંક ઓપન કરતાં જ તેમને કિયારા મહેતા નામે એક વોટ્સએપ નંબર મળ્યો હતો.

### સાબરમતી ટર્મિનલની નવી બિલ્ડિંગમાં કોપરની પાઈપો ચોરાતા 4-5 દિવસથી AC બંધ, પેસેન્જર હેરાન

અમદાવાદના સાબરમતી ટર્મિનલ (SBIB) સ્ટેશન પર અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ તૈયાર કરવામાં આવેલી ભવ્ય મુખ્ય બિલ્ડિંગમાં છેલ્લા 4-5 દિવસથી તમામ એર કન્ડિશનિંગ સિસ્ટમ ઠપ્પ થઈ ગઈ છે. ચાલુ ઉનાળામાં એસી બંધ થઈ જતાં મુસાફરો અને રેલવે કર્મચારીઓને ભારે ગરમી અને શેકાવાનો વારો આવ્યો છે. ખાસ કરીને એસી વેટિંગ રૂમમાં બેસતા પેસેન્જરો માટે સ્થિતિ વધુ કફોડી બની છે. મળતી માહિતી મુજબ, સ્ટેશનની મુખ્ય બિલ્ડિંગના ઉપરના ભાગેથી એસી સિસ્ટમમાં વપરાતા કિંમતી કોપર (તાંબાના) પાઈપો કાપીને ચોરી કરી જવાની ઘટના બની હોવાનું સામે આવ્યું છે. કોપર પાઈપ ગાયબ થઈ જતાં બિલ્ડિંગના અનેક એર કન્ડિશનિંગ યુનિટ્સ એકસાથે બંધ થઈ ગયા છે. જોકે, આ અંગે રેલવે તંત્ર દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર સ્પષ્ટતા કે નિવેદન આપવામાં આવ્યું નથી.

110 કિલો માંસ સાથે બે પકડાયા

## નારોલમાં રહેણાંક મકાનમાં ગેરકાયદે કતલખાનું ઝડપાયું

અમદાવાદ

અમદાવાદના નારોલ વિસ્તારમાં એક સામાન્ય રહેણાંક મકાનમાં ગેરકાયદેસર રીતે ચાલતા કતલખાના પર પોલીસે દરોડો પાડીને મોટો પર્દાફાશ કર્યો છે. નારોલ પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે તેમને ચોક્કસ બાતમી મળી હતી કે, બાગે કૌશર બી.કે. સ્કૂલ સામે આવેલા ન્યુ મુસ્કાન નગરના મકાન નંબર 11માં બહારથી પશુઓ લાવીને ગેરકાયદે કતલ કરવામાં આવે છે. આ બાતમીના આધારે પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. બાતમી મળતા જ નારોલ પોલીસે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના સેનેટરી ઈન્સ્પેક્ટર બી.આઈ. બાવા અને પંચોને સાથે રાખીને પેલા મકાનમાં દરોડો પાડ્યો હતો. મકાનમાં તપાસ કરતા પોલીસને ત્યાંથી લોખંડનો છરો, છરી, કુહાડી, ડિસમિસ જેવા કતલ કરવા માટે વપરાતા હથિયારો મળી આવ્યા હતા. આ ઉપરાંત, મકાનમાંથી 110 કિલો માંસ પણ મળી આવ્યું હતું. આ માંસના નમૂના લઈ એફએસએલ (FSL)માં તપાસ માટે મોકલવામાં આવ્યા હતા, જ્યાં તે ભેંસ વંશનું હોવાનું સાબિત થયું હતું. મકાનની પાછળની ગેલેરીમાં તપાસ કરતા ત્યાં કોઈ પણ ઘાસચારા કે પાણી વિના બાંધેલી એક જીવિત ભેંસ અને એક નાનું પાડું મળી આવ્યા હતા. પોલીસે આ બંને મૂંગા પશુઓને ક્રૂરતામાંથી મુક્ત કરાવ્યા હતા. સ્થળ પરથી મળી આવેલા રૂ. 33,000ની કિંમતના 110 કિલો માંસનો પોલીસે સેનેટરી ઈન્સ્પેક્ટરની હાજરીમાં કેરોસીન અને ફિનાઈલ નાખીને નાશ કરાવ્યો હતો.

આ ઉપરાંત, પોલીસે રૂ. 10,000નો મોબાઈલ અને કતલના સાધનો સહિત કુલ રૂ. 43,000નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ ગેરકાયદે પ્રવૃત્તિમાં સામેલ મોહમદ શાહરૂખ કુરેશી અને મોહમદ સલમાન કુરેશી નામના બે આરોપીઓની પોલીસે ધરપકડ કરી છે. પૂછપરછમાં આરોપીઓએ કબૂલાત કરી હતી કે તેઓ 12 સપ્ટેમ્બરના રોજ કઠલાલ ખાતે રહેતા સહેજાદ કુરેશી પાસેથી રૂ. 72,000માં ત્રણ પશુ લાવ્યા હતા અને સવારે એક પશુની કતલ કરી હતી.

## સોસાયટીમાં રાત્રે આવી ત્રાસ ગુજારતી મહિલાને અભયમનો આશરો

અમદાવાદ, સમીર પટેલ

અમદાવાદ પૂર્વ વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં ભાઈ-ભાભી સાથે ભાડાના મકાનમાં રહેતી મહિલાનું 8-9 મહિના બાદ મકાન ખાલી કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ મહિલા વારંવાર રાત્રિના સમયે સોસાયટીમાં આવી રહીશોને હેરાન કરતી, ગાડીઓના કાચ ફોડતી અને પથ્થર મારતી હોવાની ફરિયાદો ઉઠી હતી. મહિલાના વર્તનથી પરેશાન સોસાયટીના રહીશોએ અંતે 181 અભયમની મદદ લીધી હતી. રહીશોનો કોલ મળતાં 181 અભયમની ટીમ સ્થળે પહોંચી હતી. રહીશોએ જણાવ્યું હતું કે, મહિલા અગાઉ તેના ભાઈ-ભાભી સાથે અહીં ભાડે રહેતી હતી. ઘરમાં વારંવાર ઝઘડા થતાં મકાનમાલિકે મકાન ખાલી કરાવ્યું હતું. ત્યારથી મહિલા સોસાયટીમાં આવી રહીશોને પરેશાન કરતી હતી. તે બાળકોને પથ્થર મારવાની ધમકી પણ આપતી હતી. અભયમ ટીમે મહિલાનું કાઉન્સેલિંગ કર્યું હતું. પરિવારજનોએ મહિલાને પોતાની સાથે રાખવાની જવાબદારી સ્વીકારી ન હતી.

બારીમાંથી હાથ હલાવી બૂમો પાડતા બાળકોનો વીડિયો વાયરલ!

## બોપલ-શેલામાં વરસાદી પાણીમાં ફસાઈ સ્કૂલ બસ




અમદાવાદ

અમદાવાદમાં ભારે વરસાદ વચ્ચે બોપલ-શેલાના ક્લબ O7 નજીક 'એકલવ્ય સ્કૂલ'ની બસ પાણીમાં ફસાઈ હતી. પ્રાથમિક શાળાના નાના બાળકોને લઈ જતી બસ ઊંડા પાણીમાં બંધ પડતાં અફરાતફરી મચી હતી. ભયભીત બાળકો બારીઓમાંથી મદદ માટે બૂમો પાડતા જોવા મળ્યા, જેનો વીડિયો વાઈરલ થયો. જોકે, શાળા તંત્રએ તાત્કાલિક બીજી બસ મોકલી તમામ બાળકોને સુરક્ષિત રીતે ઘરે પહોંચાડ્યા હતા.

અમદાવાદ શહેરમાં વરસેલા ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. આ દરમિયાન બોપલ-શેલા વિસ્તારમાંથી વાલીઓની ચિંતા વધારતા દ્રશ્યો સામે આવ્યા હતા. અહીં ક્લબ O7 (Club O7) નજીક ભરાયેલા વરસાદી પાણીમાં 'એકલવ્ય સ્કૂલ'ની બસ બંધ પડી જતાં નાના બાળકો ફસાઈ ગયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, એકલવ્ય સ્કૂલની બસ પ્રાથમિક શાળાના નાના બાળકોને લઈને પસાર થઈ રહી હતી. આ દરમિયાન ક્લબ O7 પાસે રસ્તા પર ભરાયેલા ઊંડા પાણીમાં બસ અચાનક બંધ પડી ગઈ હતી. બસ બંધ પડતાં જ અંદર સવાર માસુમ બાળકો ભયભીત થઈ ગયા હતા.

ઘટના સમયે ત્યાંથી પસાર થતાં એક સ્થાનિક નાગરિકે આ સમગ્ર બનાવનો વીડિયો પોતાના મોબાઈલમાં કેદ કરી લીધો હતો. આ વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે બાળકો બસની બારીઓમાંથી બહાર હાથ હલાવીને બૂમો પાડી રહ્યા હતા.

ગાડીમાંથી 'પોલીસ'ની પ્લેટ મળતાં મોટો ધમાકો!

## અમદાવાદના બોપલમાં દારૂડિયા કાર ચાલકનો તાંડવ: 5થી વધુ વાહનોને ઉડાવ્યા

અમદાવાદ

અમદાવાદના પોશ વિસ્તાર ગણાતા બોપલમાં મોડી રાત્રે દારૂના ચિક્કાર નશામાં ધૂત એક બેફામ કારચાલકે કાળો કેર વર્તાવ્યો છે. રાત્રિના અંદાજે ૧૧:૩૦ વાગ્યાના સુમારે બોપલ બ્રિજથી સરકારી ટ્યુબવેલ તરફ જતા માર્ગ પર GJ-38-BD-7614 નંબરની ગાડી લઈને નીકળેલા રાક્ષસી ચાલકે રસ્તા પર જે દેખાયું તેને અડફેટે લઈને ભારે અફરાતફરી મચાવી દીધી હતી. શાંત રાત્રિના સમયે અચાનક સર્જાયેલા આ ભયાનક અકસ્માતને કારણે સમગ્ર વિસ્તારમાં ચીસાચીસ અને નાસભાગ મચી ગઈ હતી. નશાની ધૂનમાં અંધ બનેલા કારચાલકે કાર પરનો કાબૂ સંપૂર્ણપણે ગુમાવી દીધો હતો. તેણે માર્ગ પર લાઈનસર જઈ રહેલા ૩ ટુ-વ્હીલર અને ૨ ચાર પૈડાંવાળી કાર સહિત ૫થી વધુ વાહનોને એકપછી એક જોરદાર ટક્કર મારીને ઉડાવી દીધા હતા. વાહનોના કુરચેકુરચા બોલી ગયા હતા અને કેટલાય રાહદારીઓ તથા વાહનચાલકો રસ્તા પર પટકાતાં ગંભીર રીતે ઘવાયા હતા. જેવો આ ભયાનક અકસ્માત સર્જાયો કે તરત જ કારમાં બેસેલો એક શખ્સ પોતાની ચામડી બચાવવા સ્થળ પરથી અંધારાનો લાભ ઉઠાવીને ફરાર થઈ ગયો હતો. જોકે, સ્થળ પર હાજર હિંમતવાન સ્થાનિક લોકો અને રાહદારીઓએ ત્વરિત કડક વલણ અપનાવીને દારૂના નશામાં ચૂર થઈને સીટ પરથી હાલકડોલક થતાં કારચાલકની ઘેરાબંધી કરી તેને સ્થળ પર જ પકડી પાડ્યો હતો. ઘટના બાદ જ્યારે અકસ્માત સર્જનાર ગાડીની તપાસ કરવામાં આવી ત્યારે તેમાંથી 'પોલીસ' લખેલી નેમ પ્લેટ મળી આવતાં ઉપસ્થિત લોકોમાં રોષનો વિસ્ફોટ થયો હતો. પ્રાથમિક તબક્કે અકસ્માત સર્જનાર શખ્સ પોલીસકર્મી હોવાની વાતો વાયુવેગે પ્રસરી જતાં ખાખી વર્ધી સામે ગંભીર સવાલો ઊભા થયા હતા. જોકે, ઘટનાની જાણ થતાં જ દોડી આવેલી પોલીસે આ મામલે તાત્કાલિક તપાસ હાથ ધરીને સ્થિતિ સ્પષ્ટ કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, પકડાયેલો કારચાલક કણેટી ગામનો પ્રદ્યુમનસિંહ વાઘેલા છે અને તે કોઈ પોલીસકર્મી નથી, પરંતુ પોતાની ગાડીમાં પોલીસની પ્લેટ લગાવીને ફરતો હતો.

લો બોલો... મહંમદપુરામાં તો ઊંધું જ ગણિત ચાલે છે!

## પાણી ગટરમાં જવાને બદલે બહાર ઉભરાય છે... વાહ AMC વાહ!

અમદાવાદ

તંત્ર જ્યારે કાગળ પર 'સ્માર્ટ સીટી'ના કાસિદા વાંચવામાં વ્યસ્ત હોય, ત્યારે જમીની હકીકત કંઈક અલગ જ ચાડી ખાતી હોય છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના એન્જિનિયરોની 'અદભુત' બુદ્ધિ અને કામગીરીનો એક નમૂનો હાલ મહંમદપુરા વિસ્તારમાં જોવા મળી રહ્યો છે. અહીં તંત્રનું એવું ઊંધું ગણિત ચાલે છે કે, વરસાદ કે વપરાશનું પાણી ગટરની અંદર જવાને બદલે ગટરમાંથી ઉભરાઈને રસ્તા પર આવી રહ્યું છે! મહંમદપુરાના મુખ્ય રસ્તાઓ અને સોસાયટીઓના નાકા પર હાલમાં પરિસ્થિતિ એવી છે કે ગટરના ઢાંકણાંમાંથી ગંદુ અને દુર્ગંધયુક્ત પાણી બુસ્ટર પંપની જેમ બહાર ફેંકાઈ રહ્યું છે.



સામાન્ય નિયમ એવો હોય કે રસ્તાનું પાણી ગટરમાં જાય, પણ મહંમદપુરામાં AMCના અધિકારીઓએ એવો 'કમાલ' કર્યો છે કે ગટર પોતે રસ્તા પર પાણી ખાલી કરી રહી છે!

ગંદા પાણીના ભરાવાના કારણે આસપાસના રહેવાસીઓ અને રાહદારીઓનું જીવવું હરામ થઈ ગયું છે. મચ્છરોનો ઉપદ્રવ એટલો વધી ગયો છે કે ઘરોમાં રહેવું મુશ્કેલ બન્યું છે. દુકાનો આગળ ગંદુ પાણી ભરાયેલું રહેતા ગ્રાહકો આવતા બંધ થઈ ગયા છે અને રહેવાસીઓને પોતાના જ ઘરની બહાર નીકળવા માટે ગંદા પાણીમાંથી ચાલીને જવું પડે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન નાગરિકો પાસેથી સમયસર ડ્રેનેજ ટેક્સ, પ્રોપર્ટી ટેક્સ અને સફાઈ વેરો પૂરેપૂરો વસૂલી લે છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI